


મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 150 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ આષાઢ સુદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 June 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26
R.N.I. No. 1563/1957 ★
૨૦૩ વર્ષ
દૈનિક
ગુરુવાર, ૨૬ જૂન ૨૦૨૫, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મુંબઈ સમાચાર

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA
GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

# ભારતના શુભાંશુનું અંતરિક્ષગમન

## દેશની અંતરિક્ષમાં ઐતિહાસિક સિદ્ધિ: બીજા અવકાશયાત્રીને સ્પેસમાં મોકલ્યા

ફ્લોરિડા: ભારતના અવકાશયાત્રી શુભાંશુ શુકલા અને અન્ય ત્રણ અવકાશયાત્રીને લઇને ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન જવા માટેનું મિશન બુધવારે અહીંથી ઊપડ્યું હતું. તેઓ ૨૮ કલાકના પ્રવાસ બાદ ભારતીય સમય મુજબ ગુરુવારે બપોરે ૪.૩૦ વાગ્યે ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન ખાતે પહોંચવાની આશા છે.

લખનઊમાં જન્મેલા શુભાંશુ શુકલા અંતરિક્ષમાં જનારા બીજા ભારતીય બન્યા છે. અગાઉ, રાકેશ શર્મા ૪૧ વર્ષ પહેલાં એટલે કે ૧૯૮૪માં સોવિયેત રશિયાના સોયુઝ અવકાશયાનમાં બેસીને અંતરિક્ષમાં ગયા હતા.

'એક્સિઓમ-ફોર' મિશનના બધા ગ્રાહક વિવિધ દેશોની સરકાર જ છે. અવકાશયાનને ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરના લૉન્ચ કૉમ્પ્લેક્ષ ખાતેથી અંતરિક્ષમાં મોકલાયું હતું. તેમાં ભારતના શુભાંશુ શુકલ પાઇલટ છે, જ્યારે કમાંડર પેગી ઉપરાંત નિષ્ણાતો - હંગેરીના ટીગર કાપુ અને પોલૅન્ડના સ્લાવોઝ ઉઝનાન્સ્કી-વિસ્નીવસ્કી છે.

ભારત, પોલૅન્ડ અને હંગેરી માટે મહત્ત્વનું ગણાતું આ ૧૪ દિવસનું અવકાશી મિશન અમેરિકાના નેશનલ ઍરૉનૉટિક્સ ઍન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)ના ફ્લોરિડામાં આવેલા કેનેડી સ્પેસ સેન્ટર ખાતેથી ઊપડ્યું હતું.

અગાઉ, ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો)ના અધ્યક્ષ વી. નારાયણે જણાવ્યું હતું કે ફ્લોરિડામાં સ્પેસપોર્ટ ખાતે આ પહેલા હવામાન ખરાબ હોવાથી, અવકાશયાનમાંથી પ્રવાહી ઑક્સિજનના ગળતરને લીધે અને (જુઓ પાનું ૨) ▶▶

## કચ્છમાં ભૂકંપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભૂકંપ ઝોન-૫માં સમાવાયેલા કચ્છમાં વિનાશક ધરતીકંપ આવ્યાના ૨૪ વર્ષે પણ ભૂગર્ભીય સળવળાટ સતત યથાવત રહ્યો છે. વરસાદી માહોલ વચ્ચે બુધવારે વહેલી સવારે ૬ અને ૫૦ મિનિટે વાગડ ફોલ્ટલાઇનમાં ઉદભવેલા ૩.૨ની તીવ્રતા ધરાવતા ભૂકંપના આંચકાએ કચ્છની અશાંત ધરાને વધુ એકવાર ધ્રુજાવી હતી.

મધ્યમ કક્ષાના કંપન અંગે ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી (જુઓ પાનું ૨) ▶▶

## સીબીએસઈ: ધોરણ દસની પરીક્ષા વર્ષમાં બે વખત યોજાશે

નવી દિલ્હી : સેન્ટ્રલ બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)ના વિદ્યાર્થીઓ દસમા ધોરણની પરીક્ષા શૈક્ષણિક વર્ષમાં બે વાર આપી શકશે. જોકે આમાં ફેબ્રુઆરીના પ્રથમ તબક્કાની પરીક્ષા આપવી ફરજિયાત હશે, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. બીજો તબક્કો વૈકલ્પિક હશે અને આમાં જે વિદ્યાર્થીઓ તેમનો દેખાવ સુધારવા માગતા હોય એ સહભાગી થઈ શકશે.

સીબીએસઈએ દસમા ધોરણની પરીક્ષા વર્ષમાં બે વાર લેવાના નિયમોને બહાલી આપી હતી. નવી રાષ્ટ્રીય શિક્ષણ પદ્ધતિમાં આની ભલામણ કરવામાં આવી હતી.

સીબીએસઈના એકઝામિનેશન કંટ્રોલર સંયમ ભારદ્વાજે કહ્યું હતું કે પહેલો તબક્કો ફેબ્રુઆરીમાં અને બીજો તબક્કો મેમાં યોજાશે. પહેલા તબક્કાનું પરિણામ એપ્રિલ અને બીજા તબક્કાનું પરિણામ જૂનમાં બહાર પડાશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રથમ તબક્કામાં પરીક્ષા આપવાનું ફરજિયાત અને બીજા તબક્કામાં પરીક્ષા આપવાનું વૈકલ્પિક હશે. વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ગણિત, સમાજશાસ્ત્ર અને ભાષામાંથી કોઈ પણ ત્રણ વિષયમાં દેખાવ (જુઓ પાનું ૨) ▶▶

## પુણે મેટ્રો લાઈન માટે ₹ ૩,૬૨૬ કરોડ મંજૂર

નવી દિલ્હી : કેન્દ્રના પ્રધાનમંડળે પુણે મેટ્રો લાઈન-બે માટે ૩,૬૨૬ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે, એવી જાણકારી માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે આપી હતી. બુધવારે કેબિનેટે અનેક મહત્ત્વના નિર્ણયો લીધા હતા. કટોકટીની પચાસમી વરસી પર કટોકટી સામે એક ઠરાવ મંજૂર કરવામાં આવ્યો હતો.

વડા પ્રધન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ યોજાયેલી કેબિનેટ મીટિંગમાં કટોકટીના અતિરેકના ભોગ બનેલાઓને અંજલિ આપવા બે મિનિટનું મૌન રાખવામાં આવ્યું હતું. (જુઓ પાનું ૨) ▶▶

## મુંબઈ, અમદાવાદ, સુરતમાં ઈડીના દરોડા

### ૧૦૦ કરોડના સાયબર ફ્રોડ કેસમાં તપાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ બુધવારે મની લોન્ડરિંગ કેસની તપાસ હેઠળ ગુજરાત અને મહારાષ્ટ્રમાં રેડ પાડી હતી, આરોપીઓએ કથિત રીતે ડિજિટલ એરેસ્ટ જેવા સાયબર ગુના આચર્યા હતા અને ૧૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમને ગેરકાયદે રીતે વિદેશમાં ટ્રાન્સફર કરી હતી. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) ની જોગવાઈઓ હેઠળ તપાસ એજન્સીની અમદાવાદ ઝોનલ ઓફિસ દ્વારા ગુજરાતના સુરત અને અમદાવાદમાં અને મુંબઈમાં દરોડા પાડવામાં આવ્યા હતા. સૂત્રોએ (જુઓ પાનું ૨) ▶▶

## ઉત્તરાખંડ, જમ્મુ, કેરળમાં પૂર: મુંબઈનો ગુજરાતી લાપતા

ઉત્તરકાશી : ઉત્તરાખંડ, જમ્મુ અને કેરળમાં ભારે વરસાદથી પૂર આવ્યા હતા. યમુનોત્રીના માર્ગ પર ભેખડ ધસી પડી હતી અને એમાં મુંબઈના કમલેશ જેઠવા અને દિલ્હીના ભાવિકા શર્મા ગુમ થયા હતા. એનડીઆરએફએ શ્વાન પથક વડે બચાવ કામગીરી શરૂ કરી હતી. સોમવારે ભૂસ્ખલનને લીધે ટેકરીથી ભેખડ પાંચ જણ પર ધસી પડવાને પગલે દિલ્હીની ૧૧ વર્ષની ભાવિકા શર્મા અને મુંબઈના કમલેશ જેઠવા લાપતા થઈ ગયા હતા.

અગાઉ મુંબઈના યાત્રી રસિકને ઈજાગ્રસ્ત સ્થિતિમાં બચાવી લેવામાં આવ્યો હતો. સોમવારે રાત્રે કાટમાળમાંથી બે મૃતદેહ ખરાબ હાલતમાં બહાર કાઢવામાં આવ્યા હતા. આ બે મૃતકની ઓળખાણ ઉત્તર પ્રદેશના જૌનપુરના હરિશંકર (૪૭) અને તેમની આઠ વર્ષની બાળકી ખ્યાતિ તરીકે કરવામાં આવી છે. સોમવારે બપોરે ૯, કૈચી ભૈરવ મંદિર નામના વિસ્તારમાં ભૂસ્ખલન થયું હતું. આ મંદિર હિમાલય તરફના મંદિર તરફ જતા માર્ગમાં આવે છે. ભેખડ રોડ પરની રેલિન્ગ પર પડતાં યાત્રાળુઓ ખાઈમાં પડી ગયા હતા.

દરમિયાન જમ્મુ અને કાશ્મીરમાં અનેક વિસ્તારોમાં જોરદાર વરસાદ પડતા (જુઓ પાનું ૨) ▶▶

KokilabenHospital KDAHMumbai
www.kokilabenhospital.com
Kokilaben Dhirubhai Ambani
hospital & medical research institute
Every Life Matters
અમારૂ ઉત્કૃષ્ટ કેન્સર સેંટર
વધુ એક અત્યાધુનિક ટેક્નોલોજી ઉમેરે છે
ચોક્કસ રેડીયેશન મહત્તમ અસર
Radixact® સિસ્ટમ

વધુ ચોકસાઇ | ઉત્તમ કેન્સર નિયંત્રણ
ઓછું નુકસાન અને આડઅસર
પુનરાવર્તનનું ઓછું જોખમ
તમે કૅન્સર સામે લડત આપો છો ત્યારે અમે બનીએ છીએ તમારી સંજીવની:
ટેક્નોલોજી
Trilogy™ | Novalis Tx™
Edge® | Da Vinci® સર્જિકલ રોબોટ્સ
HIFU | MR ફ્યુઝન
મૉલેક્યૂલર અને જીનોમિક્સ લૅબ
સ્પાઇ ફાઇ સિસ્ટમ | ડિજિટલ PET CT
ડિજિટલ પેથૉલૉજી, વગેરે
એક જ છત નીચે કૅન્સરની સારવાર માટે અદ્યતન ટૅક્નોલોજીનો સૌથી મોટો સંગ્રહ
યોગ્યતા
દરેક કેન્સર માટે સમર્પિત શ્રેષ્ઠ નિષ્ણાતો:
બ્રેસ્ટ | બૉન અને સોફ્ટ ટિશ્યુ
યૂરોલોજી | ગાઇનિકોલોજી
માથું અને ગરદન | થોરાસિક
ગેસ્ટ્રોઇંટેસ્ટાઇનલ | કોલોરૅક્ટલ
હિપૅટોબિલઅરી-પૅનક્રિએટિક
હીમેટોલોજી | પીડિએટ્રિક
બૉન મૅરો ટ્રાન્સપ્લાંટ
ઓન્કોલોજી અગ્રણી
ભવિષ્ય માટે તૈયાર ટેક્નોલોજી અને કુશળ પ્રતિભા સાથે દરેક પ્રકારના કેન્સરની સારવાર માટે
કેન્સર માટે ભારતની શ્રેષ્ઠ માન્યતાપ્રાપ્ત હોસ્પિટલ*
કેન્સરનું નિયંત્રણ, સામનો અને જીત
કૅન્સર માટે શ્રેષ્ઠ હોસ્પિટલ (રાષ્ટ્રીય)
* Financial Express Best Hospital Awards 2022, Economic Times Healthcare Awards 2023
EMERGENCY +91 22 4269 9999
APPOINTMENTS +91 22 4269 6969
Four Bungalows, Andheri (W), Mumbai 400 053
THE ONLY HOSPITAL IN MUMBAI HAVING FULL-TIME DOCTORS
AND ACCREDITED WITH JCI USA CAP USA NABL India NABH India

મુંબઈ સમાચાર
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કૉંગ્રેસના મોઢે અઘોષિત કટોકટીની વાત શોભતી નથી

**કૉંગ્રેસને** પોતે ભૂતકાળમાં કરેલી ભૂલોમાંથી કશું શીખવામાં રસ નથી કે એ ભૂલ સ્વીકારવા જેટલી ખેલદિલી પણ તેનામાં નથી. ભૂતકાળમાં પોતે કરેલાં મહાપાપોને કૉંગ્રેસ પશ્ચાતાપથી નહીં પણ ભાજપ પર પ્રહારો કરીને ભૂલાવવા માગે છે. આડકતરી રીતે કૉંગ્રેસ પોતે ભાજપ કરતાં બહેતર છે એવું સાબિત કરવા મથે છે. આ દયનિય માનસિકતા કહેવાય અને ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટીને ૫૦ વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે ભાજપે કરેલા પ્રહારોનો જવાબ આપતાં કૉંગ્રેસે કરેલાં નિવેદનો આ વાતનો પુરાવો છે.

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતાઓએ ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ લદાયેલી કટોકટી બદલ દર વરસની જેમ આ વરસે પણ કૉંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે, કટોકટી દરમિયાન બંધારણની ભાવનાનું ઉલ્લંઘન કેવી રીતે કરવામાં આવ્યું હતું એ વાત કોઈ પણ ભારતીય ક્યારેય ભૂલી શકશે નહીં. ભાજપના બીજા નેતાઓએ પણ કટોકટી બદલ કૉંગ્રેસની ઢોકળી ધોઈ નાખી ને તેમાં કશું ખોટું નથી.

ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટી આ દેશના ઈતિહાસમાં સૌથી કલંકિત પ્રકરણ છે. ઈન્દિરા ગાંધીની સત્તાલાલસા સંતોષવા લદાયેલી કટોકટી દરમિયાન કૉંગ્રેસ સરકારે લોકશાહીનું ગળું ટૂંપી નાંખ્યું હતું. કૉંગ્રેસ વિરોધી પક્ષ તરીકે ભાજપ કૉંગ્રેસના આ મહાપાપની વાત કરે એ યોગ્ય જ છે પણ કોગ્રેસને આ વાત પચી નથી ને કૉંગ્રેસની ઇન્દિરા ગાંધીની સરકારે લાદેલી કટોકટી માટે માફી માગવાની તૈયારી પણ નથી તેથી કૉંગ્રેસે જૂનો ને જાણીતો અઘોષિત કટોકટીનો રાગ આલાપી દીધો.

ભાજપે કટોકટીની વર્ષગાંઠને ‘સંવિધાન હત્યા દિવસ’ ગણાવી તેનાથી ગિન્નાયેલી કૉંગ્રેસે આક્ષેપ મૂક્યો છે કે, છેલ્લા ૧૧ વર્ષથી એટલે કે ૨૦૧૪થી ભારતીય લોકશાહી પર વ્યવસ્થિત અને ખતરનાક એવા પાંચ પ્રકારના હુમલા થયા છે. કૉંગ્રેસે આ સમયગાળાને અઘોષિત કટોકટી૧૧ ગણાવીને કહ્યું છે કે, મોદી સરકાર સંસદને નબળી બનાવી રહી છે અને સંસદીય ધારાધોરણોનો સતત ભંગ કરી રહી છે. જાહેર ચિંતાના મુદ્દા ઉઠાવનારા સાંસદોને મનસ્વી રીતે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મહત્ત્વના કાયદાઓને બુલડોઝર દ્વારા દૂર ધકેલી દેવામાં આવે છે અને સંસદીય સમિતિઓને બાયપાસ કરવામાં આવી રહી છે. કૉંગ્રેસના પ્રવક્તા જયરામ રમેશના કહેવા પ્રમાણે મોદી સરકાર અનિયંત્રિત દ્વેષપૂર્ણ વર્તન કરી રહી છે અને નાગરિક સ્વતંત્રતા પર તરાપ મારી રહી છે.

જયરામ રમેશના કહેવા પ્રમાણે, મોદી શાસનનાં ૧૧ વર્ષ દરમિયાન વિરોધ કરી રહેલા ખેડૂતો પર ખાલિસ્તાની હોવાનાં લેબલ લગાવવામાં આવ્યા છે અને જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરીના હિમાયતીઓને શહેરી નક્સલી ગણાવીને જેલમાં ધકેલાયા છે. મહાત્મા ગાંધીના હત્યારાઓ હીરો બની ગયા છે અને મુસ્લિમ સહિતની લઘુમતીઓ ફફડાટમાં જીવે છે. તેમને તેમના જીવન અને સંપત્તિ ક્યારે છિનવાઈ જશે તેનો સતત ડર સતાવે છે. દલિતો અને અન્ય વંચિતોને નિશાન બનાવવામાં આવ્યાં છે, અને નફરતભર્યાં ભાષણો આપતા મંત્રીઓને પ્રમોશનથી નવાજવામાં આવ્યા છે. વિપક્ષની આગેવાની હેઠળની રાજ્ય સરકારોને તોડી પાડવા પૈસાના પાવરનો ઉપયોગ કરાય છે અને વિપક્ષ શાસિત રાજ્યોમાં બિલોને અવરોધવા અને યુનિવર્સિટી નિમણૂકોમાં દખલ કરવા માટે રાજ્યપાલના કાર્યાલયનો દુરુપયોગ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે રાજ્યોને તેમના યોગ્ય મહેસૂલ હિસ્સાથી વંચિત રાખવા માટે સેસનો વધુ પડતો ઉપયોગ કરીને બંધારણીય નાણાકીય વ્યવસ્થાઓને તહસનહસ કરી નાખી છે એવો આક્ષેપ પણ રમેશે કર્યો છે.

કૉંગ્રેસના આક્ષેપોમાં કોઈ દમ નથી. કૉંગ્રેસ વરસોથી આ ઘસાઈ ગયેલી રેકર્ડ વગાડ્યા કરે છે ને આ દેશના મતદારો તેને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખે છે. કૉંગ્રેસના આક્ષેપો સામે પણ વાંધો નથી કેમ કે કૉંગ્રેસ આ દેશમાં મુખ્ય વિપક્ષ છે. મુખ્ય વિપક્ષ તરીકે તેને સત્તાધારી પક્ષની સાચી-ખોટી ભૂલોની વાત કરવાનો અધિકાર છે. આ દેશમાં હજુ લોકશાહી છે તેથી કૉંગ્રેસ ભલે એ અધિકારનો ઉપયોગ કરતી પણ આઘાત એ જોઈને લાગે છે કે, કૉંગ્રેસ પોતાના કટોકટીના પાપને છાવરવા માટે આ આક્ષેપો કરે છે. કૉંગ્રેસને પોતે ખોટું કર્યું., આ દેશમાં લોકશાહીની પત્તર ફાડી નાખી તેનો લેશમાત્ર પસ્તાવો નથી. ઊલટાનું ભાજપ પોતાના કરતાં પણ ખરાબ છે એ સાબિત કરવા હવાતિયાં માર્યા કરે છે. આ હવાતિયાંથી કૉંગ્રેસનું કટોકટીનું મહાપાપ ધોવાવાનું નથી. કટોકટી આ દેશના ઈતિહાસનું કલંકિત પ્રકરણ છે અને રહેશે.

કટોકટી કાળ અને નરેન્દ્ર મોદીના શાસનકાળની કૉંગ્રેસની સરખામણી પણ અત્યંત હાસ્યાસ્પદ છે. ઈન્દિરા ગાંધીએ કટોકટી લાદી પછી માત્ર વિપક્ષના જ નહીં પણ પોતાની સામે અવાજ ઉઠાવનારા કૉંગ્રેસના તમામ નેતાઓને પણ જેલમાં ધકેલી દીધા હતા. મોદીના શાસનમાં તો ભ્રષ્ટાચાર કરનારા કૉંગ્રેસના નેતાઓ પણ બહાર છૂટથી ફરે છે કેમ કે કાયદો કામ કરે છે. ભારતમાં કાયદાનું પાલન કરાવનારી એજન્સીઓથી માંડીને ન્યાયતંત્ર સુધીનું બધું કાચબા ગતિએ ચાલે છે તેનો ફાયદો ભ્રષ્ટ નેતાઓને મળી રહ્યો છે. બાકી કટોકટી હોત તો એ બધા જેલમાં હોત.

કટોકટી વખતે અખબારોનાં મોં બંધ કરી દેવાયેલાં અને સેન્સરશિપ લાદી દેવાઈ હતી. સરકારની વિરુદ્ધ લખનારા પત્રકારોને પણ ઉઠાવીને જેલમાં નાખી દેવાતા ને અખબારોનાં વીજળી કનેક્શન કાપી દેવા સુધીની નીચ હરકતો કરાઈ હતી. સંજય ગાંધી કે કૉંગ્રેસની ભક્તિ નહીં કરનારા નિર્માતાઓની ફિલ્મો રિલીઝ નહોતી થતી ને કલાકારોનાં ગીતો સરકારી ઓલ ઈન્ડિયા રેડિયો પર બંધ કરી દેવાયાં હતાં. અત્યારે એવી કોઈ સેન્સરશિપ નથી ને અખબારો મોદી સરકારની આકરી ટીકા કરી જ શકે છે. મોદીની વ્યક્તિગત ટીકા કરનારને પણ સત્તાનો મદ બતાવીને જેલમાં નથી ધકેલવામાં આવતા.

કટોકટી વખતે સંજય ગાંધી અને તેમની ટોળી ફાટીને ધુમાડે ગઈ હતી. રિઝર્વ બેંકનો રૂપિયો તેમના બાપનો માલ હોય એ રીતે સંજય ગાંધીના મારૂતિના તુક્કાને પોષવા વપરાતો હતો. દિલ્હીને ખૂબસૂરત બનાવવા માટે ગરીબોનાં ઘરો પર બુલડોઝર ફેરવીને તેમને બેઘર કરી દેવાયાં હતાં અને કુટુંબ નિયોજનની ધૂનને પોષવા કાચા-કુંવારા છોકરાઓની પણ નસબંદી કરી દેવાતી હતી.

મોદી સરકારની કહેવાતી અઘોષિત કટોકટીમાં આવા કોઈ અત્યાચાર જોવા મળ્યા છે ખરા ? બિલકુલ નહીં.

કૉંગ્રેસે સત્તાવાર રીતે બંધારણને તોડીમરોડીને કટોકટી લાદી હતી. દેશના ઈતિહાસમાં કદી ના જોવા મળ્યો હોય એવો માહોલ ને અંગ્રેજોને પણ સારા કહેવડાવે એવા અત્યાચાર કટોકટી કાળમાં આ દેશે જોયા. કૉંગ્રેસે તેના માટે દેશની માફી માગવી જોઈએ ને પસ્તાવો કરવો જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, ગુરુવાર, તા. ૨૬-૬-૨૦૨૫, કચ્છી સને હાલારી સંવત ૨૦૮૨ પ્રારંભ, ચંદ્રદર્શન

- ભારતીય દિનાંક ૫, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ સુદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ સુદ-૧
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧લો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર આર્દ્રા સવારે ક. ૦૮-૪૬ સુધી, પછી પુનર્વસુ
- ચંદ્ર મિથુનમાં મધ્યરાત્રે ૨૫-૩૯ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૭, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ● વ્રૃ
- ભરતીઃ સવારે ક. ૧૨-૫૧, મધ્યરાત્રે ક. ૦૦-૩૨ ● ઓટઃ રાત્રે ક.૧૯-૦૪,
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, અષાઢ શુક્લ – પ્રતિપદા. ઈષ્ટિ, કચ્છી સને હાલારી સંવત ૨૦૮૨ પ્રારંભ (આષાઢી વર્ષારંભ), મનોરથ દ્વિતિયા વ્રત (બંગાળ), ચંદ્રદર્શન, મું. ૪૫. સમર્ઘ, ઉત્તર શૃંગોન્નતિ૮ અંશ, સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રામાં સવારે ક. ૦૬-૨૦. વાહન ઉંદર. ● શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શિવપૂજા વિશેષરૂપે, ગુરુ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, વિદ્યારંભ, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, રાજ્યાભિષેક, બગીચો બનાવવો, ધજા, કળશ પતાકા ચઢાવવી, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ, ઘર-ખેતર, જમીન મકાન લેવડદેવડ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, વાંસ વાવવા, ઉપવાટિકા બનાવવી, સીમંત સંસ્કાર, ઘર-ખેતર, જમીન, મકાન લેવડદેવડ, પ્રથમ વાહન, નૌકા બાંધવી, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા.
- અષાઢ માસ સંક્ષિપ્તઃ તા. ૨૬ જૂનથી ૨૪ જુલાઈના આ માસમાં શુક્લ પક્ષમાં ક્ષય વૃદ્ધિ નથી. કૃષ્ણપક્ષમાં તેરસનો ક્ષય છે. કુલ દિવસ ૨૯નો આ માસ છે. પૂનમ અને અમાસનું ગ્રહણ નથી. આ માસનું મુખ્ય પર્વ તા. ૧૦મીએ ગુરુપૂર્ણિમા, તા. ૬ઠ્ઠીએ દેવપોઢી એકાદશી છે. હરિયાળી અમાસ તા. ૨૪મીએ છે.
- આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ સાહસિક વલણ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ શુક્ર કૃત્તિકા પ્રવેશ
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મેષ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# એક બાદશાહ, બે ફરિયાદીઃ સતયુગનો લા’જવાબ કિસ્સો

**ઈસ્લામી** સત્તાનો એ સુવર્ણ યુગ હતો.

- અરબસ્તાનના એક રાજ્યમાં મલિક શાહ સુલ્જુકી નામના ન્યાય પ્રિય બાદશાહની સત્તા કાયમ હતી.

- કુવ્વત, કૌશલ્ય, શક્તિ, ઉચ્ચ પ્રતિભા અને મહાનતામાં બાદશાહ સુલ્જુકીની ગણના શ્રેષ્ઠ બાદશાહોમાં થતી હતી.

- નિયમો મુજબ બને છે તેમ પ્રજાની દાદ-ફરિયાદ સાંભળવા બાદશાહ સિંહાસન પર બિરાજમાન હતા.

- એવામાં બે શખ્સો દાદ માગતા શાહ સામે હાજર થયા.

- ફરિયાદ કરી કે, સરકારી માણસોએ અમારી જાયદાદ, માલોમિલકત આંચકી લીધી છે, હવે અમારો કશો આધાર રહ્યો નથી. અમારો કોઈ વાંક-ગુનો નથી અમને ન્યાય અપાવો.

- ફરિયાદીની વિગતે વાત સાંભળી શાહ સુલ્જુકીને લાગ્યું કે જાણે તેઓ ક્યામત અર્થાત્ આખરી નિર્ણય, ન્યાયના મેદાનમાં ઊભા છે અને ત્યાં માલિકે યવ્મેદીન, ન્યાયના દિવસના માલિક- અલ્લાહના દરબારમાં આ જુલ્મની સુનાવણી થવાની છે.

- બાદશાહ સલામતે પેલા બે માણસોને કહ્યું કે,

* તમારામાંનો એક જણ મારો જમણો હાથ પકડે અને બીજો જણ ડાબો હાથ પકડે.

* બંને જણ મારા હાથ પકડી મને ખેંચતા હોય એ હાલતમાં મારા વઝીર નિઝામુલ મુલ્ક તુસી પાસે લઈ ચાલો...

- પેલા બંને ફરિયાદી શહેનશાહ મલિક શાહ સુલ્જુકીની આ વાત સાંભળી થરથર કાંપતા અરજ ગુજારી કે,

* ‘આલીજાહ! અમ ગરીબોની શી વિશાત, કે આપ હઝરત-માનવંત શહેનશાહ સલામત સાથે આવી ગુસ્તાખી, અશિષ્ટ, અવિવેકી, બેઅદબી કરીએ...!’

- પરંતુ જેની રગેરગમાં, રોમેરોમમાં અલ્લાહનો ખૌફ, ન્યાયનો ડર વસેલો હતો અને સતત પોતાનાથી કોઈ અન્યાય થઈ ન જાય, તેના હુકમનું પાલન અદના-આલાં સૌએ કરવું જ પડે.

- પેલા ફરિયાદી બંને શખસો બાદશાહને વઝીર નિઝામુલ મુલ્ક તુસીના નિવાસસ્થાન તરફ લઈ જવા લાગ્યા.

વઝીરને સમાચાર મળ્યાં કે બાદશાહ આ રીતે તેના રહેઠાણ તરફ આવી રહ્યા છે, તે અત્યંત બેબાકળો બની ગયો-ઘર બહાર નીકળ્યો. એવામાં બાદશાહ આવી પહોંચ્યા. વઝીર તો ધ્રૂજતો ધ્રૂજતો બાદશાહને નમી પડ્યો બાદશાહે કહ્યું, નિઝામુલ મુલ્ક! કાલે ક્યામતના દિને આ માણસો આ રીતે મને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત સામે રજૂ કરી દેશે તો મારું શું થશે? મારા રાજ્યની જવાબદારી મેં તમને સોંપી છે. તમારા તાબા હેઠળના હાકિમો (કારભારીઓ) બળજબરીથી બીજાઓની મિલકતો આંચકી લે છે. મારામાં એવી શક્તિ નથી કે કાલે ક્યામતના દિવસે આ બાબતમાં જવાબ આપી શકું? આ લોકોને અત્યારે જ ન્યાય આપો.’

વઝીર નિઝામુલ મુલ્કે તપાસ કરી તેઓની માલમિલકત પાછી અપાવી અને જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરી.

આવો હતો મુસ્લિમ શાસકોનો ઈન્સાફ.

વિદિત છે કે દિને ઈસ્લામમાં અલ્લાહનો સંદેશ-પયગામ લઈને આવેલા લગભગ એક લાખ અને ચોવીસ હજાર જેટલા પયગંબરો (સંદેશવાહકો)એ પોતાના પવિત્ર જીવનમાં પ્રેરક કિસ્સાઓ રજૂ કર્યા અને લોકો સુકૃત્યો દ્વારા સન્માર્ગે વળે તે માટે નસીહતો પ્રદાન કરી જેને ‘હદીસે નબવી’ કહેવામાં આવે છે. અન્યાય અને અપરાધોને ડામવા ‘શરિયત’ના (ઈસ્લામી કાયદા-કાનૂને) નિયમો ઘડ્યા, તો ક્યામત સુધી દિન અને દુનિયામાં માર્ગદર્શક બની રહે તેવી ઈલાહી કિતાબ કુરાન મજીદ જેવી અઝિઝમુશ્શાન દોરવણી રસૂલે કરીમ હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલૈયહિ સલ્લામ (સ.અ.વ.) દ્વારા દિવ્યવાણી સ્વરૂપે નાઝિલ ફરમાવી જેમને હુકૂમત (સત્તા) નસીબ કરી તેઓ પોતાના શાસનમાં સદા અન્યાયથી ડરતા રહ્યા અને અદનાથી આલાં સૌને ન્યાય મળી રહે તેવું કાર્ય બજાવતા રહ્યા અને ઈસ્લામી શાનોશૌકતને બુલંદ દરજ્જે કાયમ કર્યું.

પરંતુ અફસોસ સાથે એ નોંધવું પડે છે કે આજના બની બેઠેલા શાસનકર્તા હદીસ, શરિયત અને કુરાન કરીમનાં ફરમાનો, કાનૂનો, આયતોના મનઘડત-મનફાવતા અર્થઘટનો કરી ઉમ્મતને તબાહ અને બરબાદ કરી રહ્યા છે. જગતમાં એક સમયે ઉદાહરણરૂપ બની રહેલો ઈસ્લામ ધર્મ સરમુખત્યારોના કારણે બદનામ બની અંધકાર ભણી ધકેલાતો જઈ રહ્યો છે. ‘વો દિન હવા હુએ, જબ પસીના ગુલ હુઆ કરતાથા’ (એ દિવસો, વિતી ગયા જ્યારે પરસેવામાંથી પણ ગુલાબના ફૂલ જેવી મહેક આવતી હતી.) શું એ યુગ ફરી ક્યારેય જોવા નહીં મળે?

એક અલ્લાહ, એક કુરાન અને એક પયગંબર હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલૈયહિ વસલ્લમને દિલોજાનથી માનનારો, અનુસરવાવાળો નામે મુસલમાન આજે શિક્ષિત-સમજદાર બન્યો છે તેણે સમાજ ઘડતરમાં પોતાના જ્ઞાનનો લાભ આપવો જોઈએ.

પવિત્ર કુરાનની આયત, શ્લોક, વાક્ય, કથન અનુસાર ‘હિબ્બુલ વતન, મિન્નલ ઈમાન’ અર્થાત્ ‘વતનપ્રેમ એ ઈમાન’નો એક ભાગને સતત રટતા રહી જે દેશમાં રહેતા હોઈએ તે દેશને સદા વફાદાર રહેવાને ઉજાગર કરતા રહેવું જોઈએ.

- આલિમો,

- મૌલાના સાહેબોએ દુન્યવી શિક્ષણ સાથે દીની જ્ઞાનને ઉજાગર કરતા રહેવું જોઈએ. ધર્મની સાચી સમજ પ્રસારવી રહી...!

સાપ્તાહિક સંદેશઃ

-ઈસ્લામ અમન-શાંતિ, સદ્ભાવનાનો ધર્મ છે.

* સદ્વર્તનને નેકી, સજ્જનતાનો દરજ્જો આપ્યો છે.

* સદાચારમાં સમર્પિત મોમીન, સાચો-શ્રદ્ધાળુ શ્રેષ્ઠ હોવાનું પયગંબર હૂઝુરે અનવર (સલ.)નું કથન છે.

* આપ હઝરત મુહંમદે હઝરત મઆઝ રદ્યિતઆલા અન્હોને યમન દેશના શાસક બનાવીને રવાના કર્યા ત્યારે કહ્યું હતું કે,

* ‘તમારા સદ્વર્તનથી બધી રૈયત, પ્રજાને ખુશ રાખજો...!’ ■

# કટોકટી વિરોધી આંદોલનમાંથી ઘણું શીખ્યોઃ મોદી

નવી દિલ્હીઃ ઈમર્જન્સી અને તે દરમિયાનના તેમના અનુભવો પરના પુસ્તકના વિમોચન પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું હતું કે આ સમયગાળો તેમના માટે શીખવાનો અનુભવ હતો. લોકશાહીના આદર્શો માટે મોદીના સંઘર્ષને ઉજાગર કરતું પુસ્તક ધ ઇમર્જન્સી ડાયરીઝ - ઈયર્સ ધેટ ફોર્જ્ડ અ લીડરને બ્લૂક્રાફ્ટ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. મોદીએ કહ્યું હતું કે આ પુસ્તક ઈમર્જન્સી દરમિયાનની તેમની યાત્રાનું વર્ણન કરે છે અને તે સમયની ઘણી યાદોને તાજી કરે છે.

વડા પ્રધાન મોદીએ ‘એક્સ’ પર કહ્યું હતું કે હું એ તમામ લોકોને અપીલ કરું છું કે જે લોકોને ઈમર્જન્સીના કાળા દિવસોને યાદ આને અથવા જેમના પરિવારોએ તે સમયગાળા દરમિયાન સહન કર્યું હતું તેમને હું પોતાના અનુભવોને સોશિયલ મીડિયા પર શેર કરવા અપીલ કરું છું. જે યુવાનોમાં ૧૯૭૫ થી ૧૯૭૭ સુધીના શરમજનક સમયગાળા વિશે જાગૃતિ લાવશે. વડા પ્રધાને કહ્યું હતું કે તેઓ ઈમર્જન્સી દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના યુવા પ્રચારક હતા.

તેમણે કહ્યું હતું કે ‘ઈમર્જન્સી વિરોધી ચળવળ મારા માટે શીખવાનો અનુભવ હતો. તે આપણા લોકશાહી માળખાને સંરક્ષિત કરવાના મહત્ત્વને ફરીથી દર્શાવે છે. ઉપરાંત, મને રાજકીય ક્ષેત્રના લોકો પાસેથી ઘણું શીખવા મળ્યું હતું. મને ખુશી છે કે બ્લૂક્રાફ્ટ ડિજિટલ ફાઉન્ડેશને આ અનુભવોમાંથી કેટલાકને એક પુસ્તકમાં સંકલિત કર્યા છે જેની પ્રસ્તાવના એચ.ડી. દેવગૌડાજી દ્વારા લખાયેલ છે, જેઓ પોતે ઈમર્જન્સી વિરોધી આંદોલનના એક દિગ્ગજ હતા. ■

# વારસાગત શાસન માટે લગાવી હતી ઈમર્જન્સીઃ અમિત શાહ

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે જણાવ્યું હતું કે ૫૦ વર્ષ પહેલાં એક તાનાશાહી શાસક દ્વારા લાદવામાં આવેલી ઈમર્જન્સી ભારતના ઇતિહાસના સૌથી બ્લેક અધ્યાયોમાંની એક હતી જેનો એકમાત્ર ઉદ્દેશ્ય પોતાના વંશવાદી શાસનને જાળવી રાખવાનો હતો. અમિત શાહે કહ્યું હતું કે ઈમર્જન્સી રાષ્ટ્રીય જરૂરિયાત નહોતી પરંતુ કૉંગ્રેસની લોકશાહી વિરોધી માનસિકતા અને ફક્ત ‘‘એક વ્યક્તિ’’નું પ્રતિબિંબ હતું જે તત્કાલીન વડા પ્રધાન ઇન્દિરા ગાંધીનો સંદર્ભ હતો. નોંધનીય છે કે ઈન્દિરા ગાંધી સરકારે ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ ઈમર્જન્સી લગાવી હતી. મોદી સરકાર આ દિવસને ‘સંવિધાન હત્યા દિવસ’ તરીકે ઉજવે છે. ગૃહમંત્રીએ ‘એક્સ’ પર પોસ્ટમાં લખ્યું હતું કે ૫૦ વર્ષ પહેલાં એક તાનાશાહ શાસક દ્વારા લાદવામાં આવેલી ઈમરજન્સી, જેનો એકમાત્ર ઉદ્દેશ્ય તેમના વંશવાદી શાસનને જાળવી રાખવાનો હતો, તે ભારતના ઇતિહાસના સૌથી બ્લેક અધ્યાયોમાંનો એક હતો. ૧૯૭૫માં અમિત શાહ ૧૧ વર્ષના હતા. તેમણે કહ્યું હતું કે તેઓ તે સમયે આરએસએસના ‘બાલ સ્વયંસેવક’ હતા અને ઈમર્જન્સીના કાળા દિવસોમાં થયેલા અન્યાયને તેમણે પ્રત્યક્ષ સાંભળ્યા હતા. ■

## પહેલા પાનાનું ચાલુ

### ભારતના

અન્ય કેટલાક કારણસર અવકાશયાનનું ઉડ્ડયન થોડા દિવસ માટે મોકૂફ રાખવામાં આવ્યું હતું.

થોડા દિવસ પહેલા શરૂઆતમાં આ અવકાશયાન અંતરિક્ષ ભણી ઊપડવાનું હતું, પરંતુ ખરાબ હવામાનને લીધે તેનું ઉડ્ડયન મુલતવી રખાયું હતું. બાદમાં આ મિશનને ૧૧ જૂને ભારતીય સમય મુજબ સાંજે ૫.૩૦ વાગ્યે હાથ ધરવાનું નક્કી કરાયું હતું. ‘એક્સિઓમ-ફૉર’ અને સ્પેસએક્સની ટીમે શરૂઆતમાં પૂરું રિહર્સલ કર્યું હતું, પરંતુ અવકાશયાનમાં પ્રવાહી ઑક્સિજનને ગળતરને લીધે ઉડ્ડયન મુલતવી રાખવાની ફરજ પડાઇ હતી.

દરમિયાન, ભારતના વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી પ્રધાન જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે અમને ભારતની અંતરિક્ષમાંની ક્ષમતા અને સિદ્ધિનું ગર્વ છે. આ મિશન દ્વારા વિક્રમ સારાભાઇ અને સતીશ ધવનને યોગ્ય શ્રદ્ધાંજલિ અપાઇ છે. (એજન્સી) ■

### કચ્છમાં

કચેરી પાસેથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ, ભચાઉથી ૧૩ કિલોમીટર દૂર જડસા ગામ નજીક કેન્દ્રબિંદુ ધરાવતો ૩.૨ની તીવ્રતાનો આ આંચકો રિક્ટર સ્કેલ પર અંકિત થયો હતો. આંચકાની અનુભૂતિ કેન્દ્રબિંદુ આસપાસના વિસ્તારમાં અનુભવાઈ હોવાનું જાણવા મળ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, સદીઓથી કચ્છની અશાંત રહેલી ભૂમિને સતત ધ્રુજાવી રહેલા ધરતીકંપના આંચકાઓના કેન્દ્રબિંદુ વાગડ ફોલ્ટલાઇનની આસપાસના જ રહ્યા છે જેમાં ભચાઉ, ફતેહગઢ, રાપર, કરમરીયા અને પ્રાચીન નગર ધોળાવીરાનો સમાવેશ થાય છે. ■

### પુણે મેટ્રો લાઈન

ઠરાવમાં ૧૯૭૫માં લગાડવામાં આવેલી કટોકટીને લોકશાહીની હત્યા ગણાવામાં આવી હતી અને તેની નિંદા કરવામા આવી હતી. આની સાથે આગરામાં બટેટાનું કેન્દ્ર બનાવાને મંજૂરી અપાઈ હતી. કેબિનેટે અવકાશવીર શુભાંશુ શુકલા અંતરિક્ષમાં સફળ રવાના થયો એનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

પુણે મેટ્રો પરિયોજનાના બીજા ચરણને મંજૂરા આપવામાં આવી હતી આ ચરણ વનજથી ચાંદની ચોક(કોરિડોર ટુએ) અને રામવાડીથી વાઘોલી-વિઠ્ઠલવાડી (કોરિડોર ટુબી) સુધીનો હશે. આ બે એલિવેટેડ કોરિડોર ૧૨.૭૫ કિલોમીટર સુધી ફેલાયેલા હશે અને આમાં ૧૩ સ્ટેશન હશે.

કેબિનેટમાં ઝરિયા કોલ ફિલ્ડની આગ, ભૂસ્ખલનનો સામનો કરવા અને અસરગ્રસ્ત પરિવારોના પુનર્વસવાટ માટેના સુધારેલા ઝરિયા માસ્ટર પ્લાનને બહાલી આપવામાં આવી હતી. આને માટે રૂ. ૫,૯૪૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

કેબિનેટમાં ઉત્તર પ્રદેશના સિંગનામાં આંતરરાષ્ટ્રીય બટેટા કેન્દ્રના ક્ષેત્રીય કેન્દ્રની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી છે. આનો હેતુ ખાદ્ય અને પોષણ સુરક્ષા, ખેડૂતોની આવક અને રોજગારની તક વધારવાનો છે.

બટેટાના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં બીજો નંબર છે. આ કેન્દ્રને સ્થાપવા ઉત્તર પ્રદેશ સરકારે ૧૦ હેકટર જમીન હસ્તાંતરિત કરી છે. ભારત સરકાર આ પ્રકલ્પમાં ૧૧૧.૫ કરોડ રૂપિયાની મદદ આપશે. (એજન્સી) ■

### મુંબઇ, અમદાવાદ

જણાવ્યું હતું કે આ મની લોન્ડરિંગ કેસ ૨૦૨૪ માં ગુજરાત પોલીસે મકબૂલ ડોક્ટર, કાશિફ ડોક્ટર, બાસમ ડોક્ટર, મહેશ મફતલાલ દેસાઈ, માઝ અબ્દુલ રહીમ નાડા અને કેટલાક અન્ય લોકો સામે દાખલ કરેલી એફઆઈઆર સાથે જોડાયેલો છે.

તેમણે માહિતી આપી હતી કે આરોપીઓ પર નકલી યુએસડીટી ટ્રેડિંગ (ક્રિપ્ટો કરન્સી), ડિજિટલ એરેસ્ટ, તપાસ એજન્સીઓની નકલી નોટિસ મોકલીને નિર્દોષ વ્યક્તિઓને ધમકાવવા જેવા વિવિધ સાયબર ફ્રોડ દ્વારા સામાન્ય લોકોને છેતરવાનો આરોપ છે. ડિજિટલ એરેસ્ટ અને પોલીસ અથવા તપાસ એજન્સીઓના નામે મોકલવામાં આવતા નકલી સમન્સ અથવા નોટિસ જેવા સાયબર ફ્રોડ દ્વારા છેલ્લા કેટલાંક વર્ષોમાં ઘણા લોકો સાથે છેતરપિંડી કરવામાં આવી છે, કારણ કે પીડિતોને ઇન્ટરનેટ આધારિત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વીડિયો કોલ પર રહેવાની ફરજ પાડવામાં આવે છે અને કૌભાંડીઓ એજન્સીઓ દ્વારા કાર્યવાહીની ધમકી આપીને તેમની પાસેથી પૈસા પડાવે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈડીને શંકા છે કે આ સાયબર છેતરપિંડી દ્વારા પીડિતો પાસેથી મળેલા પૈસા બેંક ખાતાઓમાં એકત્રિત કરવામાં આવ્યા હતા, જે કાં તો નકલી વ્યક્તિઓના કેવાયસીનો ઉપયોગ કરીને અથવા ખોટા ઓળખ દસ્તાવેજો દ્વારા ખોલવામાં આવ્યા હતા. આવા ગેરકાયદેસર નાણાંને વિવિધ ‘આંગડિયા’ અથવા હવાલા ઓપરેટરો દ્વારા ક્રિપ્ટો ચલણમાં રૂપાંતરિત કરવામાં આવ્યા હતા અને તેઓએ તાજેતરના સમયમાં ૧૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ વિદેશ મોકલી હોવાની આશંકા છે. ■

### સીબીએસઈ

સુધારવાની છૂટ અપાશે.

બહાલી અપાયેલા નિયમો પ્રમાણે શિયાળુ સ્કૂલોના દસમા ધોરણના વિદ્યાર્થીઓને બેમાંથી કોઈ પણ તક્કામાં પહેલાં પરીક્ષા આપવાની છૂટ હશે. સીબીસઈએ આના નિયમનો મુસદ્દો ફેબ્રુઆરીમાં બહાર પાડ્યો હતો અને હિતધારકોને આમાં સૂચનો કરવાની છૂટ અપાઈ હતી. ■

### ઉત્તરાખંડ, જમ્મુ

તાવી નદીમાં ઓચિંતું પૂર આવ્યું હતું પોલીસ અને એસડીઆરએફની સંયુક્ત ટીમે કરેલા બચાવ ઑપરેશનમાં નવ જણને બચાવવામાં આવ્યા હતા.. ભારે વરસાદને લીધે બુધવારે સવારથી ત્રણ કલાક માટે જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવ બંધ કરવામાં આવ્યો હતો. બાવન વર્ષનો મદનલાલ નદીમાંથી રેતી કાઢવા ગયો હતો અને પાણીની સપાટી ઓચિંતી વધતા જ્વેલ ચોક બ્રીજની નજીક ફસાઈ ગયો હતો. સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સે પુલ નીચે એક સીડી ફેંકીને તેને બચાવી લીધો હતો. તે પાણીમાં બે કલાક ફસાઈ ગયો હતો. બીજા આઠ જણ પીંડદાન માટે ગયા હતા. તેમને ટ્રાફિક પોલીસ અને એસડીઆરએફ અને સ્થાનિક સ્વયંસેવકોએ બચાવી લીધા હતા. હવામાન ખાતાના જણાવ્યા પ્રમાણે કતરા નગરમાં સૌથી વધારે એટલે ૧૦૮.૫ મિલિમીટર વરસાદ પડ્યો હતો. હવામાન ખાતાએ ૨૭ જૂન સુધી મધ્યમ વરસાદ અને અમુક જગ્યાએ ભારે વરસાદ પડવાની આગાહી કરી છે. દરમિયાન કેરળમાં છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદ પડ્યો છે. આને લીધે વાયનાડના મુન્દાક્કાઈ-ચુરલમાલા વિસ્તારમાં તાજા પૂર અને ભૂસ્ખલનનું જોખમ ઊભું થયું છે. જિલ્લા અધિકારીના જણાવ્યા પ્રમાણે ચૂરલમાલા ઉફાન પર છે બેઈલી પુલની નજીકનો કિનારો તૂટી જવાથી ત્યાં કાદવવાળું પાણી વહે છે. (એજન્સી) ■

નવી મુંબઈ, વાશી સેકટર ૧૭ માં ૭૦૦૦ સ્કે.ફી. ની ફુલ ફર્નીસ ઓફીસ વેચાણ માટે ઉપલબ્ધ છે.
ખારઘરમાં સ્ટેશનની ખૂબ જ નજીક રેડી ઓફીસો વેંચાણમાં છે
મેટ્રો સ્ટેશનની નજીક વૈભવી ફ્લેટ
ખારઘરમાં ઉપલબ્ધ પ્રાઈમ લોકેશન
SHAH GROUP શાહ ગ્રુપ બિલ્ડર્સ લિ.
9152533733 / 9821681717

# લઘુમતી કોલેજોમાં રિઝર્વેશન નહીંઃ સરકારની સ્પષ્ટતા

મુંબઈઃ લઘુમતિ કોલેજોમાં અનુસૂચિત જાતિ-જનજાતિ (એસસી-એસટી) અને ઓબીસીના અનામતના આધારે એડમિશન આપવામાં આવશે નહીં, એમ મહારાષ્ટ્ર સરકારે સોમવારે સરકારી પરિપત્ર (જીઆર) દ્વારા સ્પષ્ટતા કરવા છતાં લઘુમતિ કોલેજોમાં તેના આધારે સીટની ફાળવણી કરવામાં આવી રહી છે.

આ સિવાય એફવાયજેસીની પ્રથમ મેરિટ લિસ્ટ ગુરુવારે જાહેર કરાશે કે નવી તારીખ જાહેર કરાશે એ અંગે પણ શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સોમવારે સરકાર તરફથી જીઆર જાહેર કરાયા બાદ ઘણી લઘુમતિ કોલેજોએ મંગળવારે વિદ્યાર્થિઓને તેમના ફોર્મ ફરી ભરવા કહ્યું હતું. આ સિવાય તેમના માતાપિતાને શુક્રવારે ફી ભરવાનું કહ્યું હતું.

આ વર્ષે એસએસસીનું પરિણામ ૧૩મી મેના જલદીથી આવી ગયું હતું, પરંતુ લઘુમતી કોલેજોમાં અનામત અને સરકારની એડમિશનની સિસ્ટમને કારણે સમસ્યા ઊભી થઇ હતી.

'ગુરુવારે પ્રથમ મેરિટ લિસ્ટ જાહેર કરવાના અમારા પ્રયાસ ચાલી રહ્યા છે. બુધવારે તમામ માહિતીઓ ભેગી કરી દીધી હતી અને પ્રથમ મેરિટ લિસ્ટ ગુરુવારે જાહેર કરાઇ શકે છે. કદાચ વિદ્યાર્થીઓને વધુ સમય પણ આપી શકાય છે', એમ એફવાયજેસી એડમિશન સેલના સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ કેબલ-સ્ટેડ બ્રિજનું કામ પૂરું

## ઈસ્ટર્ન અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે વચ્ચે સિગ્નલ ફ્રી વાહનવ્યહાર શક્ય


(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ મુંબઈના પૂર્વ અને પશ્ચિમ ઉપનગરના ટ્રાફિકમાં ઘટાડો કરવામાં મહત્ત્વનો સાબિત થનારા સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ કેબલ સ્ટેડ બ્રિજનું બાંધકામ ૧૦૦ ટકા પૂરું થઈ ગયું છે. હાલ અંતિમ તબક્કાના નાનાં-મોટાં કામ ચાલી રહ્યા હોઈ બહુ જલદી આ બ્રિજને વાહનવ્યહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે.

સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ એક્સટેન્શન પ્રોજેક્ટમાં મહત્ત્વના ગણાતા કેબલ સ્ટેડ બ્રિજના સિવિલ કામ પૂરા થઈને હાલ સાઈનેજ બેસાડવાની સાથે જ કલર કરવાનું તથા સ્ટ્રીટ લાઈટ બેસાડવા તેમ જ કેબલ સ્ટેડ સ્પાનમાંથી કામચલાઉ સપોર્ટ દૂર કરવામાં આવી રહ્યા છે. આ પુલ કુર્લાથી એરપોર્ટ સુધીને સીધી કનેક્ટિવિટી પૂરી પાડશે અને વાકોલા-બાન્દ્રા-કુર્લા કૉમ્પ્લેક્સ (બીકેસી) અને લાલબહાદુર શાસ્ત્રી રોડ(એલબીએસ) રોડ પરના ટ્રાફિકમાં નોંધપાત્ર ઘટાડો કરશે. મુસાફરીનો સમય તો બચશે પણ સાથે જ બળતણના વપરાશમાં પણ ઘટાડો થશે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમ-આરડીએ)ના કમિશનર ડૉ. સંજય મુખરજીએ તાજેતરમાં કેબલ સ્ટેડ બ્રિજની સાઈટનું ઈન્સ્પેકશન કર્યું હતું અને બહુ જલદી આ પુલનું ઉદ્દ્ઘાટન કરીને તેને ખુલ્લો મૂકવામાં આવશે એવું જણાવ્યું હતું. દક્ષિણ એશિયાના પહેલો એવો કેબલ સ્ટેડ બ્રિજ છે, જેમાં ૧૦૦ મીટરનો તીવ્ર વળાંક (હોરિઝોન્ટલ કર્વ) આવે છે. બ્રિજમાં ૨૧૫ મીટર લાંબો ઓર્થોટ્રોપિક સ્ટીલ ડેક છે, જે જમીનથી પચીસ મીટર ઉપર છે અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે ઉપરથી પસાર થાય છે. મુંબઈ મેટ્રો-૩ લાઈન અને અંડરગ્રાઉન્ડ યુટિલિટીઝને અસર નહીં કરતા વાય આકારનો સેન્ટ્રલ પાયલોન ડિઝાઈન કરવામાં આવ્યો છે. ■




(ROC-1365)

# ડોમ્બિવલીમાં શ્વાનોના હુમલામાં બાળક ગંભીર રીતે ઘાયલ

થાણેઃ થાણે જિલ્લાના ડોમ્બિવલીમાં ઘરની બહાર રમી રહેલા બાળક પર રખડતા શ્વાનો દ્વારા હુમલો કરાયો હતો જેમાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. મોઠાગાંવ રેતીબંદર ખાતે મંગળવારે સવારે બનેલી આ ઘટના પીડિતના ઘરની બહાર લાગેલા સીસીટીવીના ફૂટેજ પર જોઇ શકાય છે. ઘરની બહારની ખુલ્લી જગ્યામાં રમી રહેલા બાળક પર પહેલા એક શ્વાને હુમલો કર્યો હતો અને તેના પગમાં કરડ્યો હતો. બાળક જમીન પર પડી જઇ બૂમો પાડવા લાગતા વધુ ચાર શ્વાનોએ તેના પર હુમલો કર્યો હતો.

શ્વાનોએ વારંવાર તેના હાથ અને પગમાં બચકાં ભર્યા હતા તથા તેને એક જગ્યાએથી બીજી જગ્યાએ ઘસડીને લઇ ગયા હતા. ત્યાંથી પસાર થતી એક વ્યક્તિએ પથ્થર મારીને શ્વાનોને ભગાવ્યા હતા અને બાળકની મદદે આવી હતી. બાળક જમીન પરથી ઊભા થવાની સ્થિતિમાં પણ નહોતું.

શ્વાનો અંગે વારંવાર ફરિયાદ કરવામાં આવ્યા બાદ પણ પાલિકાનું આરોગ્ય વિભાગ આ સમસ્યા સામે પગલાં લેવામાં નિષ્ફળ ગયું છે એવો આક્ષેપ પણ સ્થાનિકોએ કર્યો હતો. ■

# મહામેટ્રોમાં મુસાફરોની સંખ્યાનો વિક્રમ માત્ર છ જ દિવસમાં તૂટ્યો

## ૨૪ જૂને ૨,૯૭,૬૦૦ પ્રવાસીઓએ પ્રવાસ કર્યો હતો

મુંબઇઃ હજી ગયા અઠવાડિયે વાચકોને અમે જણાવ્યું હતું કે મુંબઈ મેટ્રોમાં સીમાચિહ્નરૂપ ૨,૯૪,૬૮૧ લોકોએ મુસાફરી કરીને રેકોર્ડ બનાવ્યો છે. એ વાતને ૬ દિવસ થયા ત્યાં મહા મુંબઈ મેટ્રોના ચેરમેન અને એમએમઆરડીએના મેટ્રોપોલિટન કમિશનર ડો. સંજય મુખરજીએ જાહેર કર્યું છે કે આ રેકોર્ડ પણ તૂટી ગયો છે. ૨૪ જૂન, ૨૦૨૫ ના રોજ, ૨,૯૭,૬૦૦ લોકોએ મહામેટ્રોમાં સવારી કરીને નવો રેકોર્ડ બનાવ્યો છે.

ડો. મુખરજીએ મુંબઈગરાંના ઉત્સાહની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે પ્રવાસીઓનો આ ઉત્સાહ સેવાનું સ્તર વધારવા અને વધુ સારી સેવા આપવા માટે પ્રેરણા આપે છે. વધી રહેલી પ્રવાસી સંખ્યા એ મહા મુંબઈ મેટ્રોમાં પ્રવસીઓના વિશ્વાસનો પુરાવો છે, તેમ જણાવી તેમણે તે માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. મહામેટ્રોની સમર્પિત ટીમને પણ તેમણે અભિનંદન આપ્યા હતા. યાત્રીઓની સંખ્યામાં સરેરાશ પાંચ ટકા માસિક વૃદ્ધિ સાથે, અમે મુંબઈને આખું વર્ષ વરસાદ હોય કે તડકો, સીમલેસ, સલામત અને સુખદ મુસાફરી પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છીએ, એમ તેમણે ઉમેર્યું હતું.

ડો. સંજય મુખરજીએ વધુમાં જાણકારી આપી હતી કે ગઈકાલે ફરી એકવાર, ૬૪ ટકાથી વધુ રાઇડર્સે ડિજિટલ, પેપરલેસ ટિકિટ પસંદ કરી! અને કહ્યું કે, મુંબઈને હરિયાળું અને સ્વચ્છ બનાવવામાં અમારી મદદ કરવા બદલ આભાર. ■



# સાંતાક્રુઝની સાતમા માળની ઑફિસમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સાંતાક્રુઝ(પૂર્વ)માં આવેલી ગ્રાઉન્ડ પ્લસ સાત માળની બિલ્ડિંગના સાતમા માળે આવેલી એક ઓફિસ વહેલી સવારના આગ ફાટી નીકળી હતી. આગમાં કોઈ જખમી થયું નહોતું પણ ઓફિસમાં રહેલો તમામ માલ-સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

સાંતાક્રુઝ (પૂર્વ)માં સીએસટી રોડ પર બેઝમેન્ટ પ્લસ પોડિયમ સહિત આઠ માળની વિન્ડસર બિલ્ડિંગ આવેલી છે.

સાતમા માળે ચારથી પાંચ હજાર સ્કવેર ફૂટના વિસ્તારમાં ફેલાયેલી પ્રાઈમ આરએમસી નામની કંપની આવેલી છે. બુધવારે વહેલી સવારના છ વાગ્યાની આસપાસ ઓફિસમાં આગ ફાટી નીકળી હતી.

આગની જાણ થતા ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઓફિસમાં રહેલા ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન, સર્વર પેનલ, પેનલ બેટરી, એસી, કમ્પ્યુટર, ઓફિસ ફર્નિચર, ઓફિસ રેકોર્ડ સહિત તમામ ફર્નિચરમાં આગ ફેલાઈ ગઈ હતી. લગભગ ચાર કલાકની જહેમત બાદ દસ વાગ્યાની આસપાસ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી.

સદ્નસીબે વહેલી સવારે આગ લાગી હોવાથી એ સમયે ઓફિસમાં કોઈ કર્મચારી હાજર ન હોવાથી જાનહાનિ ટળી ગઈ હતી.

ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

# થાણેમાં હૉસ્પિટલના આઈસીયુના વેન્ટિલેટર મશીનમાં આગ: કોઈ જખમી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે (પશ્ચિમ)માં આવેલી ખાનગી હૉસ્પિટલના આઈસીયુમાં સોમવારે સવારના આગ ફાટી નીકળી હતી. આઈસીયુમાં એ સમયે એક દર્દી સારવાર હેઠળ હતો તેને તાત્કાલિક ત્યાંથી હટાવવામાં આવ્યો હતો. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલના જણાવ્યા મુજબ થાણે પશ્ચિમમાં ૠતુ પાર્ક સર્વિસ રોડ પર પંચશિલ નગરમાં આવેલા સાવંત કમ્પાઉન્ડમાં ગ્રાઉન્ડ પ્લસ બે માળની ખાનગી વૃંદાવન હૉસ્પિટલ આવેલી છે. બુધવારે સવારના લગભગ ૧૦.૩૭ વાગે હૉસ્પિટલના આઈસીયુના વેન્ટિલેટર મશીનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટનાસ્થળે તરત ફાયરબ્રિગેડ અને પોલીસ પહોંચી ગઈ હતી. ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ આગ લાગી એ સમયે હૉસ્પિટલમાં કુલ છ દર્દી એડમિટ હતા, જેમાંથી એક દર્દી આઈસીયુમાં એડમિટ હતો, જ્યારે બાકીના પાંચ જનરલ વોર્ડમાં સારવાર લઈ રહ્યા હતા.

આઈસીયુના વેન્ટિલેટર મશીનમાં આગ લાગ્ય બાદ તેને તરત બુઝાવી દેવામાં સફળતા મળી હતી પણ એ દરમ્યાન આઈસીયુમાં સારવાર લઈ રહેવા ૬૬ વર્ષના પ્રદીપ સિંહ નામના દર્દીને તરત સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ફાયરબ્રિગેડ અને પોલીસે તપાસ બાદ આગનું ચોક્કસ કારણ જાણી શકાશે એવું કહ્યું હતું.

# નાલાસોપારાની શાળામાં બૉમ્બની ધમકી

પાલઘર: નાલાસોપારાની ખાનગી શાળાને બૉમ્બ પ્લાન્ટ કરાયાનો ઈ-મેઈલ મળતાં શાળા તાત્કાલિક ખાલી કરાવીને તપાસ કરવામાં આવી હતી.

નાલાસોપારા પોલીસના જણાવ્યા મુજબ શાળામાંથી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય કર્મચારીઓને તરત બહાર કાઢીને સઘન તપાસ કરવામાં આવી હતી. જોકે કોઈ શંકાસ્પદ વસ્તુ હાથ લાગી નહોતી. બૉમ્બની વાત અફવા હોવાનું જણાયું હતું. પોલીસના જણાવ્યા મુજબ બુધવારની સવારે શાળાને એક મેઈલ આવ્યો હતો, જેમાં શાળા પરિસરમાં બૉમ્બ પ્લાન્ટ કરાયો હોવાનું જણાવાયું હતું. માહિતી મળતાં જ પોલીસની ટીમ તાત્કાલિક શાળામાં પહોંચી હતી. (પીટીઆઈ)

# પહેલી જુલાઈથી બેમુદત હડતાળની મહારાષ્ટ્રના ટ્રાન્સપોર્ટરોની ધમકી

મુંબઈ: મહારાષ્ટ્રના ટ્રાન્સપોર્ટરોએ ઈ-ચલણ દ્વારા દંડની અન્યાયી વસૂલાત અને અન્ય વિવિધ માંગણીઓ માટે પહેલી જુલાઈથી બેમુદત હડતાળનું એલાન કર્યું છે. ટ્રાન્સપોર્ટરોમાં ખાનગી બસ અને ટ્રક ઓપરેટરોનો સમાવેશ થાય છે. અન્ય મુદ્દાઓમાં વણઉકેલાયેલી માળખાકીય ખામીઓ અને ટ્રાફિક નિયમોનો સમાવેશ થાય છે.

બધા ટ્રાન્સપોર્ટરો વાહતૂકદાર બચાવો કૃતિ સમિતિના બેનર હેઠળ ભેગા થયા છે અને આવતા મહિનાથી શરૂ થતી હડતાળની જાહેરાત કરી છે.

મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી ઉદય સામંતે ગુરુવારે પોલીસ અને પરિવહન વિભાગના પ્રતિનિધિઓ સાથે બેઠક બોલાવવાની ખાતરી આપ્યા બાદ, એક્શન કમિટીએ દિવસની શરૂઆતમાં તેમનો અનિશ્ચિત ધરણા વિરોધ પાછો ખેંચી લીધો હતો.

દરમિયાન, એક્શન કમિટીએ જણાવ્યું હતું કે ગુરુવારની બેઠક પછી આગળની કાર્યવાહી જાહેર કરવામાં આવશે.

બસ ઓપરેટરોના સંગઠન, મુંબઈ બસ માલિક સંગઠન (ખઇખજ) એ દાવો કર્યો છે કે મહારાષ્ટ્રભરના અનેક પરિવહન સંગઠનોએ હડતાળના એલાનને ટેકો આપ્યો છે, અને ચેતવણી આપી છે કે જો તેમની ચિંતાઓનું નિરાકરણ નહીં આવે તો મુસાફરોની સેવાઓ અને માલ પરિવહન બંનેમાં સંભવિત વિક્ષેપ પડશે.

જો સરકાર ૩૦ જૂન પછી પણ અમારી લાંબા સમયથી ચાલી આવતી ફરિયાદોને અવગણશે, તો મહારાષ્ટ્રભરના વિવિધ મુસાફરો પરિવહન સંગઠનોએ સર્વાનુમતે ૧ જુલાઈથી અનિશ્ચિત સમય માટે 'બધા વાહનોને કી-ડાઉન' વિરોધ શરૂ કરવાનો નિર્ણય લીધો છે, એમ એમબીએમએસે જણાવ્યું હતું.

ટ્રાન્સપોર્ટરો ઘણા લાંબા સમયથી તેમને આપવામાં આવતા ઓનલાઇન ચલણોથી નારાજ છે અને તેઓ દંડની આ સિસ્ટમમાં સુધારો કરવા માટેની માગણી કરી રહ્યા છે. જોકે એના પ્રત્યે સરકાર સતત આંખ આડા કાન કરી રહી છે અને તેથી હવે તેઓ બેમુદત હડતાળ પર ઊતરવાના છે.

# બોરીવલીમાં આગ બસમાં લાગી ને અફડાતફડી મચી મેટ્રો ટ્રેનમાં

મુંબઈ: આજકાલ રોજ આગ અથવા અકસ્માતના વિચિત્ર બનાવો બની રહ્યા છે. બોરીવલી વિસ્તારમાં આવેલા દેવીપાડા મેટ્રો સ્ટેશન પર એક વિચિત્ર અને ડરામણી ઘટના બની ત્યારે મુંબઈ મેટ્રોમાં લોકોની સુરક્ષા અંગે સવાલો ઉભા થયા. મંગળવારે બપોરે, એક ખાલી ખાનગી બસમાં આગ લાગી. આ બસ દેવીપાડા મેટ્રો સ્ટેશનની નીચે પાર્ક કરેલી હતી અને અચાનક તેમાં આગ લાગતા તેની જ્વાળાઓ ઉંચી ઉઠવા લાગી. આ આગમાંથી નીકળતો ધુમાડો ઉપરના પ્લેટફોર્મ સુધી પહોંચ્યો.

તે જ સમયે, રેડ લાઇન પર દોડતી એક મેટ્રો ટ્રેન સ્ટેશન પર ઉભી રહી અને દરવાજા ખુલ્યા. દરવાજા ખુલતાની સાથે જ સ્ટેશન પર રહેલો ધુમાડો સીધો મેટ્રોના એક કોચમાં પ્રવેશી ગયો. જે કોચમાં ધુમાડો પ્રવેશ્યો હતો તેમાં બેઠેલા મુસાફરોને કંઈ સમજાયું નહીં. શું થયું છે તે કહેવા માટે કોઈ નહોતું, શું કરવું તેની કોઈ જાહેરાત નહોતી. લોકો ડરથી અહીં-ત્યાં જોઈ રહ્યા છે, કેટલાક દરવાજા તરફ દોડી રહ્યા છે, જ્યારે કેટલાક સીટ નીચે ઝૂકી રહ્યા છે. ધુમાડો એટલો બધો હતો કે મુસાફરોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી હતી. કેટલાક મુસાફરોને લાગ્યું કે કદાચ ઉતરવાનું છે, તેથી તેઓ દરવાજા તરફ દોડ્યા. પરંતુ ટ્રેન સ્ટાફ તરફથી કોઈ માહિતી મળી નહોતી. યોગેશ નામજોશી નામના એક મુસાફરે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે પહેલા દરવાજા ખુલ્યા, પછી બંધ થયા અને પછી ફરીથી ખુલ્યા. આના કારણે કોચમાં વધુ ધુમાડો પ્રવેશ્યો. મુસાફરો મૂંઝવણમાં હતા કે શું થઈ રહ્યું છે. બધાને ડર હતો કે ક્યાંક મેટ્રોમાં આગ ન લાગી હોય.


## ક્લાસિફાઈડ

### ૬. પરચુરણ

**આર્ટ સેન્ટર**
જૂની ઝરીની સાડી બોર્ડર, હાથના ઘડિયાળ, પેન, જૂના સિક્કા, નોટના બન્ડલ (1, 2, 5, 10, 20, 50, 100) લેનાર (90 ના હિન્દી ઓડિયો સીડી) ઓલ્ડ રેકોર્ડ હિન્દી એન્ડ ઇંગ્લિશ, એન્ટીક આઈટમ લેનાર. 9920663443 - 9107866786. (૨૮૭)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૯૮૨-ડી)

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૫૯૯૨-એ)



**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## છેલ્લા પાનાનું ચાલુ

### ભાજપના નેતાએ મહિલા

શનિવારવાડા વિસ્તારમાં સોમવારે ચાના એક સ્ટોલ નજીક આ ઘટના બની હતી. વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે કોંઢરેએ મહિલા અધિકારી સાથે ગેરવર્તન કર્યું હતું. મહિલા અધિકારીએ આક્ષેપ કર્યો હતો કે કોંઢરેએ તેની સાથે કરેલું શરમજનક કૃત્ય સીસીટીવી કેમેરામાં કેદ થયું હતું. ફૂટેજ જોયા પછી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૪ અને ૭૫ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. દરમિયાન ભાજપના શહેર એકમના અધ્યક્ષ ધીરજ ઘાટેએ જણાવ્યું હતું કે કોંઢરેએ શહેર એકમના મહામંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું અને પક્ષે તે સ્વીકાર્યું હતું. રાજીનામામાં કોંઢરેએ જણાવ્યું હતું કે તેની વિરુદ્ધની તપાસ પૂરી થાય ત્યાં સુધી તેને પક્ષની જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવે. અમે તેનું રાજીનામું માન્ય રાખ્યું હતું, એવું ઘાટેએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

### પહેલા ધોરણથી નહીં,

ભારતીય ભાષાનો અભ્યાસ કરવા માટે શાળામાં દરેક ધોરણમાં ઓછામાં ઓછા ૨૦ વિદ્યાર્થીઓની સંમતિ ફરજિયાત છે.

આ મુદ્દા પર બોલતા પવારે કહ્યું હતું કે, 'મુખ્ય પ્રધાને સોમવારે આ મુદ્દા પર એક બેઠક બોલાવી હતી. મારું માનવું છે કે હિન્દી ધોરણ પહેલાથી ચોથા સુધી શરૂ ન થવું જોઈએ. તે ધોરણ પાંચમાથી શીખવવું જોઈએ. વિદ્યાર્થીઓએ ધોરણ પહેલાથી મરાઠી શીખવું જોઈએ અને તેને સરળતાથી વાંચી અને લખી શકતા હોવા જોઈએ.'

તેમણે એમ પણ કહ્યું હતું કે જ્યારે તેઓ કોઈ પણ ચોક્કસ ભાષા શીખવવાની વિરુદ્ધ નથી, ત્યારે નાના વિદ્યાર્થીઓ પર શરૂઆતના તબક્કે વધારાની ભાષાનો બોજ નાખવો અયોગ્ય માને છે. મુંબઈમાં બેઠક બાદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે ત્રણ ભાષાના ફોર્મ્યુલા પર અંતિમ નિર્ણય સાહિત્યકારો, ભાષા નિષ્ણાતો અને રાજકીય નેતાઓ સહિત તમામ હિસ્સેદારો સાથે પરામર્શ કર્યા પછી જ લેવામાં આવશે. આ દરમિયાન, અભિનેતા સયાજી શિંદેએ પણ ધોરણ પહેલાથી હિન્દી શીખવવાનો વિરોધ કર્યો હતો.

'વિદ્યાર્થીઓને મરાઠી શીખવાની મંજૂરી આપવી જોઈએ, જે ખૂબ જ સમૃદ્ધ ભાષા છે. તેમને નાની ઉંમરે મરાઠીમાં સારી રીતે નિપુણ બનવું જોઈએ અને બીજી ભાષાનો બોજ તેમના પર ન લાદવો જોઈએ. જો તેને ફરજિયાત બનાવવી હોય, તો તેને ધોરણ પાંચમા પછી જ શીખવો,' એમ તેમણે કહ્યું હતું.

મરાઠી, હિન્દી, તમિલ, તેલુગુ અને અન્ય પ્રાદેશિક ભાષાઓની ફિલ્મોમાં અભિનય કરી ચૂકેલા શિંદેએ ત્રીજી ભાષા શીખવવાનો નિર્ણય પાછો ખેંચવાની પણ માગણી કરી હતી.

### મસ્જિદોમાં લાઉડસ્પીકર: મુસ્લિમ નેતાઓ અજિત પવારને મળ્યા

મુસ્લિમ નેતાઓના એક જૂથે બુધવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને મળીને એવી ફરિયાદ કરી હતી કે પોલીસ રાજ્યની મસ્જિદોમાંથી લાઉડસ્પીકર હટાવી રહી છે.

એનસીપીના નેતા નવાબ મલિકે જણાવ્યું કે તેમણે, એઆઈએમઆઈએમના ભૂતપૂર્વ વિધાનસભ્ય વારિસ પઠાણ, તેમની પાર્ટીના વિધાનસભ્ય અને પુત્રી સના મલિક, સમાજવાદી પાર્ટીના વિધાનસભ્ય અબુ અસીમ આઝમી અને અન્ય લોકો સાથે અજિત પવાર સાથે મુલાકાત કરી હતી.

ટીમે નાયબ મુખ્ય પ્રધાનને જણાવ્યું હતું કે ભાજપના નેતા કિરીટ સોમૈયા મસ્જિદોમાંથી લાઉડસ્પીકર હટાવવાની માગણી કરી રહ્યા છે અને પોલીસે તેમની ફરિયાદ પર કાર્યવાહી શરૂ કરી દીધી છે.

અજિત પવારે કહ્યું હતું કે જનતાએ બોમ્બે હાઈકોર્ટ દ્વારા નક્કી કરાયેલી ડેસિબલ મર્યાદાનું પાલન કરવું જોઈએ અને જો તેનું ઉલ્લંઘન થાય તો પોલીસે કાર્યવાહી પણ કરવી જોઈએ.

મુસ્લિમ નેતાઓએ કહ્યું કે મસ્જિદો હાઈકોર્ટ દ્વારા નક્કી કરાયેલી ડેસિબલ મર્યાદાનું પાલન કરતી હોવા છતાં પોલીસ લાઉડસ્પીકર હટાવી રહી છે.

નવાબ મલિક, જેમની પાર્ટી શાસક મહાયુતિ ગઠબંધનમાં ભાજપ અને શિવસેનાનો ભાગીદાર છે, તેમણે કહ્યું કે લાઉડસ્પીકર્સ માટે દિવસ દરમિયાન પંચાવન ડેસિબલ અને રાત્રે પિસ્તાલિસ ડેસિબલ માન્ય છે. તેમણે ઉમેર્યું કે રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી કોઈ પણ લાઉડસ્પીકરને મંજૂરી નથી. એપ્રિલમાં કિરીટ સોમૈયાએ મુંબઈના મુલુંડ વિસ્તારમાં એક વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું હતું જેથી કેટલીક મસ્જિદોમાંથી ગેરકાયદે લાઉડસ્પીકરો દૂર કરવાની માગણી પર દબાણ લાવી શકાય, કારણ કે તેઓ ધ્વનિ પ્રદૂષણમાં ફાળો આપે છે.

### સગીરાએ નાહતી

નાહતી વખતનો વીડિયો બનાવી લીધો હતો. આરોપીએ વીડિયો રેકોર્ડિંગ કર્યું હોવાની પોતાને જાણ નહોતી, એવો આક્ષેપ સગીરાએ ફરિયાદમાં કર્યો હતો.

ફરિયાદમાં જણાવાયું હતું કે વીડિયો ક્લિપની મદદથી આરોપીએ સગીરાને બ્લેકમેઈલ કરી હતી અને શારીરિક સંબંધની માગણી કરી હતી. સગીરાએ ઇનકાર કરતાં આરોપીએ વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ કર્યો હતો. આ પ્રકરણે સગીરાએ ૨૩ જૂને કરેલી ફરિયાદને આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો, પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી (આઈટી) ઍક્ટની જોગવાઈઓ હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો. આ પ્રકરણે પોલીસ તપાસ ચાલી રહી હોવાથી બુધવારની મોડી સાંજ સુધી આરોપીની ધરપકડ થઈ નહોતી. (પીટીઆઈ)

### જળાશયોની ક્ષમતા

કાઢવામાં આવ્યો ન હોવાને કારણે તેની પાણી સમાવવાની ક્ષમતા ઘટી ગઈ હોવી જોઈએ એવું માનવામાં આવી રહ્યું છે. પવઈ તળાવના પ્રદૂષણ સંદર્ભમાં મેરી સંસ્થાએ સર્વેક્ષણ પણ કર્યું હતું તેમાં પણ આ બાબત જણાઈ આવી હોવાનું માનવામાં આવે છે.પવઈ તળાવનો પરિસર ૫૫૭ એકર પર છે. આ તળાવના પરિસરમાં સ્યુએજ વોટર (ગંદુ પાણી) છોડવામાં આવતું હોવાને કારણે તેમાં જંગલી વનસ્પતિ ઊગી નીકળી છે. તેથી પાલિકાએ સ્યુએજ વોટર પવઈમાં ઠલવાતું રોકવા માટે પગલાં લઈ રહી છે.

## હિન્દુ મરણ

રાજકોટ નિવાસી, છોટાલાલ પરસોતમભાઈ ગંદાના ધર્મપત્ની તથા પીયુષભાઈ, દર્શનભાઈ, વિશાલભાઈ, વિપુલભાઇ તથા મોનાબેન નિલેશકુમાર અનડકટના માતુશ્રી. જામનગર નિવાસી સ્વ. ગોરધનદાસ પોપટલાલ કાનાણીના સુપુત્રી. મનુભાઈ, ભરતભાઈના બહેન સ્વ. ઈન્દુમતીબેનનું અવસાન તા. ૨૩-૬-૨૫, સોમવારના થયેલ છે. બેસણું ૨૬-૬-૨૫, ગુરુવારે ૫.૦૦થી ૬.૦૦. યોગી સભાગૃહ, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, કાલાવડ રોડ ખાતે રાખેલ છે. પિયરપક્ષની સાદડી સાથે રાખેલ છે.

**કોળી પટેલ**
ગામ અમલસાડ, હાલ બોરીવલીના રહેવાસી સ્વ. શાંતિલાલ મોરારજી પટેલના પુત્ર સ્વ. નરેન્દ્ર શાંતિલાલ પટેલ (ઉ.વ. ૬૧) તા. ૨૩-૬-૨૫ ના શ્રીજીચરણ પામેલ છે. તે ગં.સ્વ. નયનાબેનના પતિ. તે હેમાંગ અને હર્ષિતાના પપ્પા. તે જીતેન્દ્રભાઈ અને હરેન્દ્રના મોટાભાઈ. તે પારુલબેન અને ભારતીબેનના જેઠ. તે માધુરી, હિરલ, હેતલ, હર્ષ, વિનયના કાકા. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૭-૬-૨૫ના ૩.૦૦થી ૫.૦૦ સ્થળ: શ્રી લુહાર સુથાર વાડી હોલ, ૩ માળે, શ્રી વિશ્વકર્મા ચોક, કાર્ટર રોડ નં. ૩, દત્તપાડા રોડ, અંબાજી મંદિર પાસે, બોરીવલી (પૂર્વ). પુષ્પાણી ગુરુવાર, તા. ૩-૭-૨૫ના બપોરે ૩.૦૦થી ૫.૦૦ નિવાસસ્થાને રાખેલ છે.

**લેઉવા પાટીદાર**
નડિયાદ નિવાસી હાલ મુંબઇ ડો. રંજનબેન ચીમનલાલ પટેલ (ઉં. વ. ૭૨) તા. ૨૪-૬-૨૫ના મંગળવારે અવસાન થયું છે. તે તારાબેન ચીમનલાલ પટેલના પુત્રી. વિરમેશભાઇના બહેન. અલ્પાબહેનના નણંદ. મિથિલેશ અને સામર્થ્યના ફૈબા. બેસણું તા. ૨૬-૬-૨૫ ગુરુવારે સાંજે ૫થી ૭. ઠે. સ્વામિનારાયણ મંદિર, મિલાપ થિયેટર પાસે, એસ. વી. રોડ, મલાડ (વેસ્ટ).

**લુહાર સુતાર**
ગામ કોઠા પીપરીયા હાલ ભાડુંપ, સ્વ. નંદુબેન રામજીભાઈવાળાના સુપુત્ર મનસુખભાઈ (ઉં. વ. ૭૬) તા. ૨૨-૬-૨૫ના અવસાન પામેલ છે. તેઓ મધુકાંતાના પતિ. કિરણ-રીટા, પંકજ-અનંતિના પિતાશ્રી. સ્વ. ભીખાભાઈ ખોડાભાઈ મકવાણા (હાલરીયાવાળા)ના જમાઈ. વલ્લભભાઈ, જેન્તીભાઈ, હરેશભાઈ, કંચનબેન શાંતિલાલ મકવાણા, વસંતબેન ગીરધરલાલ કવા, ઉર્મિલાબેન વિનોદકુમાર મકવાણાના મોટાભાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર તા.૨૭/૦૬/૨૫ ના ૪ થી ૬. શ્રી જીવરાજ ભાણજી શાહ સ્મારક ટ્રસ્ટ, અશોક હોલ, અશોકનગર, મેહુલ સિનેમાની બાજુમાં, નાહુર રોડ, મુલુંડ (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**
આમરણ બેલા હાલ મલાડ, અ.સૌ. પન્નાબેન મિરાણી/ ઠક્કર (ઉં. વ. ૭૪), હરીશભાઈ પ્રાગજીભાઈ મીરાણીનાં ધર્મપત્ની. સ્વ.કાશીબેન પ્રાગજીભાઈ મીરાણીનાં પુત્રવધૂ. સૌ.વંદના કેતનકુમાર સાયાણી, સૌ. તૃપ્તિ વિક્કીકુમાર ત્રિકમાણી, સૌ. નેહા વિશાલકુમાર ઠક્કરના માતુશ્રી. વંશ, દિવમ અને ઋષભના નાની. પિયરપક્ષે સ્વ.કાંતાબેન હરિદાસ (કાકુભાઇ) ઠક્કર (પાબારી) કલ્યાણવાળાની દીકરી. તા.૨૩/૬/૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા.૨૬/૬/૨૫ના ૫ થી ૬.૩૦. હાલાઇ લોહાણા મહાજન વાડી, ૨ જે માળે, એસ.વી.રોડ, શંકરના મંદિરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા દિશાવળ**
કોળીયાક નિવાસી હાલ મલાડ, સ્વ. અમૃતલાલ જીવનદાસના પુત્ર વિજયભાઈ પારેખ (ઉં. વ.૬૬) તે વર્ષાબેનના પતિ. મેઘના, મિનળ, ભાવિનના પિતા. પ્રશાંત, અભિષેક, ઉર્વીના સસરા. સ્વ. નરોત્તમદાસ નાનજી પારેખના જમાઈ ૨૩/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની સાદડી ૨૬/૬/૨૫ના ૫ થી ૭. સરાફ માતૃ મંદિર હોલ, પોદ્દાર રોડ, મલાડ ઈસ્ટ.

**હાલાઇ લોહાણા**
કુમારી કાજોલ દાસાણી (ઉં. વ. ૩૦) તે ગં.સ્વ સંગીતાબેન કમલેશભાઈ દાસાણીના દીકરી. સ્વ. લક્ષ્મીબેન વ્રજલાલ ઓધવજી દાસાણી મંડેરવાળાના પૌત્રી. ગં. સ્વ. મીનાબેન ચંદ્રકાંત, ગં. સ્વ. જયશ્રીબેન જયેન્દ્ર, ગં.સ્વ. દેવિકાબેન કિરીટ, સ્વ. હંસાબેન પ્રકાશ, ગં. સ્વ. કલ્પનાબેન અશોક, ગં.સ્વ. લતાબેન સુધીર, સ્વ. જ્યોતિબેન, નીલાબેન ભુપેન્દ્રભાઈ તેજુરાના ભત્રીજી. ગં.સ્વ. બિમલાબેન રામનીવાસ પોદ્દારના દોહિત્રી ૨૪/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ડી -૧૧૫, દત્તાણી નગર બિલ્ડીંગ નં ૧, એસ. વી. રોડ, કલ્યાણ જવેલર્સની સામે, કોરાકેન્દ્ર, બોરીવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**
ગં. સ્વ. મીનાબેન (ઇન્દુબેન) જીતેન્દ્રભાઈ (વિનુભાઈ) ઠક્કર (ઉં. વ. ૮૬) તે પૂનમ અતુલભાઈ રૂપારેલિયાના માતુશ્રી. હરકિશનભાઈ, વિનોદભાઈ, રમેશભાઈ, ખીમજીભાઈ દત્તાણી, ભાનુમતી ધરમશીભાઈ ગાંધી અને ભારતીબેન દિનેશભાઇ ઘેલાણીના બહેન. જીનીશા રિષિતકુમાર લાખાણી, યશાના નાની. હરીશભાઈ, સ્વ. કિરીટભાઈ, સ્વ. હર્ષદભાઈ મકનજી ઠક્કર, સ્વ. નિર્મળાબેન મથુરાદાસ સુતરીયા, વીણાબેન ભરતભાઈ ઠક્કર, ઇન્દુબેન ઠક્કર, નલિનીબેન જમાલભાઈ રાજના ભાભી ૨૪/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દેસાઈ સઇ સુથાર જ્ઞાતિ**
ગામ હાથબ નિવાસી હાલ બોરીવલી, સ્વ. હીરાબેન રામજીભાઈ પરમારના પુત્ર પ્રકાશભાઈ (ઉં. વ. ૬૭) તે કલ્પનાબેનના પતિ. વિશાલ તથા સ્વ. તૃપ્તિના પિતા. સ્વ શાંતિભાઈ, સ્વ. હસમુખભાઈ, સ્વ. ભગવતીબેન તથા હર્ષાબેનના ભાઈ. દુધાળા નિવાસી હાલ ડોમ્બિવલી સ્વ. લાલજીભાઈ પ્રેમજીભાઈ વાઘેલાના જમાઈ. ૨૧/૬/૨૫ના રામશરણ પામેલ છે. તેમની સાદડી ૨૬/૬/૨૫ના ૫ થી ૬. દેસાઈ સઇ સુતાર જ્ઞાતિ વાડી, અશોક ચક્રવતી રોડ, સ્વયંભુ ગણપતિ મંદિર સામે, કાંદિવલી ઈસ્ટ.

**ઘોઘારી લોહાણા**
મૂળ ગામ ભાયાવદર હાલ બોરીવલી, વિનોદરાય ગિરધરલાલ વિઠ્ઠલદાસ જોબનપુત્રા (ઉં. વ. ૭૭)તે પ્રફુલ્લાબેનના પતિ તા.૨૩-૬-૨૫ને સોમવાર શ્રીજીચરણ પામેલા છે. સ્વ.જયંતિભાઈ, સ્વ.પ્રભુદાસભાઈ, હસમુખભાઈ, બાબુભાઈ, કિશોરભાઈ, સ્વ.પ્રભાબેન જમનાદાસ, કાંતાબેન બાલુભાઈ, સ્વ.ચાંપાબેન હસમુખલાલ, ગીતાબેન મહેશકુમાર, રમાબેન ભરતકુમારના ભાઈ. સંજય અને દિવ્યેશના પિતા. પ્રીતિબેન અને ભાવિકાબેનના સસરા. સ્વ. હરજીવનદાસ દુર્લભજીભાઈ નગદીયાના જમાઈ. પ્રાર્થનાસભા બંને પક્ષ તરફથી તા.૨૬-૬-૨૫ને ગુરુવાર ૫ થી ૭. લુહાર સુથાર વાડી, રાજ હીલ બિલ્ડિંગની સામે બોરીવલી ઇસ્ટ.

**કપોળ**
રાજુલાવાળા હાલ બોરીવલી, સ્વ. દેવકોરબેન લલુભાઇ જીવરાજ મહેતાના પુત્ર કીરીટકુમાર (ઉં. વ. ૭૭) તે ભારતીબેનના પતિ. ફાલ્ગુની હિતેન, વિપુલ તથા તૃપ્તિ, છાયા સુધીર, હિમાંશુ તથા નમ્રતાના પિતા. ડેડાણવાળા સ્વ. હિરાબેન મોતીલાલ રામજી ચિતલિયાના જમાઈ. સ્વ. મુકુન્દભાઈ, ઇન્દુબેન બળવંતરાય, હરેશભાઈ, સરોજબેન નરેન્દ્રકુમાર, સ્વ. નરેન્દ્રભાઈ, સ્વ. રમેશભાઈના ભાઈ તા. ૨૩.૦૬.૨૫ના સોમવાર શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા તા.૨૬.૦૬.૨૫ના ગુરુવાર ૫ થી ૭. ફ્રેન્ડ્સ બેન્કવેટ હોલ, એચ. ટી દેસાઈ કમ્પાઉન્ડ, રૂસ્તમજી ઇન્ટરનેશનલ સ્કૂલ પાસે, જયવંત સાવંત માર્ગ દહિસર વેસ્ટ.

**કરછી લોહાણા**
અ. સૌ પુષ્પાબેન ગોપાલજીભાઈ કાકુભાઈ સોનાગેલા કચ્છ ગામ નલીયાના સુપુત્રી લીનાના પતિ લલીતભાઈ ખોસા (ઉં. વ.૪૭) તે શીનના પિતા. શ્રીમતી જીજ્ઞા ચેતનકુમાર સોનાગેલાના બનેવી. સરલાબેન મોતીરામ ખોસાના સુપુત્ર, અમિત ખોસાના ભાઈ. તા. ૨૪/૬/૨૫ મંગળવારના સ્વર્ગવાસ થયેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬/૬/૨૫ ગુરુવારના ૫:૩૦ થી ૭:૦૦. શ્રી પંડિત રત્નચંદ્રજી જૈન કન્યાશાળા,ચોથે માળે, મલ્ટી પર્પસ રૂમ. કામા લેન, ઘાટકોપર વેસ્ટ, લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**
પીઠવડીવાળા હાલ કાંદિવલી લલિતાબેન ધોરડા (ઉ.વ.૭૮) તે ડેળાસાવાળા નારણભાઇ લાખાભાઇ વાયાના દીકરી, નાનુભાઈ વીરાભાઇ ધોરડાના ધર્મપત્ની. ભાસ્કરભાઈ, જીજ્ઞેશભાઈ, હંસાબેન કિરીટભાઈ સાગર, સરોજબેન મહેશભાઈ સાગર, સોનમબેન રાજેશભાઈ ધક્કાણના માતુશ્રી, મીનાબેન ભાસ્કરભાઈના સાસુ, જય, નિશાના દાદી, દેવાંગ, અંકિત, અમિત, પૂજા રવિભાઈ જિનાદ્રા, યશ, હિતના નાની. ૨૩/૦૬/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૬/૬/૨૫ના ૪.૩૦ થી ૬. ઠે. પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**બ્રાહ્મણ**
છાયા મિલિંદ વૈદ્ય (ઉ.વ.૬૫) તા. ૨૧/૬/૨૫ શનિવારે મુંબઈમાં શ્રીજીચરણ પામ્યા છે. મિલિંદ મકરંદ વૈદ્યની પત્ની. ગોરધનદાસ જમનાદાસ કાપડિયાની પુત્રી. અક્ષય અને મયુરાની માતા. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**
સ્વ. મહેશ ઓધવજી બાવડના ધર્મપત્ની ઉમા મહેશ બાવડ (નૈનાબેન) (ઉં. વ. ૭૧) ગામ નખત્રાણા હાલ ઘાટકોપર સ્વ. ઓધવજી દામજી બાવડના પુત્રવધૂ. કેતકી ચિંતન શાહ તથા જીજ્ઞા ભૂષણ દડિયાના મમ્મી. રણજીત બાવડના ભાભી. સ્વ. મૂળચંદ કાનજી વોરાની પુત્રી. વિરેશ, હરેશ, કીરીટભાઇ, ભાવનાબેનના બેન. તા. ૨૫-૬-૨૫ના ધામમાં ગયા છે. લૌકિક વ્યવહાર બંધ છે અને પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી.

**હાલાઇ લોહાણા**
સુરત નિવાસી હાલ વસઇ રોડ ગં. સ્વ. નિલાબેન મહેન્દ્રભાઇ માવાણી (ઠક્કર)ના સુપુત્ર સંજયભાઇ (ઉં. વ. ૫૯) મંગળવાર, તા. ૨૪-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ભાવનાબહેનના પતિ. પ્રિયંકા, કરણના પિતાશ્રી. સંદીપ, કવીતાના મોટાભાઇ. સ્વ. નલીનીબહેન તથા સ્વ. ચંદુભાઇ તુલસીદાસ ઠકરાર કલ્યાણના જમાઇ. મોસાળપક્ષ ગં. સ્વ. લીલાવતીબહેન હરીદાસ રાઇચુરાના દોહિત્ર. પ્રાર્થનાસભા તા. ૨૬-૬-૨૫ના ગુરુવારના ૪થી ૬. ઠે. કે. ટી.વાડી, ૬૦ ફૂટ રોડ, વસઇ રોડ (વેસ્ટ).

**લુહાર સુતાર**
ગામ અમરેલી હાલ મુંબઇ સ્વ. રસીલાબેન શશીકાંત દોડીયાના સુપુત્ર સંજયભાઇ દોડીયા (ઉ. વ. ૬૨) તા. ૨૫-૬-૨૫ના શ્રીજીચરણ પામેલા છે. જે અંજલીબેનના પતિ. કૌટિલ્ય, તીર્થના પિતાશ્રી. મેઘનના સસરા. કાશ્વિના દાદા. જયેશભાઇ, હિતેશભાઇ, ભારતીબેન સંદીપભાઇ મિસ્ત્રીના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૨૬-૬-૨૫ના પથી ૭. ઠે. સૂર્યનારાયણની વાડી, સૂરજવાડી ૧૫૨, પાંજરાપોળ, મુંબઇ-૪૦૦૦૦૪.

**દેસાઇ દરજી સઇ સુથાર**
મૂળ ગામ ભાવનગર હાલ કાંદિવલી મહેન્દ્રભાઇ વનમાળીદાસ માંડલિયાના ધર્મપત્ની ભારતીબેન માંડલિયા (ઉં. વ. ૭૫) તા. ૨૨-૬-૨૫ના અવસાન થયેલ છે. તે આનંદભાઇ તથા અનીષભાઇનાં માતુશ્રી. વિવાનનાં દાદીમા. ક્રિશ્નાબેનના સાસુમા. બેસણું તા. ૨૬-૬-૨૫ના ગુરુવારે હાલાઇ લોહાણા મહાજનવાડી, એસ.વી.રોડ, કાંદિવલી (પશ્ચિમ) સાંજે ૪થી ૬.

## પારસી મરણ

સિલ્લુ બહેરામ પોલાર્ડ તા. ૨૪-૬-૨૦૨૫ના ઈરાની રોડ, દહાણુમાં ગુજરી ગયા છે. તે મરહૂમ બહેરામ ખોદારામ પોલાર્ડના ધણિયાની. તે ખોદારામ, મેરવાન, ફ્રેની સની પોલાર્ડના માતા. તે મરહૂમ સેમ અને ફ્રેની ઈરાનીના દીકરી. તે ગુલ બેજન ડુમસીઆ, મરહૂમ રશીદ અને રુસીના બહેન. અવાન, સની, મરહૂમ શેરેઝાદના સાસુ. (ઉં.વ. ૯૬)

## જૈન મરણ

**ઝા. દશા. સ્થા. જૈન**
રાણપુર નિવાસી હાલ વાશી સ્વ. મધુબેન ઈન્દુલાલ ખાટડિયાના સુપુત્ર કિરિટભાઈ (ઉં.વ. ૭૬) તા. ૨૨-૬-૨૫, રવિવારના અરિહંતશરણ પામેલ છે. જયશ્રીબેનના પતિ. તોરલબેન જિતેનભાઈ, ભારતીબેન જગદીશભાઈ, વર્ષાબેન, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. પલ્લવીબેન રાજેશભાઈના ભાઈ. ધરતી પથિકભાઈ, ફોરમ મેહુલભાઈ ટિવ્શા, ટ્વીંકલ, મૌલિક વેલેરીના પિતા. થાનગઢ નિવાસી હસમુખભાઈ હરખચંદ દોઢિવાળાના જમાઈ. આયુષી, આર્યન, દિયા, કિયાન, કિયાના, વિયાન, વિરાના દાદા-નાના. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**
જામકંડોરણા નિવાસી હાલ મીરારોડ, હરિલાલ ગીરધરલાલ મહેતા (ઉં. વ. ૮૬) ૨૪/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નીલમબેનના પતિ. જિજ્ઞેશ, મનીષ, સોનલના પિતા. વૈશાલી, પ્રિતી, પરેશકુમારના સસરા. સ્વ. કાનજીભાઈ નેમચંદ શાહના જમાઈ. સ્વ. કુંદનભાઈ, સ્વ. છબીલભાઈ, સ્વ. મૃદુલાબેન, સ્વ. હીરાબેન, સ્વ. જસીબેનના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
ભુજપુરના કેસરબેન કાનજી ગોગરી (કાપડીયા) (ઉં. વ. ૯૦) તા. ૨૪-૬ના અવસાન પામેલ છે. જીવીબેન કાનજી ઉમરશી ગોગરીના પુત્રી. કાંડાગરાના પરમાબેન રામજીના પુત્રવધૂ. મંગલના પત્ની. ડેપા કસ્તુર નાનજી, શાંતીલાલ, વસનજી, દેવચંદ, મણીલાલ, હીરાલાલ, કિરણ, ડુમરા મુક્તા રતનશીના બહેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સં. કરસન લધુભાઇ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦. નિ. કીરણ ગોગરી, સી-૩૦૯, ઇન્ડીયાના, અંધેરી-કુર્લા રોડ, અંધેરી (પૂ.) મુંબઇ-૯૩.

મોથારાના ભવાનજી પાલણ સાવલા (ઉં. વ. ૭૯) તા. ૨૩/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. જેઠીબાઈ પાલણના પુત્ર. શાંતાબેનના પતિ. મનીષ, ભરત, અલ્પાના પિતાશ્રી. જેઠાલાલ, દામજી, મેઘજી, નાનજી, લક્ષ્મીચંદ, મણીબેન, ઝવેરબેન ના ભાઈ. જેતબાઈ શીવજી તલકશી ગાલા ના જમાઈ. પ્રા. શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ સંચાલિત કરસન લઘુ નીસર હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩:૩૦. નિ. ભવાનજી સાવલા, ૧૫, જુની ગોપાલ બિલ્ડીંગ, ઈરાની વાડી રોડ નં. ૨, કાંદીવલી (વે) મું- ૬૭.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**
ગામ ભરૂડિયા હાલે મનફરાના બકુલાબેન જેઠાલાલ ગાંગજી ગાલા (ઉં. વ. ૭૦) સોમવાર તા.૨૩.૦૬.૨૫ના વડોદરા મધ્યે અવસાન પામેલ છે. કેતુલ, અંકિલ, કૃપલના માતુશ્રી, ભાવના, હિના, અલ્પેશના સાસુ, વિશાલ, અધિરાજ, ઝલક, પ્રિશાના દાદી, પલાશ, યેશાના નાની. મનફરાના માતુશ્રી પુંજીબેન શામજી લખમણ સાવલાની દીકરી. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૬.૦૬.૨૫, સમય ૩થી ૪.૩૦ સ્થળ. કપોળવાડી, ઘાટકોપર. ઠે. એ-૯, મેહુલ સોસાયટી, શુભાનપુરા, વડોદરા, ગુજરાત.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**
ગામ શિવલખા હાલે લાકડીયાના સ્વ. અશોક ખેતશી અરજણ ગડા (ઉં. વ.૫૩) શનિવાર તા.૨૧.૦૬.૨૦૨૫ના દેશમાં અવસાન પામેલ છે. સ્વ. પુંજીબેન અરજણના પૌત્ર, ગં.સ્વ. ધનુબેનના સુપુત્ર, સ્વ.ભાણજી, ભાવેશ, રાજેશ, મંજુલા, ભાનુ, હંસાના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન. રાજેશ ગડા, પ્રતાપનગર, ડી-૦૦૭,પુષ્પાપાર્ક, દફતરી રોડ, મલાડ-ઈસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
લીંબડી નિવાસી ગોરેગામ હાલ યુ.એસ.એ. મુકેશભાઇ શાહ (ઉં. વ.૭૯) તા. ૨૨-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. હંસાબેનના પતિ. સ્વ. શાંતાબેન વ્રજલાલ કસ્તુરચંદના પુત્ર. દિપાલી હેમિન, તોરલ હિમાંશુ, સલોની તોખારના પિતાશ્રી. અર્થ, આર્યન, રિયાન, નિક્ષય, શિવેન, રિશાતના દાદા. સ્વ. અનિલભાઇ, સ્વ.લતાબેન, મંદાબહેન, સ્વ. ભારતીબેનના ભાઇ. સ્વ. શાંતાબેન રાયચંદ ગોસલિયાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
મહુવા નિવાસી હાલ સુરત સ્વ. સૌભાગ્યબેન પ્રતાપરાય દોશીના સુપુત્ર પ્રવીણચંદ્ર (ઉં. વ. ૮૭) સોમવાર તા. ૨૩-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મધુબેનના પતિ. પ્રફુલભાઇ લીલાવતીબેન, રંજનબેનના મોટાભાઇ. જયેશ-વૈશાલી, આશા રોહિતભાઇ, નિશા નીલેશભાઇ, કવિતા વિજયભાઇના પિતા. રાહુલ અને શ્રુતિના દાદા. ચંપાબેન નરોત્તમદાસ ત્રિભુવનદાસ પટેલ (વંડાવાળા)ના જમાઇ. પુષ્પાબેન મહેન્દ્રભાઇ, સવિતાબેન ચંદુલાલ, હંસાબેન મહેન્દ્રકુમાર (ધાણાદાળવાળા) કોકીલાબેન ધીરુભાઇ, નગીનભાઇ, જીતુભાઇ, નરેન્દ્રભાઇ, અનિલભાઇના બનેવી. પિતૃ વંદના રવિવાર, તા. ૨૯-૬-૨૫ના ૧૦થી ૧૨. ઠે. શ્યામ કુંજ, મહારાજા અગ્રસેન ભવન, સીટીલાઇટ રોડ, સુરત (ચક્ષુદાન કરેલ છે).

**અમદાવાદી દશા શ્રીમાળી જ્ઞાતી જૈન**
સ્વ. કુસુમબેન અમરચંદ ઝવેરીના પુત્રવધૂ જવનિકાબેન દીપકભાઇ ઝવેરી (ઉં. વ. ૮૧)તા. ૨૪-૬-૨૫ના મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે અનિશભાઇ અને ખ્યાતિબેનના માતુશ્રી. પીનાબેન, હિતેશભાઇના સાસુ. આગમ, પ્રણાલી, દર્શિલના દાદી. પીયર પક્ષે સ્વ. સુમનબેન દયાચંદભાઇ શાહના સુપુત્રી. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

# પુરુષ





# ચોમાસામાં સહ્યાદ્રિની સફર હોય છે મઝાની, પણ...

## એક સુંદર સેલ્ફી કે રિલની કિંમત તમારો જીવથી જરાય વધારે નથી !

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

**ચોમાસાની** ઋતુ આવે એટલે મહારાષ્ટ્રના સહ્યાદ્રિના લીલાછમ પહાડો, ધોધ, અને ઝરણાઓ યુવાનો અને પ્રકૃતિપ્રેમીઓને આકર્ષે છે. વીકેન્ડ્સ કે રજાઓમાં સહ્યાદ્રિના ખોળે ટ્રેકિંગ, પિકનિક કે ફોટોગ્રાફી માટે નીકળી પડવું એ ઘણાની ટેવ બની ગઈ છે, પરંતુ ગયા વર્ષે ચોમાસામાં સહ્યાદ્રિમાં થયેલા અકસ્માતો જેવા કે પહાડો પરથી નીચે પડવું, પાણીના પ્રવાહમાં ફસાઈ જવું કે એ પ્રકારની અન્ય દુર્ઘટનાઓ આપણને ચેતવણી આપે છે કે આ મનમોહક ઋતુમાં સાવચેતી અને સંયમ અનિવાર્ય છે.

યાદ રાખો, આ વર્ષે ચોમાસું પણ તોફાની મિજાજમાં છે ત્યારે સહ્યાદ્રિની મુલાકાતે જવું હોય તો શું ધ્યાન રાખવું ને એમાંય સેલ્ફી કે રિલ્સના ઉન્માદને કઈ રીતે નિયંત્રિત કરવો એ સમજવું જરૂરી છે.

સૌથી પહેલાં, ટ્રેકિંગ કે પહાડી સફરનું આયોજન કરતાં પહેલાં હવામાનની આગાહીની ચકાસણી કરવી આવશ્યક છે. ચોમાસામાં સહ્યાદ્રિના વિસ્તારોમાં અચાનક ભારે વરસાદ કે ધુમ્મસ આવી શકે છે, જે વિઝિબિલિટી ઘટાડે છે અને રસ્તાઓ લપસણા બનાવે છે એટલે વરસાદની સંભાવના વધુ હોય તો સફર ટાળવી જ શ્રેયસ્કર છે. બીજું, ટ્રેકિંગ માટે જાણીતા અને સુરક્ષિત રૂટ જ પસંદ કરો. ઓછા જાણીતા કે જોખમી રસ્તાઓ પર જવાનું ટાળો. સ્થાનિક ટ્રેકિંગ ગ્રૂપ કે ગાઈડની મદદ લેવી એ સલામતીની દૃષ્ટિએ ફાયદાકારક રહેશે. એમની પાસે સ્થાનિક ભૂપ્રદેશ અને હવામાનની ઊંડી સમજ હોય છે, જે અકસ્માતોનું જોખમ ઘટાડે છે.

ટ્રેકિંગ દરમિયાન યોગ્ય સાધનો અને વસ્ત્રોનું પણ ધ્યાન રાખવું જોઈએ. લપસણા રસ્તાઓ પર ટ્રેકિંગ શૂઝ અથવા ગ્રિપવાળા ફૂટવેર પહેરવા. રેઈનકોટ, વોટરપ્રૂફ બેગ, પ્રાથમિક સારવારની કીટ, ટોર્ચ, અને પૂરતું પાણી-ખોરાક સાથે રાખો. ફોનની બેટરી ફુલ ચાર્જ હોય અને ઈમરજન્સી નંબર્સ સાચવેલા હોવા જોઈએ. એકલા ટ્રેકિંગ કરવાને બદલે જૂથમાં જવું વધુ સલામત છે. તમારા ટ્રેકિંગની વિગતો અને અંદાજિત પરત ફરવાનો સમય પરિવાર કે મિત્રોને જણાવી દો.

આજના સોશિયલ મીડિયાના યુગમાં સેલ્ફી, રિલ્સ, અને ફોટોઝનો ઉન્માદ યુવાનોમાં ખૂબ જોવા મળે છે. સહ્યાદ્રિના મનોહર દૃશ્યો ધોધ, ખીણો, અને પહાડી ટોચો ફોટો કે રિલ્સ માટે લલચાવનારા હોય છે, પરંતુ આ ઉત્સાહમાં ઘણી વખત લોકો સલામતી ભૂલી જાય છે. ધોધની નજીક, ખડકની ધાર પર, કે લપસણા ઢોળાવ પર સેલ્ફી લેવાનો પ્રયાસ ઘણી વખત જીવલેણ બન્યો છે. ગયા વર્ષે આવી અનેક દુર્ઘટના બની છે માટે જ્યાં સેલ્ફી કે રિલ્સના ચક્કરમાં યુવાનોએ જીવ ગુમાવ્યો એવાં જોખમી સ્થળોએ જવાનું ટાળો. ફોટો લેવા માટે સુરક્ષિત સ્થળ પસંદ કરો અને પગની પકડ મજબૂત હોય એની ખાતરી કરો. સેલ્ફી સ્ટીક કે ટ્રાઈપોડનો ઉપયોગ કરો, જેથી તમારે ખતરનાક સ્થિતિમાં ફોન પકડવાની જરૂર ન પડે. ખાસ કરીને ધોધ કે નદીના પ્રવાહની નજીક જતાં પહેલાં પાણીની ગતિ અને ઊંડાઈનો અંદાજ લો. અચાનક પાણીનો પ્રવાહ વધવાથી ઘણા અકસ્માતો થયા છે.

સોશિયલ મીડિયા પર લાઈક્સ કે ફોલોઅર્સની લાલચમાં જીવનું જોખમ ન લેવું. એક સુંદર ફોટો કે રિલની કિંમત તમારો જીવ નથી. સેલ્ફી કે ફોટો લેતી વખતે આસપાસના વાતાવરણનું ધ્યાન રાખો. જો સ્થળ જોખમી લાગે તો ફોટો લેવાનું મુલતવી રાખો. બીજાને ઈમ્પ્રેસ કરવા કરતાં પોતાની સલામતીને પ્રાથમિકતા આપો. ટ્રેકિંગ દરમિયાન ફોનનો ઉપયોગ ઓછો કરો અને પ્રકૃતિનો આનંદ માણો. રિલ્સ બનાવવાની ઉતાવળમાં ટ્રેકનો આનંદ અને સલામતી બંને ગુમાવવાનું જોખમ ન લો.

ટૂકમાં સહ્યાદ્રિની નૈસર્ગિક સુંદરતાને નિહાળવાની સાથે પ્રકૃતિની પણ કદર કરો. કચરો ન ફેલાવો, પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો, અને પ્રકૃતિને નુકસાન ન પહોંચે એનું ધ્યાન રાખો.

ચોમાસામાં સહ્યાદ્રિની સફર એક અવિસ્મરણીય અનુભવ બની શકે છે. બસ, થોડી સાવચેતી, સંયમ, અને જવાબદારીની જરૂર છે. જસ્ટ, પ્રકૃતિનો આનંદ માણો ને સુંદર યાદો સાથે ઘરે પરત ફરો... ■



## ડિયર હની... તારો બન્ની
### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# મંગળસૂત્રનું મહત્ત્વ કેટલું?

ડિયર હની,
એ વીડિયો જોયો..અને એ વાત કેમે ય ભુલાતી નથી. ૯૩ વર્ષના
સાચું કહું તો એ અહેવાલ જોયો, નજર સમક્ષ તરવર્યા કરે છે. પતિની ઇચ્છા પૂરી થાય છે અને પત્નીને
સખારામ શિંદે અને શાંતાબાઈ જાય છે. અને એ જોઈ આપણી આંખો પણ ભીની થઇ જાય
એવી ભેટ મળે છે કે એની આંખો છલકાઈ પત્ની માટે મંગળસૂત્ર લઇ શક્યા નહોતા. લગ્ન સમયે
છે. સખારામ શિંદેને એક અફસોસ હતો કે સખારામ ભિક્ષા માગી જીવન ગુજારતા આવ્યા છે, પણ બંને
વડીલોએ કહ્યું કે એ માટે ત્રેવડ નથી. અને સોનીની દુકાને જાય છે. અને ત્યાં કપડામાં બાંધેલા રૂપિયા એ કાઉન્ટર
યાત્રાએ નીકળે છે અને વચ્ચે એક પણ થોડું પરચૂરણ મુકે છે. દુકાનદાર આ બધું જોઈ દ્રવી જાય છે અને
પર મુકે છે અને પત્ની શાંતાબાઈ આપવા તૈયાર થાય છે, પણ વૃદ્ધ દંપતી પોતાની બચતના પૈસાથી એ ખરીદવાનો
એ વિનામૂલ્યે મંગળસૂત્ર ટોકન રૂ. ૨૦ લઇ મંગળસૂત્ર આપે છે.
આગ્રહ રાખે છે ને આખરે એ જાણે કોઈ ફિલ્મનો સંવેદનશીલ સીન હોય એવું લાગે, પણ વાસ્તવિક
આહાહા ...શું દ્રશ્ય છે. દામ્પત્ય જીવનની મહેકની અનુભૂતિ થાય છે.
જિંદગીમાં આવું બને ત્યારે આપીને મંગળસૂત્રની વાત કરવી છે. મંગળસૂત્ર માત્ર એક ઘરેણું નથી,
મારે તો આ ઘટનાનું ઉદાહરણ સુહાગ, સૌભાગ્ય, રક્ષણ અને અતૂટ પ્રેમનું પ્રતીક છે. 'મંગલ' નો
પરંતુ તે ભારતીય નારીના જીવનમાં આમ શુભ દોરો છે, જે શુભતા લાવે છે. એવી માન્યતા છે કે
અર્થ શુભ અને સુત્રનો અર્થ દોરો થાય છે. થાય છે અને એમનું સ્વાસ્થ્ય સારું રહે છે.
મંગલસૂત્ર પહેરવાથી પતિનું આયુષ્ય લાંબું નિશાની છે. લગ્ન સમયે પતિ દ્વારા પત્નીને મંગળસૂત્ર પહેરાવવાની
મંગળસૂત્ર એ સૌભાગ્ય અને સુહાગની છે. તે પેઢી દર પેઢી ચાલી આવતી એક પરંપરા છે, જે ભારતીય
વિધિ અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે પતિ-પત્ની વચ્ચેના પરસ્પર સ્નેહ, વિશ્વાસ અને પ્રતિબદ્ધતાનું
લગ્નની પવિત્રતા દર્શાવે છે. આ ઘરેણું બંધનની સતત યાદ અપાવે છે અને એમને જવાબદારી અને નિષ્ઠા સાથે
પ્રતીક છે. તે સ્ત્રીને તેના વૈવાહિક દશ્યો દ્વારા સંવેદના સર્જવામાં આવે છે.
જીવવા પ્રેરણા આપે છે.
આજ કારણે ફિલ્મોમાં મંગળસૂત્રને ધ્યાનમાં રાખી કેટલાંક તો નરેન્દ્ર મોદીએ પણ આ મંગળસૂત્રને મુદ્દો બનાવી દેતા
અને હા, લોકસભાની ૨૦૨૪ની ચૂંટણીમાં 'કૉંગ્રેસ જો સત્તામાં આવશે તો દેશના લોકોની સંપત્તિનો સર્વે
વિવાદ સર્જાયો હતો. મોદીએ કહેલું કે, એવો આરોપ લગાવ્યો કે કૉંગ્રેસવાળા મહિલાઓ પાસે
કરાવશે અને તેને પુનઃવિતરણ કરશે. એમણે છીનવીને વહેંચી દેશે....! માતાઓ-બહેનોનું મંગળસૂત્ર માત્ર
રહેલા સોના, ખાસ કરીને મંગળસૂત્રને પણ સાથે એ જોડાયેલું છે. આપણે મંગલસૂત્રના આવા
સોનાની કિંમતનો મુદ્દો નથી, પરંતુ તે એમનાં સપના
રાજકારણમાં ન પડીએ... પણ ફાયદા છે એ મંગળસૂત્ર પહેરનારી પત્નીઓને કદાચ ખબર
આ ઘરેણાંનાં આરોગ્યની દ્રષ્ટિએ સંપર્કમાં આવે ત્યારે શરીર પર સકારાત્મક અસર કરે છે.
નથી. મંગળસૂત્રમાં વપરાતું શુદ્ધ સોનું ત્વચાના હોય છે, જે રક્ત પરિભ્રમણને સુધારવામાં મદદ કરી શકે
આયુર્વેદ અનુસાર, સોનામાં ઔષધીય ગુણધર્મો મંગળસૂત્ર હશે એ કહેવું અઘરું છે, પણ એક માન્યતા એવી
છે. જોકે, કેટલી પત્નીઓ પાસે શુદ્ધ સોનાનું પહેરવામાં આવે છે. એવી માન્યતા છે કે આ સ્થાન પર સોનું
છે કે, મંગળસૂત્ર ગળામાં હૃદયની નજીક છે અને હૃદયના ધબકારા નિયમિત રહે છે. અને હૃદયને
પહેરવાથી હૃદયના સ્વાસ્થ્યને લાભ થાય છે, જે ભાવનાત્મક સંતુલન અને શાંતિ સાથે
હેમખેમ રાખે છે.
શરીરના અનાહત ચક્ર (હૃદય ચક્ર)ને ઉત્તેજિત કરે અનુસાર, મંગલસૂત્ર પહેરવાથી સ્ત્રીની રોગપ્રતિકારક
સંકળાયેલું છે. કેટલીક પરંપરાગત માન્યતાઓ છે. સોનાના ધાતુના ગુણધર્મો શરીરની ઊર્જાને સંતુલિત
શક્તિ (ઇમ્યુન સિસ્ટમ) વધુ મજબૂત થાય છે. સોનાના ધાતુના ગુણધર્મો શરીરની ઊર્જાને સંતુલિત
કરવામાં મદદ કરે છે, જે પરોક્ષ રીતે રોગપ્રતિકારક શક્તિ પર હકારાત્મક અસર કરી શકે છે. સોના અને
કાળા મોતીના સંયોજનથી બનેલું, રક્ત દબાણને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે. કાળા મોતી
નકારાત્મક ઊર્જાને શોષી લે છે અને શરીરને શાંત રાખવામાં મદદ કરે છે, જે બ્લડ પ્રેશરને સ્થિર
રાખવામાં ફાળો આપી શકે છે. આવું ઘણું ઘણું કહેવામાં આવે છે આ ઘરેણાં માટે.
સ્ત્રીઓ જે પણ ઘરેણાં પહેરે છે એ માત્ર ભાવનાત્મક નથી, એની સાથે શરીર અને આરોગ્ય પણ જોડાયેલા
છે. કેટલી પત્નીઓ મંગળસૂત્ર રોજ પહેરે છે તો કેટલાક મોટાભાગે પ્રસંગોપાત જ આ ઘરેણું પહેરે છે.
આવું શા માટે? તું મને ઘણીવાર કહે છે કે, મારું મંગળસૂત્ર અઢી તોલા સોનાનું છે. એ કાઈ
રોજ રોજ ના પહેરાય એથી જોખમ વધી જાય માટે હું એ રોજ
પહેરી શકું એવું મને હળવું મંગળસૂત્ર લઇ આપ. મને થયું કે, આ
સવાલ મેં પૂછ્યો જ શા માટે? આ તો મારા ખિસ્સા પર વાત
આવી ગઈ!
ખેર, તું પહેરે કે ના પહેરે, પણ તારી પાસે મંગળસૂત્ર છે તો
ખરા. બાકી સખારામ જેવા કેટલાય પુરુષો હશે કે જે પત્નીને
મંગળસૂત્ર નહિ અપાવી શક્યા હોય. શાન્તાતાઈ જેવી પત્નીઓ
હશે કે જે મંગળસૂત્ર પહેરી શકતી નથી. જીવનસંધ્યાએ એને એ
મળે છે, પણ મંગળસૂત્ર હોય કે ના હોય, પતિ પત્ની વચ્ચે પ્રેમ
અને વિશ્વાસ હોય એ સૌથી વધુ જરૂરી છે.

તારો બન્ની

સ્પોર્ટ્સમેન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# સોબર્સના શિષ્ય દિલીપ દોશીનો સ્પિન-જાદુ ક્યારેય નહીં વિસરાય

## ૧૪૮ વર્ષ જૂની ટેસ્ટ-ક્રિકેટના સૌપ્રથમ સ્થળ મેલબર્નમાં ઑસ્ટ્રેલિયનોને ૧૯૮૧માં ભારે પડેલા દિલીપભાઈએ પ્રથમ કક્ષાની મૅચોમાં ૮૯૮ વિકેટ લીધી હતી

**કોઈના** પણ વ્યક્તિત્વના વિકાસમાં મૂલ્યોનું ખૂબ મહત્ત્વ હોય છે. માત્ર પર્સનાલિટી ડેવલપ કરવામાં જ નહીં, આત્મવિશ્વાસ વધારવામાં પણ મૂલ્યો ઘણા અગત્યના છે. મૂલ્યો એટલે કારકિર્દી ઘડવા માટે આવશ્યક શિસ્તબદ્ધતા. ખેલાડીમાં જો એ પૂરતા હોય તો તે ટૅલન્ટ, ક્ષમતા અને કાબેલિયતને આધારે તે સ્ટાર બની શકે છે અને તેના ગુણો જો લાખો-કરોડો લોકોને સ્પર્શી ગયા હોય તો તે લેજન્ડ બની જાય છે. લેફ્ટ-આર્મ સ્પિનર દિલીપ દોશીનો ચાર વર્ષની ટૂંકી કરીઅરમાં પર્ફોર્મન્સ એકંદરે સુપર-ડુપર તો નહોતો, પરંતુ ભારતે ક્રિકેટ જગતને આપેલા ટોચના સ્પિનર્સમાં તેમનું નામ અચૂક લેવામાં આવે છે. વિશ્વના સર્વોત્તમ ઑલરાઉન્ડર તરીકે ઓળખાતા વેસ્ટ ઇન્ડિઝના સર ગૅરી સોબર્સના આશીર્વાદ જેમને મળે એ ખેલાડી ખ્યાતિ અચૂક મેળવે જ અને દિલીપ દોશી એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

દિલીપ દોશીનું સોમવારે લંડનમાં હૃદયની બીમારીને કારણે ૭૭ વર્ષની વયે અવસાન થયું હતું. તેઓ ૧૯૮૩માં કરીઅર પર પડદો પડ્યો ત્યાર બાદ ઇંગ્લૅન્ડમાં સ્થાયી થયા હતા. તેમનો પુત્ર નયન દોશી પણ પિતાની જેમ લેફ્ટ-આર્મ સ્પિનર હતો અને તે ૨૦૦૧થી ૨૦૧૩ દરમ્યાન સૌરાષ્ટ્ર વતી પ્રથમ કક્ષાની મૅચો તેમ જ આઇપીએલમાં બે ટીમ વતી (બેંગલૂરુ અને રાજસ્થાન) વતી રમી ચૂક્યો છે.

દિલીપ રસિકલાલ દોશીનો જન્મ રાજકોટમાં થયો હતો. ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં વર્ષો સુધી સ્પિનનો જાદુ ફેલાવ્યા બાદ છેવટે ૧૯૮૦ના દાયકાના અંત ભાગમાં તેમને પહેલી વાર ભારત વતી રમવા મળ્યું હતું. તેઓ શ્રીનિવાસ વેન્કટરાઘવન, રવિ શાસ્ત્રી, શિવલાલ યાદવના યુગમાં થઈ ગયા હોવાને કારણે તેમને ભારત વતી ફક્ત ચાર વર્ષમાં ૩૩ ટેસ્ટ અને ૧૫ વન-ડે રમવા મળી હતી. જેમ વર્ષોથી દેશના સ્પિન જાદુગરો વચ્ચે કુલદીપ યાદવને ઓછું રમવા મળ્યું એવું કહેવાતું હોય છે એમ દિલીપ દોશીને ૧૯૭૯થી ૧૯૮૩ દરમ્યાન રમવાનો બહુ ઓછો મોકો મળ્યો હતો. એક તો ટીમ ઇન્ડિયામાં તેમનો ચાન્સ છેક ૩૨ વર્ષની ઉંમરે લાગ્યો હતો અને એમાં પણ તેમના અરસામાં અનેક ટેસ્ટ મૅચો વિદેશી પિચો પર રમાઈ હોવાથી તેમને બહુ ઓછું રમવા મળ્યું હતું. જોકે પહેલી ટેસ્ટ ઇનિંગ્સમાં ૧૦૩ રનમાં છ વિકેટ લેવાથી માંડીને ૧૯૮૨માં (કરીઅરના અંતના આગલા વર્ષે) લાહોરમાં પાકિસ્તાન સામેના પાંચ વિકેટના પર્ફોર્મન્સ સુધીમાં દિલીપભાઈએ ભારતને કેટલીક મૅચો જિતાડી હતી. એમાં પણ ટેસ્ટ-ક્રિકેટના ૧૮૭૭ની સાલની સૌપ્રથમ મૅચના સ્થળ મેલબર્નમાં દિલીપભાઈને એક જ ટેસ્ટ રમવા મળી હતી અને એમાં તેમણે યાદગાર પર્ફોર્મ કરીને ભારતને શાનદાર વિજય અપાવ્યો હતો. આ મૅચ વિશેની રસપ્રદ વિગતો જાણતાં પહેલાં આપણે દિલીપભાઈ અને ગૅરી સોબર્સ વચ્ચેની વાતચીત વિશે થોડું જાણી લઈએ. ઉલ્લેખનીય છે કે ગૅરી સોબર્સ ૧૯૫૩થી ૧૯૭૪ વચ્ચેની ૨૧ વર્ષની ફર્સ્ટ-ક્લાસ કરીઅર દરમ્યાન નૉટિંગહૅમશર કાઉન્ટી ક્લબની ટીમ વતી રમ્યા હતા અને દિલીપ દોશીને પણ એ જ ટીમ વતી રમવાનો અવસર મળ્યો હતો. ફર્સ્ટક્લાસ ક્રિકેટમાં દિલીપભાઈએ ૨૩૮ મૅચમાં કુલ ૫૮,૭૧૨ બૉલ ફેંકીને ૨૩,૮૭૪ રનના ખર્ચે ૮૯૮ વિકેટ લીધી હતી. તેઓ પ્રથમ કક્ષાની ક્રિકેટમાં સૌરાષ્ટ્ર ઉપરાંત બંગાળ તેમ જ ત્રણ કાઉન્ટી ટીમ વતી રમ્યા હતા.

ખુદ દિલીપભાઈએ થોડા વર્ષો પહેલાં એક જાણીતી ક્રિકેટલક્ષી વેબસાઇટને મુલાકાતમાં કહ્યું હતું કે 'હું કાઉન્ટી



દિલીપ દોશી

ક્રિકેટમાં નૉટિંગહૅમશર વતી રમ્યો હતો. એ ક્લબે સર ગૅરી સોબર્સને મારી બોલિંગ જોઈને કોઈ સૂચન હોય તો કહેવાની વિનંતી કરી હતી. તેઓ જે મૅચ જોવા આવ્યા હતા એમાં મેં સાત વિકેટ લીધી હતી. મૅચ પછી હું ગ્રાઉન્ડની બહાર પાર્કિંગ સ્લૉટમાં આવ્યો ત્યારે સિલ્વર કલરની જૅગ્વારની બાજુમાં સોબર્સ ઊભેલા મેં જોયા. તેમણે કાળા સનગ્લાસ પહેર્યા હતા અને મને આવતો જોઈ રહ્યા હતા. તેઓ મારી નજીક આવ્યા, મારી સાથે હાથ મિલાવ્યા અને બોલ્યા, 'વાહ બેટા, તેં ખૂબ સારું પર્ફોર્મ કર્યું. તારી બોલિંગ ઉમદા છે. સોબર્સના મોઢે આ પ્રશંસા સાંભળીને મને ખૂબ રાહત થઈ હતી અને મારો આત્મવિશ્વાસ અનેકગણો વધી ગયો હતો. મારું હૃદય ઉત્સાહથી છલકાતું હતું. વિનમ્ર સ્વભાવના સોબર્સ ક્રિકેટ જગતને ઈશ્વર પાસેથી મળેલી બહુ મોટી ભેટ સમાન હતા.'



ગૅરી સોબર્સ

સોબર્સના આશીર્વાદ દિલીપભાઈને પ્રથમ કક્ષાની તેમ જ આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ખૂબ મદદરૂપ થયા હતા. ખાસ કરીને ૧૯૮૧ની મેલબર્ન ટેસ્ટની વાત કરીએ તો એના પ્રથમ દાવમાં ગુંડપ્પા વિશ્વનાથના ૧૧૪ રન છતાં ભારતીય ટીમ કુલ ૨૩૭ રનનો સાધારણ સ્કોર નોંધાવી શકી હતી. ડેનિસ લિલી, લેન પાસ્કૉ અને બ્રુસ યાર્ડલીએ ભારતીય ટીમને કાબૂમાં રાખી હતી. જોકે દિલીપભાઈએ ડગ વૉલ્ટર્સ (૭૮ રન), વિકેટકીપર રૉડની માર્શ (૪૫ રન) અને બ્રુસ યાર્ડલી (૦)ની મહત્ત્વની વિકેટો લઈને ભારતીય ટીમને વધુ નુકસાન થતું રોક્યું હતું. બીજા દાવમાં સુનીલ ગાવસકર અને ચેતન ચૌહાણ વચ્ચેની ૧૬૫ રનની ભાગીદારીની મદદથી ભારતે ૩૨૪ રન બનાવીને યજમાન ટીમને ૧૪૩ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. એ ટાર્ગેટ મહાન ઑસ્ટ્રેલિયન ખેલાડીઓ માટે ખૂબ નાનો હતો, પરંતુ કપિલ દેવની પાંચ વિકેટ તેમ જ કરસન ઘાવરીની બે વિકેટ ઉપરાંત દિલીપ દોશીએ પણ ગ્રેમ વૂડ (૧૦ રન) અને કિમ હ્યુઝ (૧૬ રન)ની અગત્યની વિકેટ લઈને ઑસ્ટ્રેલિયનોને મુશ્કેલીમાં મૂકી દીધા હતા અને ગ્રેગ ચૅપલની ટીમ માત્ર ૮૩ રનમાં ઑલઆઉટ થઈ જતાં ભારતનો ૫૯ રનથી અકલ્પનીય વિજય થયો હતો. ખુદ ગ્રેગ ચૅપલ ત્યારે દિલીપભાઈની ટૅલન્ટથી ખૂબ પ્રભાવિત થયા હતા.

હરીફોના મેદાન પર તેમ જ ઘરઆંગણે જ્યાં સ્પિનરોને ઓછો લાભ મળ્યો હોય એવી પિચો પર સિલસિલાબંધ મેઇડન ઓવર કરવા માટે જાણીતા દિલીપ દોશી ચતુર અને ધીરજપૂર્વક હરીફો પર હાવિ થવા માટે જાણીતા હતા. માર્ચ, ૧૯૮૧માં ઑકલૅન્ડમાં ન્યૂ ઝીલૅન્ડ સામે (૬૯-૩૪-૭૯-૨), જાન્યુઆરી, ૧૯૮૨માં ચેન્નઈમાં ઇંગ્લૅન્ડ સામે (૫૭-૩૧-૬૯-૪), જૂન, ૧૯૮૨માં મૅન્ચેસ્ટરમાં ઇંગ્લૅન્ડ સામે (૪૭-૧૭-૧૦૨-૬) અને માર્ચ, ૧૯૮૧માં ક્રાઇસ્ટચર્ચમાં ન્યૂ ઝીલૅન્ડ સામે (૪૯-૨૩-૬૭-૧) તેમના મેઇડન ઓવર્સના જાદુવાળી ઓવરના કેટલાંક ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. ■

# લાડકી

## કથા કોલાજ

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# અમારી ત્રણેય દીકરી પરિવાર સાથે ખૂબ મજબૂતીથી જોડાયેલી છે

(ભાગ: ૬)

નામ: ડેમી મૂર
સમય: ૨૦૨૫
સ્થળ: હેલી, ઈડાહો
ઉંમર: ૬૨ વર્ષ

**સફળ** હોવું એ એક રીતે અભિશાપ છે. જેમ માણસ સફળ થતો જાય એમ એના વિશેની અફવાઓ ને એની સાથે જોડાયેલા વિવાદો વધતા જાય... મારી સાથે પણ એમ જ થયું છે. મારી મોટી દીકરી રૂમરના જન્મ વખતે મેં ૭-૮ મહિનાની પ્રેગ્નેન્સીમાં એક ફોટો શૂટ કરાવેલું. સંપૂર્ણપણે નગ્ન આ ફોટોશૂટ મારે હિસાબે કલાનો અદભુત નમૂનો હતો, પરંતુ લોકોને લાગ્યું કે પ્રેગ્નેન્સી એ પવિત્ર બાબત છે અને મેં એનો ઉપયોગ સેક્સ સિમ્બોલ તરીકે કર્યો! મારા ઉપર અશ્લીલતાનો કેસ થયો જોકે, હું નિર્દોષ સાબિત થઈ, પરંતુ એ પછી હું થોડી સાવધ થઈ ગઈ!

મારી બીજી દીકરી સ્કાઉટના જન્મ પછી એક નવો વિવાદ થયો... એ વખતે મારું વજન ખૂબ વધી ગયું. મને લાગ્યું કે જો હું વજન નહીં ઉતારું તો મારે ફરીથી ફિલ્મોમાં પાછા ફરવું અઘરું થશે. વજન ઉતારવા માટે હું રોજ ૫૦ માઈલ સાઇકલ ચલાવતી. બીજો પણ વ્યાયામ કરતી. એ વખતે મધર્સ ફીડ ઉપર રહેલી દીકરીને કુપોષણ થઈ ગયું. મારા પીડિયાટ્રીશિયને મૂરખની જેમ ઈન્ટરવ્યૂ આપ્યો કે, અધિક વ્યાયામ કરવાને લીધે મારું દૂધ સુકાઈ ગયું છે, જેને કારણે મારી દીકરીને પૂરતા પ્રમાણમાં માનું દૂધ મળતું નથી! સાચું પૂછો તો આવું કંઈ થયું નથી, પરંતુ જ્યારે મેં ત્રણ મહિનાની સ્કાઉટ સાથે ફોટોશૂટ કર્યું ત્યારે મારું ઊતરી ગયેલું વજન જોઈને લગભગ દરેક વ્યક્તિને ઈર્ષા થઈ હશે, ખાસ કરીને મારા હરીફોને! એમણે જ આવી અફવા ઉડાડી જેને કારણે મારા કેટલાક ફેન મારી વિરુદ્ધ થઈ ગયા. જોકે, એનાથી મારા જીવનમાં કોઈ મોટો ફરક પડ્યો નથી. હું ફરી પાછી કાર્યરત થઈ અને ૯૦ના દશકમાં મેં ઉત્તમ ફિલ્મો આપી.

મારે કહેવું જોઈએ કે બ્રુસ પણ એક ઉત્તમ પિતા સાબિત થયા. મારા બાળપણમાં મને જે કંઈ ખૂટતું હતું એ બધું અમે અમારી ત્રણ દીકરીઓને આપ્યું. અમારા જાહેર કાર્યક્રમોમાં અમે નાનકડી દીકરીઓને સાથે લઈ જતાં. અમેરિકામાં કોઈ કલાકારો આવું કરતા નથી તેમ છતાં અમે અમારી દીકરીઓને શૂટ પર પણ સાથે રાખતા. મારી દીકરીઓનો ઉછેર ઉત્તમ રીતે થયો છે. ૧૯૮૮માં રૂમર ગ્લેન વિલીસ, '૯૧માં સ્કાઉટ લારૂ વિલીસ અને '૯૪માં ટાટુલા બેલ વિલીસનો જન્મ થયો. ત્રણેય દીકરીઓ આજે પોતપોતાની કારકિર્દીમાં ઉત્તમ કામ કરી રહી છે. રૂમરે ૧૯૯૫માં 'નાઉ એન ધેન' નામની ફિલ્મમાં મારી સાથે કામ કર્યું. એ એક અભિનેત્રી છે. ડાન્સિંગ વિથ ધ સ્ટાર્સની ૨૦મી સિઝનની વિજેતા છે. એણે લગ્ન કરી લીધા છે અને ૨૦૨૩માં એણે દીકરીને જન્મ આપ્યો, મારે માટે એ જીવનની શ્રેષ્ઠ ઘટના છે... મને રૂમરે દાદી બનાવીને મારા જીવનની શ્રેષ્ઠ ભેટ આપી છે. સ્કાઉટ એક સંગીતકાર અને ગાયિકા છે. એણે પણ મારી સાથે બે ફિલ્મોમાં કામ કર્યું છે. ૨૦૨૨માં એણે પહેલું આલ્બમ રિલીઝ કર્યું જે ખૂબ વખણાયું છે. ટાટુલા એક કલાકાર અને ફેશન ડિઝાઈનર છે. એણે વિલીસ નામની ફેશન લાઈન શરૂ કરી છે. ટાટુલા એક સામાજિક કાર્યકર પણ છે, જે માનસિક સ્વાસ્થ્ય અને કલાકારોની આત્મછબિ સાથે જોડાયેલી ચેલેન્જિસ વિશે કામ કરે છે. અમારી ત્રણેય દીકરીઓ પારિવારિક રીતે ખૂબ મજબૂતીથી એકમેક સાથે અને અમારી સાથે જોડાયેલી છે. અમે પતિ-પત્ની તરીકે પણ એકબીજા સાથે ખૂબ મજબૂત રીતે જોડાયેલા હતાં. બ્રુસ સાથેનું મારું લગ્નજીવન ખૂબ લાંબું અને ઈમોશનલી મજબૂત રહ્યું, પરંતુ મારે એવું સ્વીકારવું જોઈએ જે મેં મારી આત્મકથા 'ઈનસાઈડ આઉટ'માં પણ લખ્યું છે, કે બ્રુસ સાથેના લગ્નજીવન દરમિયાન પણ મારા નાનામોટા અફેર્સ રહ્યા છે. મારા માર્શલ આર્ટના પ્રશિક્ષક ઓલિવર વિટકોમ્બ સાથેના મારા ફોટા ૧૯૯૯માં છપાયા. પાપારાઝીએ શૂટ કરેલા આ ફોટોગ્રાફસમાં ઓલિવર સાથે પ્રશિક્ષણ દરમિયાન ચુંબન કરતો મારો ફોટો ખૂબ વિવાદાસ્પદ બન્યો. લગભગ ૨૦૦૦ સુધી હું ઓલિવર સાથે જોડાયેલી રહી.

બ્રુસ સાથેના લગ્ન તૂટ્યા કારણ કે, ઓલિવર વિટકોમ્બ સાથે સંબંધો હતા, પરંતુ મારી માના જીન્સ મારામાં હશે જ... એને કારણે હું નશાથી દૂર રહી શકતી નહોતી. એક તરફથી હું આલ્કોહોલિક થઈ ગઈ ને બીજી તરફથી મારા પિતાના જીન્સ મને અવારનવાર વિજાતિય સંબંધોમાં ધકેલી દેતા.



ડેમી મૂર તેની દીકરીઓ સાથે

ઓલિવરથી છૂટા પડ્યા પછી હું એકલતા અને નિરાશામાં ધકેલાઈ ગઈ હતી. મારું જીવન મને ખાલી અને અર્થહીન લાગવા માંડ્યું હતું. એ ગાળામાં મારા બાળપણની જેમ જ હું ફરી એકવાર ડ્રગ્સની લતે ચડી ગઈ હતી. મારી દીકરીઓ અને બ્રુસે ખૂબ પ્રયત્નો કર્યા, પરંતુ રિહેબ સેન્ટરમાં જઈને પાછા આવ્યા પછી પણ હું મુક્ત થઈ શકતી નહોતી. ૨૦૦૫માં મારી મુલાકાત એશ્ટન કોચર સાથે થઈ. એ મારાથી ૧૫ વર્ષ નાનો હતો. ૨૦૦૩ની એક ફન્ડ રેઝિંગ ડિનર પાર્ટીમાં અમે મળ્યા હતા. હું ૪૦ વર્ષની હતી અને એશ્ટન ૨૫ વર્ષનો. મને એક વિચિત્ર પ્રકારનું આકર્ષણની અનુભૂતિ થઈ. એ પછી હું એશ્ટનનું એક નાટક જોવા ગઈ. નાટક પછી અમે જમવા ગયા અને ત્યાંથી જ અમારું ડેટિંગ શરૂ થયું. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૦૫ના દિવસે અમે લગ્ન કરી લીધા. એણે મારી દીકરીઓના પિતા બનવાનો ડોળ કર્યો, પરંતુ મને સમજાયું કે એશ્ટનને પણ મારા પૈસામાં રસ હતો. એશ્ટન એક લફરાબાજ અને વિકૃત માણસ હતો. એણે એકવાર થ્રીસમની ઈચ્છા પ્રગટ કરી. મેં એની ના પાડી, તો એણે મારી ગેરહાજરીમાં મારા જ ઘરમાં બે સ્ત્રીઓને બોલાવીને ઐયાશી કરી... સીસીટીવી કેમેરાથી મને આ હકીકતની જાણ થઈ અને મેં એને પ્રશ્નો પૂછ્યા ત્યારે એણે કહ્યું કે, શરાબના નશામાં મને ભાન રહ્યું નહીં! ૪૨ વર્ષની ઉંમરે હું પ્રેગ્નેન્ટ હતી ત્યારે એશ્ટન મારે માટે કદી હાજર નહોતો. ૬ મહિનાની પ્રેગ્નેન્સી પછી મને ગર્ભપાત થયો ત્યારે હું એકલી ગાડી ચલાવીને હોસ્પિટલ ગઈ. એશ્ટન મિત્રો સાથે પાર્ટી કરી રહ્યો હતો. એથી આગળ વધીને ૨૧ વર્ષની એક છોકરીને એણે અમારા જ ઘરમાં મોલેસ્ટ કરી. છોકરીએ કેસ કર્યો, જેમાં એશ્ટન ગુનેગાર સાબિત થયો. આ બધા સમય દરમિયાન મારી દીકરીઓ સાથેના મારા સંબંધ તનાવગ્રસ્ત થઈ ગયા. મને લાગ્યું કે એશ્ટન મારા જીવનમાં નેગેટિવ અને ટોક્સિક અસર લઈને આવ્યો હતો. એણે મારી સમસ્યાઓ અને ડ્રગ્સમાંથી છૂટવાના મારા પ્રયાસને ગંભીરતાથી લેવાને બદલે નશાની અસર હેઠળ હું ટોઈલેટમાં બેહોશ હતી એના ફોટા પાડીને પ્રકાશિત કર્યા, મારી મજાક ઉડાવી એટલે અંતે, અમે ૨૦૧૧માં જુદા પડ્યા. એશ્ટને બહુ જ મોટી એલિમનીની માગ કરી જે પતાવતા પતાવતા ૨૦૧૩ થઈ ગઈ, પરંતુ અંતે અમારા છૂટાછેડા થયા.

એકલતાનાં વર્ષોમાં નાનામોટા સંબંધો થયા, પરંતુ એ પછી લગ્ન કરવાની મારી હિંમત નહોતી. બ્રુસ અને મારી દીકરીઓ ભાવનાત્મક રીતે મારી સાથે રહ્યા અને એક એવો સમય આવ્યો જ્યારે હું નશાની લતમાંથી પ્રમાણમાં ઘણી મુક્ત થઈ ગઈ, પરંતુ એ બધા સમય દરમિયાન નાનામોટા સંબંધો થયા અને તૂટી ગયા, જેમાં સીન ફ્રાઈડે નામના સંગીતકાર સાથે પણ થોડો સમય માટે મારા સંબંધો રહ્યા. મારી યુરોપની એક ટૂર દરમિયાન સીન બે વખતે મને મળવા આવ્યો. એના હોટેલના સીસીટીવી ફૂટેજ લીક થઈ ગયા. જેમાંથી મારા એની સાથેના સંબંધો જગજાહેર થયા જોકે, સીન પરિણીત હતો અને એ પોતાની પત્નીને છોડવા માગતો નહોતો. એટલે અમારા સંબંધો તૂટી ગયા. ડેનિયલ હૂમ નામના એક સ્વીસ શેફ સાથે થોડા મહિના મેં ડેટિંગ કર્યું, પણ મને સમજાઈ ગયું કે, એને મારા પૈસામાં રસ હતો, વ્યક્તિ તરીકે એને મારામાં કોઈ રસ નહોતો...

છેલ્લે, ૨૦૨૪માં ૬૧ વર્ષની ઉંમરે ૩૪ વર્ષના જો જોનાસ સાથે ફ્રાંસમાં ડેટિંગના સંબંધ બંધાયા. એણે સોફી ટર્નર સાથે છૂટાછેડા લીધા. પછી એ એની કરિયર પર ફોકસ કરી રહ્યો છે. અમે કાન ફિલ્મ ફેસ્ટિવલમાં મળ્યા, જ્યાં હું મારી ફિલ્મ 'ધ સબસ્ટન્સ'ના પ્રચાર માટે ગઈ હતી. મીડિયા રિપોર્ટ્સે અમારી વચ્ચે ફ્લર્ટના સંબંધો હોવાની ગોસિપ ઉડાડી, પરંતુ બહુ લાંબો સમય આ સંબંધ ચાલે એમ નહોતો કારણ કે, અમારી વચ્ચે ૩૦ વર્ષની ઉંમરનો તફાવત છે. મને જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે મેં મજાકમાં કહ્યું કે, મારા નવ કૂતરાઓ અને ૨૨૦૦ ઢીંગલીઓની દેખભાળ કરવામાંથી મને સમય મળશે ત્યારે એકાદ ડેટિંગ ચોક્કસ કરીશ...

નોંધ: ડેમી મૂરની આત્મકથા 'ઈનસાઈડ આઉટ'માં એણે દિલ ખોલીને કબૂલાતો કરી છે. આ આત્મકથાને સાચા અર્થમાં એક પ્રામાણિક આત્મકથા કહી શકાય.(સમાપ્ત)

---

## ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# કારકિર્દીનાં વર્ષો દરમિયાન અપેક્ષાઓનો બોજ

આરવી પોતાના રૂમમાં પલંગના કિનારે સુનમુન બેઠી હતી. ફિઝિક્સની બુક ખોળામાં ખૂલેલી હતી ને પાનાઓ પર હાઈલાઈટ કરેલા ફોર્મ્યુલા હતાં. જોકે, એને સમજમાં કંઈ જ આવતું નહોતું. બારી બહાર સાંજના નારંગી આકાશને એકીટશે જોઈ રહી. કંઈક અજીબ ગૂંગળામણ થઈ આવી. એવામાં બૂમ પડી:

'આરવી, તારી આઇઆઇટી મોક ટેસ્ટનું રિઝલ્ટ આવી ગયું.' પપ્પાનો અવાજ ભારે હતો. રોજ કરતાં થોડો વધુ. આરવીનું હૃદય બેસી ગયું. એ ધીરે ધીરે બહાર આવી. એને પહેલેથી થોડો ખ્યાલ તો આવી ગયેલો કે, હવે શું થવાનું છે. પપ્પા સોફા પર બેસેલા હતા. આંખ પર ચશ્મા અને હાથમાં રિઝલ્ટની પ્રિન્ટ. મમ્મી બાજુમાં ઊભી હતી. એના ચહેરા ઉપર ચિંતાના વાદળો છવાયેલાં હતાં.

'સીત્તેર પર્સન્ટાઈલ!'. પપ્પાનો અવાજ શાંત, પણ સખ્ત હતો. 'પંચાણુથી ઓછામાં તારું કંઈ નહીં થાય.આ શું માંડ્યું છે તેં?'

જવાબમાં આરવીએ માથું ઝૂકાવી લીધું. થોડીવાર રહી હળવેકથી કહ્યું, 'મેં મારી બનતી કોશિશ કરી પપ્પા, સાચું કહું છું.'

'ખાલી કોશિશ કરવાથી શું વળે?' પપ્પાએ ધારદાર અવાજે કહ્યું. 'તને એમ છે કે આટલી મહેનતમાં તું કોઈ સારું ભવિષ્ય બનાવી શકીશ? મને તો લાગે છે, તું હવે ભવિષ્યને બરબાદ કરવા પર આવી ગઈ છે. ભાન પડે છે, બહાર કેટલી કોમ્પિટિશન છે? આ જમાનામાં બે પૈસા કમાઈને લઈ આવો તો ખબર પડે ને કે કેટલી વીસે સો થાય!'

આરવીની આંખોમાંથી ડબ ડબ આંસુઓ પડી રહ્યા. મમ્મીએ ખભ્ભે હાથ મૂકી વચ્ચે ઝૂકાવ્યું: 'આખી રાત ભણતી તો હોય છે. બિચારી, થાકી જતી હશે.'

'થાક તો બધાને લાગે, સુનિતા. સફળતા એને મળે, જે થાકીને પણ હિંમત ના હારે...' આરવીના પપ્પા એટલે કે, સુનીલ મહેતા આજકાલ મોટીવેશનની દુકાન બની ગયેલા. ઘરમાં સતત પ્રેરણાનું ઝરણું વહેતું રહેતું. સોશ્યલ મીડિયા પર મોટીવેશનલ વીડિયોઝ જોઈ-જોઈને એમના મનમાં જડબેસલાક બેસી ગયેલું કે, મોટીવેશન મેળવીને કંઈ પણ હાંસિલ કરી શકાય છે.

પોતે જીવનમાં આરવીની ઉંમરે મોજ-મજા,મસ્તી અને રખડપટ્ટીમાં સમય વેડફેલો. જ્યારે કારકિર્દી બનાવવાનો વખત આવ્યો ત્યારે એમની



આંખ ઊઘડી હતી કે એ સમયે જો મહેનત કરી હોય તો, આજે આરામની જિંદગી જીવવા મળી હોત. પોતાની નિષ્ફળતા આરવી રિપીટ ના કરે એ માટે સુનીલભાઈ કટિબદ્ધ છે. એમને સમજવું જ નથી કે આરવીને શું ગમે છે. શું સારું લાગે છે. આરવી કયા વિષયોમાં પારંગત થઈ શકે એમ છે. અને કયા વિષય દીકરીના નબળા છે. એમના માટે એન્જિનિયર કે ડોક્ટર બનવા સિવાયનું સપનું આંખમાં આંજવું એ ઘોર પાપ હતું.

'જાઓ હવે, બહુ સમય બગાડ્યો. કંઈક વાંચો ને બીજી ટેસ્ટમાં સારા માર્કસ લાવવા મહેનત કરો...' એમ કહી એમણે વાત આટોપી. રૂમમાં પાછા ફરી આરવીએ મહિનાઓ પછી મોબાઈલ ખોલ્યો. કબાટમાંથી ગિટાર કાઢ્યું. યોગાસનમાં મળેલા મેડલ્સને ફરી કબાટમાં સજાવ્યા. એને એ દિવસ યાદ આવી ગયો જ્યારે પપ્પાએ ફરમાન જાહેર કરેલું :

'હવે ભણવા સિવાય અન્ય કોઈ પ્રવૃતિ પર ધ્યાન નથી આપવાનું.' આરવીએ ખુશી-ખુશી હામી ભરેલી, પણ આજે એ જાતને રોકી ના શકી. જેવી એની આંગળીઓ એ બધી વસ્તુઓ સાથે ટકરાય. રૂમ જાણે નાનોસૂનો બળવો પોકારી ગયો.

બીજી ક્ષણે સુનીલભાઈ એના રૂમના દરવાજે ઊભા હતા. એણે હાથમાંથી ગિટાર છીનવતા રાડ પાડી: 'તું મારાથી ખોટું બોલે છે. તે પ્રોમિસ કર્યું હતું. આ બધી વસ્તુઓ મૂકી દઈશ'

'પપ્પા હું ખોટું નથી બોલી. બસ, મને થોડો બ્રેક જોઈતો હતો. હું કંટાળી ગઈ છું. મારું મગજ બ્લેન્ક થઈ ગયું છે. મને કંઈ આવડતું નથી. કંઈ જ સમજાતું નથી.'

'જિંદગી બ્રેક નથી આપતી, બેટા. એ કાપી નાખે છે. તને ખબર છે બહાર કેટલા છોકરા આઈઆઈટીની એક-એક સીટ માટે લડતા હશે? તું શું એક સામાન્ય, એવરેજ સ્ટુડન્ટ બની રહેવા માગે છે? સાવ ઠોઠ....'

આ સાંભળી અત્યાર સુધી શાંત રહેલી આરવીનો પિતો ગયો.

એ કડવાશભર્યા સ્વરે બોલી ઊઠી :

'તમે ક્યારેય મને પૂછ્યું છે કે, હું શેમાં બેસ્ટ છું. મારી ઓળખ શેમાં છે. મને શું ગમે છે. તમને મારી પરવાં નથી. તમારાં અધૂરા રહી ગયેલાં સપનાઓ મારી આંખોમાં જોવાની ટેવ પડી છે. પોતે જે ના કરી શક્યા એનો બોજ મારી પીઠ પર લાદી દીધો છે. એવું જ હતું તો તમારે બની જવું તું ને આઈઆઈટી એન્જિનિયર? કેમ ના બન્યા?બોલો!'

પોતે ટીનએજમાં કેરિયર બનાવવાનાં વર્ષો દરમિયાન જે ના કરી શકી એનો વસવસો આંખમાં તરી આવતો, પણ આરવી એ જોઈ ના શકતી. જે સ્વતંત્રતા પોતે ના મેળવી શકી એ દીકરી મેળવે એવી ઈચ્છા કઈ મા ને ના હોય. એક દિવસ હળવેકથી સુનિતાએ પતિ પાસે વાત મૂકી: 'હમણાં થોડા દિવસ પહેલા આરવીના ટીચરનો ફોન હતો. કહ્યું: આરવી બહુ ઈન્ટેલિજન્ટ છે. અબ્રોડ સ્ટડી પ્રોગ્રામ માટે એપ્લિકેશન કરો. એને સ્કોલરશિપ પણ મળી શકે છે...'

બીજા દિવસે પપ્પા ધમધમ કરતાં પ્રિન્સીપાલની ઓફિસ ગયા:

'આવી સલાહો આપો છો સ્કૂલમાં? આ જેનો પ્લાન હોય એનો. આરવીનું સપનું આઇઆઇટી છે. એ હંમેશાંથી એમાં ટોપ કરવા માગતી હતી. આરવી, શું ખરેખર તારું એ જ સપનું છે? '

પ્રિન્સીપાલની પશ્નસૂચક નજર સામે આરવીએ પાંપણો ઢાળી દીધી. એ રાત્રે પહેલીવાર આરવીએ મમ્મી-પપ્પા સામે ખુલીને વાત કરી :

'હું ઈચ્છું છું કે, હું જે કંઈ કરું એમાં મને ખુશી મળે. મારું ભવિષ્ય એમાં હોય જેમાં મને ડર ના લાગતો હોય. જ્યાં હું એવરેજ ના કહેવાતી હોઉં. જેમાં મને મૂંઝવણ ના થતી હોય...' રૂમમાં સર્વત્ર મૌન છવાયું. સુનીલના ચહેરા પર અકળ ભાવો હતા. અંતે એણે ચુપ્પી તોડી.

'સારું, પણ એક શર્ત છે. આઈઆઈટી નહીં તો બોર્ડમાં સારા માર્ક્સ લાવવા પડશે. પછી તું જે કરવા ઈચ્છે એ છૂટ...!'


એમને ક્યાં ખબર હતી કે, તરુણાવસ્થાએ ક્યારેક આવી નાની અમસ્તી સ્વતંત્રતા પણ આગળનો રસ્તો આપોઆપ શોધી આપતી હોય છે. આરવીના ચહેરા પર થોડી હળવાશ પથરાય. છેવટે આઇઆઇટીનો બોજ એના માથા પરથી હટ્યો. હા, હજુ કારકિર્દીની સંપૂર્ણ સ્વતંત્રતા નહોતી મળી, પણ એની શરૂઆત ચોક્કસ થઈ ગઈ. એવા એક છુપા હાશકારા સાથે આરવી, હોંશે-હોંશે બોર્ડની તૈયારીઓમાં લાગી પડી.

---

## લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# દાંત સાથે ચેડાંના ચક્કર...



આમ તો માણસજાતે કોઈની પણ સાથે ચેડાં કરવા જોઈએ નહીં, પણ માણસજાતનું તો ભાઈ, એવું છે ને કે એને ચેડાં કર્યાં વિના તો ચાલે જ નહીં. માણસજાત ચાલતા કૂતરાં સાથે ચેડાં કરે તો ક્યારેક કરંટ લાગે એવા પ્લગ કે લાઇવ (જીવતા) વાયરો સાથે ચેડાં કરે. ક્યારેક તો માંડ શાંત પડેલી એવી પત્ની સાથે ચેડાં કરે. વહુ સાસુ સાથે, કે પછી સાસુ કાલિકા સમી વહુ સાથે ચેડાં કરે ત્યારે જ એનું મન શાંત થાય છે, પણ એનું પરિણામ તો જે ચેડાં કરે, એને જ ખબર પડે!

શહેરના એક ભાઈ ગામમાં આવ્યા અને ઘેટાં, બકરાં, ગધેડા જોઈને ખુશીના અતિરેકમાં ગધેડાના પૂંછડાને આમળવા ગયા. અને 'ગધા તો આખીર ગધા હૈ!' એણે તરત જ જાત બતાવી અને જોરથી એક લાત મારી. બીજા એક ભાઈ પાગલખાનાની મુલાકાતે ગયા. પાગલખાનામાં ડોક્ટરે જુદા જુદા પ્રકારના પાગલો પાસે જઈ વિગત આપવા માંડી. પેલા મુલાકાતી ભાઈએ એકદમ શાંત લાગતા એવા ભાઈ પાસે જઈ, રામ જાણે શું પૂછ્યું, કે પેલા ભાઈએ ઊભા થઈને સીધો એક તમાચો મારી કહ્યું, 'મને લાગે છે કે તું જ પાગલ છે...! જા, તારી દવા કરાવ. ભાગ અહીંથી...' ડોક્ટરે આખો મામલો હાથમાં લીધો, નહીંતર બીજા પાગલો પણ પોતાનો પરચો બતાવતે.

માણસજાત અન્ય સાથે તો ચેડાં કરે જ, પણ પોતાની જાત સાથે પણ ચેડાં કરતો રહે છે. જમાનાના ખાધેલ અને અનુભવીઓ પણ અતિ જ્ઞાની હોવા છતાં ચેડાં કરવામાં પાછા પડતા નથી.

અમારા એક પડોશી માધવભાઈ ચેડાં કરવામાં નંબર વન પુરવાર થતા રહે છે, જેમ કે ચાર વાર પરણ્યા અને ચાર વાર છૂટાછેડા કરી નવરા થયા તો પણ પાંચમી વાર પરણવાના ચેડાં કર્યાં. અને એમાં તો ગળામાં એવું છછુંદર ગળાયું, કે નહીં અંદર જાય કે નહીં બહાર! આખરે એ પાંચમી એની મિલકત, દાગીના, ઘરબાર અને આજીવન દર મહિને રોકડ પણ એટલી ભારે લઈને ગઈ કે માધવભાઈ જીવનભર ચેડાં કરવા તો ઠીક, પણ જિંદગી સામે આંખ પણ મિલાવતા ભૂલી ગયા છે.

એકવાર અમે પણ ચેડાં કરવા ગયા. અમારી દાઢ થોડી હલવા લાગી તો એ જોવા માટે અમે અમારું મોં થાય એટલું પહોળું કરીને અરીસા સામે ઊભા રહીને એક ચીપિયા વડે દાઢને હલાવી જોઈ. થોડો આંચકો લાગ્યો, પણ હજી અમને સંતોષ ન થયો. એથી અમે લાકડાની ટૂથપીક લઈને બે દાઢ વચ્ચે ખોતરવાની પ્રક્રિયા ચાલુ કરી. ધીમે ધીમે એ પ્રક્રિયામાં અમે વજન આપવાનું ચાલુ કર્યું અને ટૂથપીકનો અગ્રભાગ દાઢના પોલાણમાં ગરક થઈ ગયો. અમારી બેચેની વધી, દુ:ખાવો પણ વધ્યો અને પેલી ટૂથપીકનો અગ્રભાગ અમને સતત ચેલેન્જ આપવા લાગ્યો કે, 'લે, તાકાત હોય તો મને કાઢ! હું તો નિરાંતે આ પોલાણમાં મારું ઘર બનાવીશ. સાથે કોહવાટ અને દુર્ગંધ પણ ફેલાવીશ.'

આમ નાનકડું એવું તણખલું અમને ચેલેન્જ આપે તે કેમ ચાલે? અમે બીજી એક ટૂથપીક કાઢી અને 'કાંટો કાંટાને કાઢે' એમ ફરી ટૂથપીકથી જ ખોતરવા માટે મોં થાય એટલું પહોળું કરી મંડી પડ્યા. પણ સરકતી માછલીઓની જેમ પેલું તણખલું હાથ આવે, આવે ને હાથમાંથી સરકે. જાણે દમયંતી જેવો કોઈ શાપ! પહેલાં ઘરના લોકો, પછી ધીરે ધીરે અડોશ પડોશના, પછી વીડિયો વાયરલ થતાં મિત્રો, સગાંવહાલાં દોડતાં આવવા લાગ્યાં. માણસ એટલી સલાહ! અહીં મોં ફાડી ફાડીને ખોતરવા જતાં મોં દુ:ખવું શરૂ થયું અને એક તણખલું શોધવામાં એની આસપાસના ચાર દાંતો પણ ખોતરાઈ ગયા. દાંતમાંથી લોહી વહેવા લાગ્યું તે નફામાં!

એવામાં ઘરે આવેલા એક હિતેચ્છુએ કહ્યું, 'આમ તે કંઈ દાંત ખોતરવા બેસી પડાય છે? કોઈ પ્રોબ્લેમ હોય તો ડોક્ટરનો દુકાળ થોડો પડેલો છે? (પેલા ભાઈના બંને છોકરા ડોક્ટર છે અને તે પણ દાંતના.) અરે! આ જો અંદર રહી ગઈ, તો સડો ચાલુ થઈ ગયો સમજો. લ્યો, આ મારું કાર્ડ. મારું નામ દેજો. બિલમાં ૨૦% ઓછા કરી આપશે.'

એકે કહ્યું, 'આના કરતાં ગરમ પાણીના કોગળા કરી નાખો અથવા પહેલાં ટૂથબ્રશ જોરથી ઘસો. ભલભલા તણખલાં નીકળી જશે. આમ એક તણખલામાં આખું ગામ ભેગું કરવાની કંઈ જરૂર નહોતી.' (રામ જાણે! કોણે મારો વીડિયો બનાવી વાયરલ કર્યો.)

અમે દુ:ખતાં મોંએ બોલ્યા, 'અહીં દાઢ દુ:ખે છે ને તમે જાતજાતના સાવ નકામા ઉપાયો મારા માથે શા માટે મારો છો?'

બાજુવાળા મુરબ્બી બોલવામાં બાકી રહી ગયેલા. એમણે શરૂ કર્યું, 'આ તકલીફને કદી હસવામાં લેવી નહીં. એકવાર સડો પેઠો, એટલે ખલાસ! બધા દાંત ગયા સમજો. આ જુઓ, અમે આ ચોકઠા ઉપર આવી ગયા.' એમ કહી ચોકઠા બહાર કાઢવાની ચેષ્ટા કરવા જાય, એ પહેલાં એમનાં પત્ની જોરથી ચિલ્લાયાં, 'હવે અહીં પણ ચોકઠાનું પ્રદર્શન કરવા બેસી ના જતા. રોજ રોજ ઘરમાં તમારા ચોકઠાનાં દર્શન કરીને મને ઊલટી જેવું થાય છે. સમજ્યા?'

એ બંને લડવાનું શરૂ કરે એ પહેલાં અમે 'ઓ... ઓ...' કરીને ત્યાંથી ઝડપથી ઊઠીને બાથરૂમમાં ભરાયા અને ત્યાં મોંમાં પાણી ભરી કોગળો કરવા જતાં જ અમારી દાઢ એના તણખલા સહિત બહાર ફેંકાઈ. જ્યાં સુધી બહાર બેઠેલાં વિખેરાયાં નહીં, ત્યાં સુધી અમે દાઢનું વિસર્જન કેમ કરવું, એની જગ્યાએ નવી દાઢ કેવી અને ક્યારે મુકાવવી... એ વિચારવા લાગ્યા. પણ હવે દાંત સાથે તો ચેડાં ન કરવા, પરંતુ બીજા કોઈની પણ સાથે ચેડાં ન કરવા એવો દ્રઢ નિર્ણય કરીને જ અમે બહાર નીકળ્યા.




# માતૃભાષાના યજ્ઞને આ રીતે પ્રજવલિત રાખીએ...

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

*‘મેં તારા નામનો ટહુકો અહીં છાતીમાં રાખ્યો છે,*
*..... ક્યાં દીધો કક્કો હજુ પાટીમાં રાખ્યો છે*
*મલક કંઇ કેટલા ખૂંધા બધાંની ધૂળ ચોંટી પણ*
*હજુયે મારો ધબકારો મેં ગુજરાતીમાં રાખ્યો છે’*

કવિ- ગઝલકાર રઇશ મણિયારની આ પંક્તિઓ માતૃભાષાનું મહત્ત્વ ઉજાગર કરે છે. આપણી માતૃભાષા ગુજરાતી મીઠી, મધુર ભાષા છે. કવિઓએ માતૃભાષાને મનભરીને લાડ લડાવ્યાં છે. કવિ દલપતરામ માતૃભાષાનું મહિમાગાન કરતા લખે છે:

‘આય ગિરા ગુજરાતી! તને અતિ શોભિત હું શણગારહ સજાવું...’

ખલીલ ધનતેજવી લખે છે *‘વાત મારી જેને સમજાતી નથી.’*

એ ગમે તે હોય ગુજરાતી નથી.’

ગુજરાતી ભાષાના મૂર્ધન્ય કવિ-ગીતકાર વિનોદ જોશી કહે છે:

*‘એ જ વાતથી ગજ ગજ ફૂલે છાતી;*
*હું ને મારી ભાષા બન્ને ગુજરાતી.’*

વાંચક મિત્રોને થશેઃ લેખિકા હમણાં ‘સંધ્યા-છાયા’ની વાત કરતા કરતા સાહિત્ય અને માતૃભાષાની વાત કરીને વિષયને આડે પાટે લઇ જઇ રહ્યાં છે કે શું? ના, પણ એવું નથી. આ સપ્તાહે માતૃભાષાની વાત શરૂ કરી છે તે પણ ‘સંધ્યા છાયા’ સાથે સંકળાયેલી જ છે.

આપણી પ્યારી માતૃભાષા ગુજરાતીનું આપણને સૌને ગૌરવ છે, પરંતુ અંગ્રેજી ભાષાનો પ્રભાવ એટલો બધો વધી રહ્યો છે કે આપણાં મનમાં એક ડર પેસી ગયો છે કે ગુજરાતી ભાષા મરી રહી છે કે શું? ગુજરાતી ભાષા લાંબો સમય ટકશે નહીં, કારણ કે ગુજરાતી ભાષાની શાળાઓ બંધ થવા માંડી છે. આપણાં બાળકો અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ભણે છે. આપણાં બાળકો હવે, ‘મેં એક બિલાડી પાળી છે’ ગાતા નથી. ‘‘લિટલ લિટલ ટ્વિંકલ સ્ટાર’’ ગાય છે. આ બધું જોઇ- સાંભળીને આપણને ચિંતા થાય એ સ્વાભાવિક છે. આપણાં જેવાં કેટલાંય ગુજરાતીઓ ફક્ત ચિંતા કરીને બેઠાં રહે છે અથવા તો વાર-તહેવારે પોતાની ચિંતા વ્યક્ત કરતા રહે છે. જ્યારે કેટલાંક એવાંયે લોકો છે, જે ફક્ત ચિંતા નથી કરતા, માત્ર ભાષણ નથી ઠોકતા, પણ માતૃભાષાને બચાવવા માતૃભાષાને જીવંત રાખવા ઠોસ પ્રયાસ કરી રહ્યાં છે. ઠોસ કામ કરી રહ્યાં છે.

આવાં લોકોમાંના એક છે. અરવિંદભાઇ... અરવિંદભાઇ આજે પંચ્યાશીથી વધુ વયના છે. અરવિંદભાઇ છેલ્લાં કેટલાંક વર્ષોથી માતૃભાષા ખાતર પોતાનો સમય અને શક્તિ વાપરી રહ્યા છે. એ છેલ્લાં કેટલાંક વર્ષોથી માતૃભાષા ખાતર પોતાનો સમય અને શક્તિ વાપરી રહ્યા છે. એમના જેવા સહૃદયી મિત્રો સાથે મળીને એ છેલ્લાં ૨૮ વર્ષથી મે વેકેશનમાં ગુજરાતી ભાષા શીખવવાના વર્ગો ચલાવે છે. મલાડ, કાંદિવલી, બોરીવલી, ઘાટકોપર જેવાં પરાંઓમાં જ્યાં ગુજરાતીઓની વસતિ વધારે છે, પણ એમનાં જે બાળકો અંગ્રેજી માધ્યમમાં ભણે છે એમને એ ગુજરાતી શીખવે છે. અરવિંદભાઇનું ધ્યેય એક જ છે. ગુજરાતી પરિવારનાં બાળકો માતૃભાષાથી વંચિત ન રહે. અંગ્રેજીમાં જ્ઞાન મળે છે, પણ સંસ્કાર તો માતૃભાષામાં જ મળે. આ વાતને ધ્યાનમાં રાખીને અરવિંદભાઇ અને એમની ટીમ કામ કરે છે. બાળકોને ગુજરાતી કક્કો, બારાખડી તો શીખવાડે જ પણ જ્ઞાન સાથે ગમ્મત મળે એ હેતુથી કાવ્ય, વાર્તાઓ વગેરે ગવાય, પઠન થાય, નાટક ભજવાય એવાં ઘણાં કાર્યક્રમ થાય.

અરવિંદભાઇ પોતે તો ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. પોતાની પ્રેક્ટિસ કરવા આ ઉપરાંત કેટલીય સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. એમના પત્ની રિટાયર્ડ શિક્ષકા છે. ત્રણ દીકરા પોતાના સંસારમાં વ્યસ્ત છે.

અરવિંદભાઇ હર વેકેશનમાં બાળકોને ગુજરાતીનું શિક્ષણ આપે છે. એમના વર્ગની વિશેષતા એ છે કે હરેક બાળકને પોતાના ઘરની આજુબાજુમાં જ માતૃભાષા શીખવા મળે એ માટે અરવિંદભાઇએ ગુજરાતી શીખવવા શિક્ષક-શિક્ષિકાઓની આખી ચેઇન બનાવી છે. રિટાયર્ડ શિક્ષકો, ગૃહિણીઓ બધા આ કાર્યમાં મદદ કરે છે. ધારો કે કાંદિવલીનો મહાવીરનગર વિસ્તાર છે તો મહાવીરનગરમાં વસતાં બાળકો અગર માતૃભાષા શીખવા ઇચ્છે છે તો એકલા મહાવીરનગર વિસ્તારમાં જ દસેક શિક્ષક આવા કલાસ ચલાવે, જેમને જે નજીક પડે ત્યાં જાય. અરવિંદભાઇએ બધાં શિક્ષકોને તાલીમ આપી છે. અરવિંદભાઇની ટીમે આખો કોર્સ તૈયાર કર્યો છે. એ કોર્સ મુજબ દરેક શિક્ષકો બાળકોને શીખવે છે.

આવા કલાસમાં વિવિધ હરીફાઇઓનું આયોજન પણ કરવામાં આવે છે. બાળકો હોંશે હોંશે આવી હરીફાઇમાં ભાગ લે છે. આ બધી હરીફાઇનો હેતુ એક જ હોય છે. બાળકો ગુજરાતીમાં બોલતા શીખે, લખતા શીખે, વાંચતા શીખે, બાળકો ગુજરાતી કવિતાઓ ગાતા શીખે. અંગ્રેજી કવિતાઓની સાથે ગુજરાતી કવિતા પણ શીખે. ગુજરાતી કવિ-લેખકોને ઓળખે એના વિશે જાણે પરિવારના સંબંધીઓને યોગ્ય રીતે ઓળખે.

આજકાલ અંગ્રેજી મીડિયમનાં બાળકો કાકા, માસા, ફુવા, મામા બધાંને ‘અંકલ’ કહેતા હોય છે. અહીં આ માતૃભાષાના વર્ગમાં અંકલ એટલે કાકા એટલે પપ્પાના ભાઇ. માસા એટલે માસીના પતિ. ફુવા એટલે ફોઇના પતિ. મામા એટલે મમ્મીના ભાઇ આવાં સંબંધોને જુદાં જુદાં ગીતો દ્વારા સમજાવવામાં આવે છે. આને લઈને બાળકોને પારિવારિક સંબંધોની સમજ મળે છે.

એક-દોઢ મહિનો ગુજરાતી શીખવવાના વર્ગો ચાલે એ દરમિયાન જે શીખવવામાં આવે તેની પરીક્ષા લેવામાં આવે. પાસ થનાર બાળકો તેમ જ જેમણે વર્ગો ભર્યા છે તે બધાંને સર્ટિફિકેટ આપવામાં આવે. કોઇ સ્પોન્સર મળી જાય તો ઇનામો પણ આપવામાં આવે. જે હરીફાઇ થઇ હોય તે હરીફાઇમાં જીતનારને પણ ઇનામ આપવામાં આવે. બાકી તો દરેક બાળકોને નોટબુક-પેન્સિલ-રબર જેવી વસ્તુઓ તો ભેટ આપવામાં આવે જ છે. બાળકોને આવી ભેટ અને પુરસ્કાર આપવા માટે કોઇને કોઇ સૌજન્યકર્તા મળી જ રહે છે. આટલું સરસ કાર્ય થતું હોય તો મદદ કરવા સૌ આગળ આવે જ ને?

આ વર્ષે પણ જૂન મહિનાની શરૂઆતમાં માતૃભાષા શીખવા વર્ગમાં ગયેલા દરેક બાળકને બિરદાવવામાં આવ્યા. અરવિંદભાઇ વર્ષ દરમિયાન પણ આ બાળકો માટે પિકનિક, પાર્ટી જેવાં કાર્યક્રમો કરતા રહે છે. માતૃભાષા શીખવા આવતાં બાળકો અને માતૃભાષા શીખવા પોતાના બાળકને મોકલનાર વાલીઓનો અરવિંદભાઇ આભાર માનતા રહે છે. અરવિંદભાઇનું માનવું છે કે આપણે આવા આવા નાના નાના પ્રયત્ન કરતા રહીશું તો આપણી માતૃભાષા ગુજરાતીને ઉની આંચ નહીં આવે. માતૃભાષા માટે આવું સ-રસ કાર્ય કરનાર અરવિંદભાઇ સાચા અર્થમાં માતૃભાષાની સેવા કરી રહ્યાં છે. આપણે બધાં પણ એમની ટીમમાં જોડાઇને આપણાંથી જે બની શકે એટલો સહકાર આપીને માતૃભાષા યજ્ઞમાં સામેલ થવું જ જોઈએ. ■

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# સૌની ફેવરિટ શોર્ટ કુરતી

## યોક સ્ટાઇલ

યોક સ્ટાઇલ કુરતી એટલે. જે કુરતીમાં યોક હોય. યોક એટલે જે કુરતીને પેટર્ન વાઇસ અને ફેબ્રિક વાઇસ અલગ પાડવા માટે જેનો ઉપયોગ થાય તેને યોક સ્ટાઇલ કુરતી કહેવાય. અલગ અલગ પેટર્ન વાઇસ કુરતીમાં યોક આપવામાં આવે છે. મોટાભાગ યોક અન્ડર ધી બસ્ટ હોય અથવા અબવ બસ્ટ હોય. તમારા બોડી સ્ટ્રક્ચરને અનુરૂપ તમારે યોકની સ્ટાઇલ પસંદ કરવી પડે. જેમકે, ઘણી કુરતીમાં અન્ડર બસ્ટ યોક હોય અને તે યોકમાં ચુન આપવામાં આવી હોય છે. જયારે યોકમાં ચુન હોય તો સાઈડમાં સ્લીટ ન હોય તેથી ફ્રોક સ્ટાઇલ જેવી ઇફેક્ટ આવે. આ કુરતીનો રાઉન્ડ ઘેરો વધારે નથી હોતો .અને અન્ડર બસ્ટ ચુન હોય તેને લીધે પેટ અને કમર પાસેથી ફૂલેલી લાગે છે. જયારે અબવ બસ્ટ યોકમાં ઉપરથી જ કુરતીનો ઘેરો ચાલુ થઇ જાય છે. યોક વળી કુર્તિઓ સુડોળ યુવતીને વધારે સારી લાગે છે. આ સ્ટાઈલમાં ઘણા વેરિએશન આવે છે, ફેબ્રિક અને પેટર્ન વાઇસ. યોકવાળી કુરતીમાં પાછળ બેલ્ટ પણ આવે છે, જેને લીધે થોડું ફિટિંગ આવે છે. આ સ્ટાઈલની કુરતી પહેરવામાં ખૂબ જ કમ્ફર્ટેબલ હોય છે. જેઓ ફેશન કોન્શિયસ હોય છે તેઓ આ સ્ટાઈલની કુરતી પહેરવાનું પસંદ નથી કરતા કારણકે, યોક પછી જે ઘેરો હોય છે તેને લીધે કમર અને હિપનો ભાગ વધારે હેવી લાગે છે .

શોર્ટ કુરતીસ તમારી ચોઈસ પ્રમાણે ડેનિમ, પેન્ટ્સ, હેરમ પેન્ટ્સ અને ધોતી પર પહેરી શકાય. કઇક અલગ લૂક જોઈતો હોય તો, તમે સ્કર્ટ સાથે પણ પહેરી શકો. શર્ત માત્ર એટલીજ કે મિક્સ એન્ડ મેચ કરતા આવડવું જોઇએ.

## શોર્ટ કુરતીસ

વર્ષોથી ચાલતી આવી છે અને હજી પણ ચાલશે. શોર્ટ કુરતીસ ક્યારેય પણ આઉટ ઓફ ફેશન થતી નથી. શોર્ટ કુરતીસમાં સીઝન પ્રમાણે ચેન્જીસ થતા રહે છે. લેન્થ વેરિએશન અને પેટર્ન વેરિએશન તો આવે જ છે. તમે તમારી હાઈટ અને બોડી સ્ટ્રક્ચર મુજબ શોર્ટ કૂર્તિઝની પસંદગી કરી શકો. શોર્ટ કુરતીસ એટલે, જે કુરતીની લેન્થ હિપ કવર કરે એટલી હોય તેને શોર્ટ કુરતીસ કહેવાય. શોર્ટ કુરતીસમાં અમુક પેટર્ન ખૂબ જ ચાલે છે જેમકે, બંધ ગલા, ઓપન નેક,યોક વાળી, કાળીદાર વગેરે. ચાલો જાણીયે કઈ પેટર્નની કુરતી કોણ કઈ રીતે પહેરી શકે.





## બંધ ગલા

બંધ ગલા એટલે, જે કુરતીનું નેક બંધ હોય. બંધ ગલામાં પણ વેરિએશન આવે છે જેમકે , ચાઈનીઝ કોલર , એટલેકે જે કોલર નેક બોન પર આવે અને બંધ થઇ જાય તેને ચાઈનીઝ કોલર કહેવાય. મોટા ભાગની કુરતી ચાઈનીઝ કોલર સાથે જ બનાવવામાં આવે છે. અને પછી તેમાં અલગ અલગ પેટર્ન જોવામાં આવે છે. આવી કુરતીસ ઓફિસ વેર માટે બેસ્ટ ઓપશન છે. આમાં પણ ફેબ્રિક વેરીશનને હિસાબે તમે એ કુરતી સિલેક્ટ કરી શકો. જેમકે , જો તમને આ સ્ટાઈલની કુરતી ઓફિસમાં પહેરવી હોય તો, લીનન ફેબ્રિકની કુરતી પહેરી શકાય અથવા તો પ્યોર કોટનમાં પહેરી શકાય. આવી કુરતીની લેન્થ મોટા ભાગે હિપ કવર થાય તેટલી હોય છે. સ્લીવ્સની લેન્થ થ્રિ ફોર્થ અથવા ફૂલ લેન્થ હોય છે. આ સ્ટાઈલની કુરતી મોટાભાગની યુવતીઓ અને મહિલાઓને સારી જ લાગે છે. આ કુરતી તમે ડેનિમ કે સ્ટ્રેચેબલ પેન્ટ સાથે પહેરી શકો. આ કુરતી તમે ડેનિમ કે સ્ટ્રેચેબલ પેન્ટ સાથે પહેરી શકો. આમ તો બંધ ગલા સ્ટાઇલ કુરતી બધા જ પહેરે છે. જો તમારું શરીર બહુ ભરેલું હોય તો આ સ્ટાઈલની કુરતી ન પહેરવી કારણકે આ સ્ટાઈલની કુરતી પહેરવાથી તમારા શોલ્ડર વધારે હેવી લાગશે અને જો કમર અને હિપનો ભાગ વધારે હશે તો આગળથી કુરતી ઉપર ચડી જશે.



## ઓપન નેક

ઓપન નેક કુરતી એટલે , જે નેકમાં તમે અલગ અલગ પેટર્ન અને વેરિએશન આપી શકો. મોટાભાગે આ સ્ટાઈલની કુરતી પ્રિન્ટેડ કોટન ફેબ્રિકમાં હોય છે. ફેબ્રિકની પ્રિન્ટના હિસાબે નેકલાઇન આપવામાં આવે છે. ઓપન નેક વાળી કુર્તિઓ તમે કેઝ્યુઅલી પહેરી શકો ડીપેન્ડિંગ કે કયા ફેબ્રિકમાંથી કુરતી બનાવવામાં આવી છે. આ કુરતીનો ઓવરઓલ લૂક ખૂબ જ સિમ્પલ હોય છે.

કુરતીમાં માત્ર ફેબ્રિક વેરિએશન જોવામાં આવે છે અને નેકમાં હાઈલાઈટિંગ કરવામાં આવે છે જેમકે, કુર્તા પટ્ટી. કુર્તા પટ્ટીને હાઇલાઇટ કરવા માટે એમ્બ્રોઇડરી અથવા લેસનો ઉપયોગ થાય છે. આ સ્ટાઈલની કુરતીમાં મોટેભાગે નેકની આજુબાજુ વર્ક અથવા કોઈ જાતની પેટર્ન કરી આકર્ષિત બનાવવામાં આવે છે. વધારે સ્ટાઇલિંગ કરવા માટે જો કોઈ પ્લેન કલરની કુરતી હોય અને નેકમાં જે વર્ક હોય તે જ વર્ક સ્લિવ્ઝમાં હોય અને સાઈડ સ્લીટમાં પણ હોય છે.

પ્રિન્ટેડ કોટન ફેબ્રિકની કુરતી કેઝ્યુઅલી પહેરી શકાય જયારે પ્લેન કુરતી તમે ફોર્મલી પણ પહેરી શકો. આ સ્ટાઈલની કુરતીમાં નેક ઓપન હોવાથી ગળા અને શોલ્ડરનો ભાગ હેવી નથી લાગતો. જેમને બંધ ગલા કુરતીની પેટર્ન ન પહેરવી ગમતી હોય તેઓ આ સ્ટાઈલની જ કુરતી પહેરવાનું પસંદ કરે છે. ■

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# નગરશેઠની પુત્રવધૂએ ગાડામાં છાણાં કેમ ભર્યાં?



બાલ્કનીમાં બેસીને પોતાના ગોઠણ સુધી પહોંચતા લાંબા વાળમાં તેલ નાખી રહેલી નગરશેઠની પુત્રવધૂના હાથમાંથી તેલની બાટલી સરકી પડી.

- લગભગ દસબાર ફૂટ ઊંચેથી પડવા છતાં બાટલી ફૂટી નહીં ત્યારે પુત્રવધૂ ચોંકી ઊઠીઃ

- જરૂર આ પરિવારના પુણ્યનો ઘડો છલકાઈ ઊઠ્યો છે. હવે ગમે તે ઘડીએ પડતી આવવાની.

- થોડા દિવસ પછી દરબારમાં નગરશેઠ રજાના વાંકમાં આવતાં રાજવીએ ગુસ્સામાં આદેશ આપ્યોઃ

- ફક્ત એક ગાડામાં આવે એટલો સામાન લઈને ચોવીસ કલાકમાં નગર છોડી જાઓ નહીં તો ઘાણીએ પીલીને તેલ કાઢીશ.

- ઊતરેલા ચહેરે નગરશેઠ ઘરે આવ્યા અને પોતાની સમજદાર ગણાતી પુત્રવધૂને વાત કરી.

- પુત્રવધૂએ ગાડું ભરીને છાણાં લેવાનું સૂચવ્યું ત્યારે નગરશેઠે કપાળ કૂટ્યુંઃ

- અરેરે, જેને સમજદાર ગણી છે એ પુત્રવધૂ આ શું સૂચવે છે?

- પુત્રવધૂએ છાણાંનો જ આગ્રહ રાખ્યો ત્યારે નસીબને દોષ દઈને નગરશેઠે હા પાડી.

- ગામ વચ્ચેથી છાણાં ભરેલું ગાડું લઈને નગરશેઠનો પરિવાર નીકળ્યો ત્યારે લોકોએ ઠેકડી કરી.

- નગરશેઠ શરમિંદગી અનુભવતા નીચું જોઈને ચાલતા રહ્યા.

- કલાકો સુધી ચાલીને બીજા નગરની સીમામાં પ્રવેશ્યા ત્યારે એક વૃક્ષ નીચે બધા પોરો ખાવા બેઠા.

- પુત્રવધૂએ એક છાણું લઈને વચ્ચેથી ભાંગ્યું ત્યારે એમાંથી મહામૂલું મોતી નીકળ્યું.

- એણે સસરાને સાનમાં કહ્યું કે આખું ગાડું છાણાથી ભરેલું છે.

- નગરશેઠની આંખો હરખનાં આંસુથી છલકાઈ ઊઠી.

### સંસ્કાર સરિતા

- વાસ્તવમાં ઊંચેથી પડેલી કાચની બાટલી ફૂટી નહીં ત્યારે ચોંકી ઊઠેલી પુત્રવધૂએ સમયનું વહેણ પારખીને છાણામાં મૂલ્યવાન હીરામોતી સંતાડીને સૂકવવાનું શરૂ કરી દીધું હતું.

- અણીને વખતે એ હીરામોતી નગરશેઠના પરિવારને તબાહ થતું ઉગારી શક્યા.

- ખરેખર તો પુત્રવધૂ મહામૂલું ઝવેરાત બની રહી ગણાય.

### સનાતન સત્ય

- આપણા લોકસાહિત્યમાં કહ્યું છે કે,

*મિત્ર પારખીએ મામલે*
*સગો પારખીએ સા’ય*
*ઘરવાળી તે’દિ પારખીએ*
*જે’દિ કોઠીએ હોય નૈં કાંય*

* * *

ભગવાન... ક્યાં છે!

લતા સંઘર્ષમય જીવનથી ખૂબ કંટાળી ગઈ હતી.

* પતિનો જંગલી સ્વભાવ,
* સાસુનો કર્કશ મિજાજ,
* સસરાનો ચોવીસ કલાકનો બકવાસ,
* નણંદોની કટકટ...

- અનેક સમસ્યાઓ હતી.

- એક દિવસ ખોલીના બારણા પાછળના ઘમસાણથી ત્રાસીને એ બહાર આવીને ગેલેરીમાં ઊભી રહી અને મૂંઝવણમાં બોલી ઉઠી...

* હે ભગવાન,
* તું મને શા માટે ઉપાડી નથી લેતો...?

- અને એના કાનમાં અવાજ પડ્યો...

* પહેલાં ડાઈવોર્સ તો લઈ લો...!

- અને લતા ચોથા માળેથી કેમ પડી ગઈ એનું કારણ અકળ રહ્યું;

- માત્ર ભગવાનની હાલત કફોડી થઈ ગઈ છે. ■

# બોલિંગને આક્રમક બનાવવા કુલદીપ ટીમમાં હોવો જ જોઈએઃ માંજરેકર

## શાર્દુલની બાદબાકી કરવાનું પનેસરનું પણ સૂચન, તે કહે છે ‘કુલદીપને ટર્નિંગ પિચની જરૂર જ નથી હોતી’



નવી દિલ્હીઃ ઇંગ્લૅન્ડ સામેની લીડ્સની પ્રથમ ટેસ્ટમાં જસપ્રીત બુમરાહ સિવાય બીજો કોઈ પેસ બોલર વખાણવાલાયક બોલિંગ ન કરી શક્યો અને ટીમનો એકમાત્ર સ્પિનર રવીન્દ્ર જાડેજા સદંતર ફ્લૉપ ગયો, કારણકે એ મૅચમાં કુલ ૧૭૨ રનમાં તે ફક્ત એક વિકેટ લઈ શક્યો હતો જેને લીધે ક્રિકેટ જગતમાં જોરદાર ચર્ચા છે કે હવે રિસ્ટ-સ્પિનર કુલદીપ યાદવને કોઈ પણ ભોગે બીજી ટેસ્ટમાં રમાડવો જ જોઈએ. કુલદીપને ઇલેવનમાં સમાવવા માટે ઑલરાઉન્ડર શાર્દુલ ઠાકુરને પડતો મૂકવાનું પણ સૂચન થયું છે.

ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચેની બીજી ટેસ્ટ બર્મિંગહૅમના એજબૅસ્ટનમાં બુધવાર, બીજી જુલાઈથી રમાશે. ત્યાર પછીની ત્રણ ટેસ્ટ અનુક્રમે લૉર્ડ્સ, મૅન્ચેસ્ટર અને ઓવલમાં રમાશે. પેસ બોલર શાર્દુલ પ્રથમ ટેસ્ટમાં કુલ ફક્ત પાંચ રન કરી શક્યો હતો અને બોલિંગમાં પણ તેણે નિરાશ કર્યા હતા. પ્રથમ દાવમાં ૩૮ રનમાં તેને વિકેટ નહોતી મળી અને બીજા દાવમાં બે બૉલમાં બેન ડકેટ (૧૪૯ રન) તથા હૅરી બ્રૂક (૦)ની વિકેટ લીધી હતી, પરંતુ તેને એ બે વિકેટ ૫૧ રનના ખર્ચે મળી હતી.

ભારતના ભૂતપૂર્વ બૅટ્સમૅન સંજય માંજરેકરે ‘ મૅચ સેન્ટર લાઇવ’ નામના શૉમાં કહ્યું હતું કે ‘ કુલદીપ યાદવને ફરી ટીમમાં સમાવવો જ જોઈએ. મને કહેવું ગમતું તો નથી, પણ શાર્દુલ ઠાકુરને પડતો મૂકવો જોઈએ. ભારતે બીજી ટેસ્ટ માટેની ટીમમાં આ એક ફેરફાર તો કરવો જ જોઈએ. પ્રથમ ટેસ્ટ માટે મેં નીતીશ કુમાર રેડ્ડીની તરફેણ ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝમાં તેનો જે પર્ફોર્મન્સ હતો એને આધારે કરી હતી. જોકે તે ચોથા રેગ્યુલર સીમ બોલર જેવી બોલિંગ તો ન જ કરી શકે એટલે ટીમ ઇન્ડિયાએ ક્વૉલિટી બોલરને ઇલેવનમાં સમાવવો જોઈએ પછી ભલે બે સ્પિનર પણ લેવા પડે તો પણ વાંધો નહીં. ટૂંકમાં, બેસ્ટ બોલર ટીમમાં હોવા જ જોઈએ. મોહમ્મદ શમી સહિત પેસ બોલર્સની પૂરી તાકાત આપણી પાસે અત્યારે નથી એટલે ટીમમાં એક સીમ બોલર ઓછો હશે તો પણ ચાલશે, પણ કુલદીપ તો હોવો જ જોઈએ.’

કુલદીપને બીજી ટેસ્ટમાં લેવામાં આવશે જ એવું તેની કરીઅરના આંકડા પરથી નકારી ન શકાય. આ લેફ્ટ-આર્મ રિસ્ટ સ્પિનરે માત્ર ૧૩ ટેસ્ટમાં ૫૬ વિકેટ લીધી છે અને ૨૨.૧૬ તેની બોલિંગ ઍવરેજ છે. તેની તુલનામાં પેસ બોલર શાર્દુલ ૧૨ ટેસ્ટમાં ૩૩ વિકેટ ૨૯.૩૬ની સરેરાશે લઈ શક્યો છે.

માંજરેકરે બીજો ખાસ મુદ્દો એ કહ્યો કે ‘ ઇંગ્લૅન્ડમાં હવામાન હવે પહેલાની જેમ સીમ બોલર્સને જ અનુકૂળ હોય એવું જ નથી હોતું એટલે ભારત બે સ્પિનરને ઇલેવનમાં સમાવે તો કંઈ જ ખોટું નથી. ગ્લોબલ વૉર્મિંગને કારણે થોડાં વર્ષોથી ઇંગ્લૅન્ડનો ઉનાળાનો સમય મોટા ભાગે ડ્રાય હોવાથી સ્પિન બોલરને વધુ ફાયદો થઈ શકે છે.’

ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ સ્પિનર અને ભારતીય મૂળના મૉન્ટી પનેસરે પીટીઆઇને કહ્યું હતું કે ‘ એજબૅસ્ટનની પિચ પર બૉલ થોડા ટર્ન થશે એટલે રવીન્દ્ર જાડેજા ઉપરાંત કુલદીપ યાદવને પણ રમાડવો જોઈએ. મારું માનવું છે કે કુલદીપને શાર્દુલ ઠાકુરના સ્થાને રમાડવો જ જોઈએ. કુલદીપને ટર્નિંગ પિચની જરૂર જ નથી હોતી. તાજેતરની આઇપીએલમાં આપણે જોયું કે બૉલ વધુ પડતો ટર્ન ન કરીને પણ તે બૅટ્સમૅન માટે ક્રીઝમાં ટકવું મુશ્કેલ બનાવી દેતો હતો.’ ■

# બન્ને દાવમાં ભારતની નીચલી હરોળને સસ્તામાં આઉટ કરી એટલે વિજય આસાન બન્યોઃ બેન સ્ટૉક્સ

લીડ્સઃ ભારત સામે પાંચ મૅચવાળી ટેસ્ટ-શ્રેણીની પ્રથમ મૅચમાં પાંચ વિકેટે પરાજય આપનાર ઇંગ્લૅન્ડને બૅટિંગમાં પોતાનો ટૉપ-ઑર્ડર ખૂબ મદદરૂપ થયો હતો, પરંતુ કૅપ્ટન બેન સ્ટૉક્સે પોતાના બોલર્સને મોટો જશ આપ્યો છે અને એ માટે તેણે એવું કારણ આપ્યું છે કે ‘ અમે મૅચમાં બન્ને વખત બૅટિંગમાં ભારતના નીચલા ક્રમનો બહુ ઓછા રનમાં સફાયો કરી શક્યા એ અમારા માટે મોટી વાત હતી.’

મંગળવારના છેલ્લા દિવસે ઓપનર્સ બેન ડકેટ અને ઝૅક ક્રૉવ્લીએ ૧૮૮ રનની ભાગીદારીથી ઇંગ્લૅન્ડને ૩૭૧ રનનો રેકૉર્ડ-બ્રેક લક્ષ્યાંક અપાવ્યો એ બદલ તેમની પ્રશંસા કરવા ઉપરાંત બેન સ્ટૉક્સે પોતાના બોલર્સના વખાણ કરતા કહ્યું, ‘ પિચ બૅટિંગ માટે ઘણી સારી હતી. ઢગલો રન થયા એ જ એ વાતના સાક્ષી છે. જોકે અમે બન્ને દાવમાં ભારતના પૂછડિયાઓની લાઇન-અપને સસ્તામાં તોડી પાડી એનો અમને ખૂબ ફાયદો થયો. અમારી જીતનું એ પણ મોટું કારણ છે.’


બેન ડકેટ અને ઝૅક ક્રૉવ્લી વચ્ચે ૧૮૮ રનની ઓપનિંગ ભાગીદારી થઈ હતી, જેને લીધે ભારત પરાજય તરફ ધકેલાયું

સ્ટૉક્સે એવું પણ કહ્યું હતું કે ‘ ભારતીય ટીમ બીજા દાવમાં ૪૫૦-૫૦૦ રન કરવા સક્ષમ હતી, પરંતુ અમારા બોલર્સે એ ન થવા દીધું.’

પહેલા દાવમાં ભારતે છેલ્લી સાત વિકેટ માત્ર ૪૧ રનમાં ગુમાવી દીધી હતી. ભારતનો સ્કોર ૪૩૦/૩ હતો, પણ ટીમનો દાવ ૪૭૧ રનના સ્કોર પર પૂરો થઈ ગયો હતો.

બીજા દાવમાં એક તબક્કે ભારતનો સ્કોર ૩૩૩/૪ હતો, પણ ૩૬૪ રનના સ્કોર પર ૧૦મી વિકેટ પડી હતી. ■

# નીરજનું ચાર દિવસમાં બીજું ટાઇટલ

ઑસ્ટ્રાવા (ઝેક રિપબ્લિક): ભાલાફેંકમાં ભારતના સુપરસ્ટાર નીરજ ચોપડાએ ચાર દિવસમાં લાગલગાટ બે સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવીને ટાઇટલ જીતી લીધું છે. મંગળવારે તેણે અહીં ગોલ્ડન સ્પાઇક મીટમાં પહેલી જ વાર ભાગ લીધો હતો અને એમાં ૮૫.૨૯ મીટરના થ્રોના સાધારણ પર્ફોર્મ છતાં મોખરાનું સ્થાન હાંસલ કર્યું હતું. સાઉથ આફ્રિકાનો ડૉઉ સ્મિટ (૮૪.૧૨ મીટર) બીજા નંબરે અને બે વખત વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂકેલો ગ્રેનાડાનો ઍન્ડરસન પીટર્સ (૮૩.૬૩ મીટર) ત્રીજા સ્થાને રહ્યો હતો.

૨૦મી જૂને (ચાર દિવસ પહેલાં) નીરજે પૅરિસ ડાયમંડ લીગમાં ૮૮.૧૬ મીટરના બેસ્ટ થ્રો સાથે સ્પર્ધા જીતી લીધી હતી. એ પહેલાં, મે મહિનામાં તેણે કારકિર્દીમાં પહેલી વખત ૯૦.૦૦ મીટરનું વિઘ્ન પાર કરવાની અનેરી સિદ્ધિ મેળવી હતી. નીરજે ચાર દિવસમાં બે મોટા ટાઇટલ જીત્યા છે છતાં પોતાના પર્ફોર્મન્સ વિશે સંતુષ્ટ નથી. નીરજે જાન્યુઆરી, ૨૦૨૫માં ભૂતપૂર્વ ટેનિસ પ્લેયર હિમાની મોર સાથે લગ્ન કર્યાં હતાં. આ વર્ષ નીરજ માટે શુકનવંતુ બન્યું છે. ■

# સલમાન બન્યો ક્રિકેટ ટીમનો માલિકઃ દિલ્હીનું ફ્રેન્ચાઈઝી ખરીદ્યું



દેશની પહેલી અને સૌથી મોટી ટેનિસ-બોલ ટી૧૦ ક્રિકેટ લીગ - ઇન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (આઈએસપીએલ) એ તેની ત્રીજી સીઝન પહેલા એક મોટી જાહેરાત કરી છે. બોલીવુડ સુપરસ્ટાર સલમાન ખાન હવે આઈએસપીએલની નવી દિલ્હી ફ્રેન્ચાઇઝીના માલિક બનશે. આ નવી ટીમને આઈએસપીએલમાં એવા સમયે સામેલ કરવામાં આવી છે જ્યારે લીગે તેની બીજી સીઝનમાં રેકોર્ડબ્રેક લોકપ્રિયતા હાંસલ કરી છે.

સલમાન ખાને પોતે આઈએસપીએલની નવી દિલ્હી ફ્રેન્ચાઇઝી ખરીદી હોવાની જાહેરાત કરી છે. સુપરસ્ટારે ઇન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે જેમાં તેણે લખ્યું છે, 'તમે દિલ્હીના માલિકનું સ્વાગત નહીં કરો.' આ સાથે, કેપ્શનમાં લખ્યું છે - ‘આઈએસપીએલ સાથે રોડથી લઈને સ્ટેડિયમ સુધીની ક્રિકેટની સફર શરૂ કરવા માટે ઉત્સાહિત છું.' દિલ્હી ફ્રેન્ચાઇઝીના માલિક બનવા પર, સલમાન ખાને કહ્યું - 'ક્રિકેટ દરેક ભારતીય ગલીઓની રોનક છે અને જ્યારે તે જ ઉર્જા સ્ટેડિયમમાં પહોંચે છે, ત્યારે આઈએસપીએલ જેવી લીગનો જન્મ થાય છે. હું હંમેશાથી આ રમત પ્રત્યે ઉત્સાહિત રહ્યો છું અને આઈએસપીએલ સાથે જોડાવાનો મને ખૂબ આનંદ છે. આ લીગ માત્ર પાયાના સ્તરે ક્રિકેટને પ્રોત્સાહન આપતી નથી પણ પ્રતિભાશાળી ખેલાડીઓને એક શક્તિશાળી પ્લેટફોર્મ પણ પૂરું પાડે છે. આ તો શરૂઆત છે,સીઝન ૩ સાથે, દર્શકો અમારી ટીમ વિશે વધુ જાણી શકશે અને અમારી સાથે જોડાશે.'

સલમાન ખાનના જોડાવાથી નવી દિલ્હીની ટીમ તો મજબૂત થશે જ, પણ સમગ્ર લીગને એક નવી તાકાત અને નવી ઓળખ પણ મળશે. હવે તે એવી સેલિબ્રિટીઝની યાદીમાં જોડાઈ ગયો છે જેઓ પહેલાથી જ અન્ય આઈએસપીએલ ટીમોના માલિક છે. જેમાં અમિતાભ બચ્ચન (માઝી મુંબઈ), સૈફ અલી ખાન અને કરીના કપૂર ખાન (ટાઈગર્સ ઓફ કોલકાતા), અક્ષય કુમાર (શ્રીનગર કે વીર), સૂર્યા (ચેન્નઈ સિંઘમ્સ), હૃતિક રોશન (બેંગલોર સ્ટ્રાઈકર્સ) અને રામ ચરણ (ફાલ્કન રાઈઝર્સ હૈદરાબાદ) જેવા નામોનો સમાવેશ થાય છે. ■

# રિન્કુ અને પ્રિયા સરોજનાં લગ્ન મોકૂફ?




લખનઊઃ ક્રિકેટર રિન્કુ સિંહ અને સમાજવાદી પાર્ટી (સપા)ની સાંસદ પ્રિયા સરોજ વચ્ચેનાં લગ્ન મુલતવી રાખવામાં આવ્યા હોવાનું મનાય છે. તાજેતરમાં જ તેમની સગાઈ થઈ હતી. તેમના લગ્ન ૧૮મી નવેમ્બરે રાખવાનું નક્કી થયું હતું, પણ હવે ત્રણેક મહિના મોડાં રાખવામાં આવશે. વર્ષના અંત ભાગમાં રિન્કુએ ઘણી મૅચો રમવાની હોવાથી આ નિર્ણય લેવાઈ રહ્યો હોવાની ચર્ચા છે. તેના પૅક્ડ ક્રિકેટ શેડ્યૂલને લીધે હવે પ્રિયા સરોજ સાથેના તેનાં મૅરેજ ફેબ્રુઆરીમાં યોજાશે એવી સંભાવના છે.

ભારતીય ટીમ આગામી ઑક્ટોબર-નવેમ્બરમાં ત્રણ વન-ડે તથા પાંચ ટી-૨૦ મૅચ રમવા ઑસ્ટ્રેલિયાના પ્રવાસે જશે. ત્યાર બાદ નવેમ્બરમાં ઘરઆંગણે સાઉથ આફ્રિકા સામે ત્રણેય ફૉર્મેટની સિરીઝ રમાશે. રિન્કુ હજી ટેસ્ટ-ક્રિકેટ નથી રમ્યો, પરંતુ વન-ડે અને ટી-૨૦ની ટીમમાં તેનો સમાવેશ શક્ય હોવાથી તેણે લગ્ન ત્રણેક મહિના મોકૂફ રાખવાનું નક્કી કર્યું હોવાનું મનાય છે. ■

# ગિલ નાદાન કૅપ્ટન, ‘બ્રહ્માસ્ત્ર’નો ઉપયોગ કરવામાં સાવ નિષ્ફળ

લીડ્સઃ મંગળવારે શુભમન ગિલના સુકાનમાં ઇંગ્લૅન્ડ સામે ભારતીય ટીમ આખી ટેસ્ટમાં કુલ મળીને ૮૩૫ રન કરવા છતાં અને ખુદ ગિલ સહિતની પાંચ સેન્ચુરી ફટકારવામાં આવી એમ છતાં ભારતે પરાજય જોવો પડ્યો એ માટે સિલસિલાબંધ કૅચ છૂટવા સહિતની ખરાબ ફીલ્ડિંગ પણ જવાબદાર હતી, પરંતુ ગિલની કૅપ્ટન્સીની પણ ટીકા થઈ રહી છે. સુકાની તરીકે તેની આ પહેલી જ સિરીઝ છે અને એની પ્રથમ ટેસ્ટ રમાઈ છે ત્યાં તેના નેતૃત્વની ક્ષમતા વિશે સવાલ ઊઠી રહ્યા છે. ખાસ કરીને ડિસિઝન રિવ્યૂ સિસ્ટમ (ડીઆરએસ)ની સુવિધાનો બરાબર ઉપયોગ કરવામાં સંપૂર્ણપણે (તમામ છ ડીઆરએસની અપીલમાં) નિષ્ફળ જવા બદલ ગિલને વખોડવામાં આવી રહ્યો છે.

મેદાન પરના અમ્પાયરના નિર્ણયને પડકારવા ડીઆરએસનો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. મોટા ભાગની ટીમો આ સગવડનો સરખી રીતે ઉપયોગ કરી શકી છે. ટેસ્ટ ક્રિકેટમાં ડીઆરએસનું મહત્ત્વ ઘણું વધી જતું હોય છે. ગિલ લીડ્સની પ્રથમ ટેસ્ટમાં ડીઆરએસનો બરાબર ઉપયોગ કરવામાં નિષ્ફળ ગયો એવી ચર્ચા વચ્ચે ભારતીય ક્રિકેટપ્રેમીઓ સિરીઝના ભાવિ બાબતમાં ચિંતિત છે.

એક તરફ ભારતે બધી ડીઆરએસ અપીલ ગુમાવી દીધી હતી ત્યારે ઇંગ્લૅન્ડની ટીમે ૩૭૧ રનના લક્ષ્યાંક સામે ૧૦૦થી વધુ રન બનાવવાના બાકી હતા ત્યારે તેમની બધી ડીઆરએસ અકબંધ હતી.

ભારતીય ટીમે ટેસ્ટમાં કુલ ૮૦૦-પ્લસ રન કરવા છતાં પરાજય જોવો પડ્યો એવું પહેલી વાર બન્યું છે અને એવું શુભમન ગિલની કૅપ્ટન તરીકેની પહેલી જ ટેસ્ટમાં બન્યું. ભારતે આ મૅચમાં કુલ ૮૩૫ રન કર્યા હતા. અગાઉનો રેકૉર્ડ એવો હતો જેમાં (૨૦૧૪માં) ઍડલેઇડ ટેસ્ટમાં ભારતે ઑસ્ટ્રેલિયા સામે બન્ને દાવ મળીને કુલ ૭૫૯ રન કર્યા હતા છતાં ભારતે પરાજય જોવો પડ્યો હતો. ■




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| तोंड | કાંડું |
| मान | કોણી |
| कोपर | મોઢું |
| मनगट | આંગળી |
| बोट | ડોક |

## ઓળખાણ પડી?



દિલ્હીમાં ભાજપની સરકાર આવ્યા બાદ મુખ્ય પ્રધાન બનેલી મહિલાની ઓળખાણ પડી? દિલ્હીનાં ચોથા મહિલા સીએમ છે.

અ) આતિશી માર્લેના બ) સારિકા શર્મા ક) રેખા ગુપ્તા ડ) ભારતી દુબે

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ લો | ક | ૨ મ | ૩ ત | ■ | ૪ લી | ૫ લા | ૬ લ | હે | ૭ ર |
| કા | ■ | ૮ જા | ય | ૯ જ | ■ | ૧૦ વ | ળી | ■ | ક્ષ |
| ૧૧ ભિ | ક્ષુ | ક | ■ | ૧૨ ના | ૧૩ મ | ના | ■ | ૧૪ જા | ણ |
| મુ | ■ | ■ | ૧૫ મા | વ | ત | ર | ■ | ■ | હા |
| ૧૬ ખ | ૧૭ ર | ૧૮ જ | ■ | ર | ■ | ■ | ૧૯ કુ | ૨૦ મા | ર |
| ■ | ૨૧ મ | ન | સ્વી | ■ | ૨૨ દં | ૨૩ ત | ક | થા | ■ |
| ૨૪ જા | ત | ક | ■ | ૨૫ ના | ■ | ૨૬ ગ | ર્મ | ■ | ૨૭ વ |
| ળ | ■ | ■ | ૨૮ પ | રિ | ચિ | ત | ■ | ૨૯ ભા | ર |
| ૩૦ વ | ત | ૩૧ ન | ■ | યે | ■ | ૩૨ ગ | ૩૩ મ | ■ | દા |
| ણી | ■ | ૩૪ સ | ર | ળ | તા | ■ | ૩૫ સ્ત | વ | ન |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | ૫ | | ૬ |
| | ■ | | ■ | ૭ | | | | ■ | |
| ૮ | | | | ■ | ૯ | | ■ | ૧૦ | |
| | ■ | | ■ | ૧૧ | ■ | ■ | ૧૨ | | ■ |
| | ■ | ૧૩ | ૧૪ | | ■ | ૧૫ | | | ૧૬ |
| ■ | ૧૭ | ■ | ૧૮ | | ■ | ૧૯ | | ■ | |
| ૨૦ | | | ■ | ૨૧ | | ■ | ૨૨ | ૨૩ | |
| ૨૪ | | ■ | ૨૫ | ■ | ■ | ૨૬ | ■ | | ■ |
| | ■ | ૨૭ | | | ૨૮ | | ■ | ૨૯ | ૩૦ |
| | ■ | ૩૧ | | ■ | ૩૨ | | | | |

### આડી ચાવી

૧. વિરાસત, થાપણ, વારસો (૪)
૩. બંધબેસતું હોવાપણું (૫)
૭. ઈચ્છા, આકાંક્ષા (૪)
૮. કકળાટ (૪)
૯. --- ખાવું એટલે મોંઘા થવું (૨)
૧૦. નાતનો જમણવાર (૨)
૧૨. કડવું --- જેવું (૨)
૧૩. ‘રીસાવવું’નું આજ્ઞાર્થ (૩)
૧૫. વધુ સારું (૪)
૧૮. પત્ર (૨)
૧૯. એક અને પા (૨)
૨૦. હવાની લ્હેરખી (૩)
૨૧. ચેપી રોગમાં --- લેવી પડે (૨)
૨૨. રાત્રિ (૨)
૨૪. બીક, ભય (૨)
૨૭. સમુદ્રમાં લાગતો દવ (૫)
૨૯. અભિમાન (૨)
૩૧. દીવો પ્રગટાવવા માટે જોઈએ (૨)
૩૨. સભર, પરિતૃપ્ત, તરબોળ (૫)

### ઊભી ચાવી

૧. રગદોળવું તે (૫)
૨. ભજનો --- રીતે ગવાય (૫)
૩. --- દાની એટલે સુરમો રાખવાની ડબી (૩)
૪. આદરસત્કાર, ગૌરવ, પ્રતિષ્ઠા (૩)
૫. બંદૂક (અં.) (૨)
૬. ગોળીબારની ધડાધડ (૩)
૧૦. સમય (૩)
૧૧. એકદમ નવું, તાજું (૪)
૧૨. સંબંધ, ઘરવટ, વહીવટ (૪)
૧૪. બારણા માટેનું ચોકઠું (૨)
૧૫. ---, હવે બહુ થયું (૨)
૧૬. પ્રવાહ, વહેણ, ધાર (૩)
૧૭. આપણી વ્યથા, ---ને મન રસની કથા (૩)
૨૦. પ્રકાશ હોય તો --- પડે (૪)
૨૩. મહેનત, મથામણ (૪)
૨૫. એક વેલ, ગળો (૩)
૨૬. રંગ (અં.) (૩)
૨૭. સરવાળામાં --- આવે (૨)
૨૮. નમેલું (૨)
૩૦. ઉંદર, સાપનું ઘર (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. સ્ત્રીના એકમાત્ર સગા મામાની એક માત્ર બહેનના દીકરાની પત્ની મહિલાને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકી બ) ભાભી ક) મામી ડ) ભત્રીજી

## જાણવા જેવું

દરિયાઈ જીવ ઓક્ટોપસ પળવારમાં છદ્મ વેશ ધારણ કરી શકે છે જેથી શિકારી પ્રાણીથી બચી શકાય ને શિકાર કરવામાં પણ લાભ થાય છે. એના શરીરમાં ત્રણ હૃદય હોય છે. એકમાંથી શરીરમાં લોહી ફરે છે જ્યારે બાકીના બે શ્વાસ લેતી ચૂઇને લોહી પહોંચાડે છે. શરીરમાં તાંબાનું પ્રમાણ ઊંચું હોવાથી એનું લોહી બ્લુ રંગનું હોય છે.

## સુડોકુ-૯૦૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૮ | ૨ | | ૫ | ૭ | | |
| | | ૨ | | ૯ | | ૮ | | |
| ૯ | ૧ | | ૩ | | ૮ | | ૪ | ૫ |
| ૮ | | | | ૨ | | | | ૭ |
| | ૬ | | | | | | ૮ | |
| ૧ | | | | ૫ | | | | ૬ |
| ૩ | ૨ | | ૫ | | ૪ | | ૭ | ૯ |
| | | ૯ | | ૧ | | ૫ | | |
| | | ૬ | ૭ | | ૯ | ૪ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૨૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૩ | ૧ | ૮ | ૨ | ૭ | ૪ | ૫ | ૯ |
| ૪ | ૮ | ૯ | ૫ | ૩ | ૬ | ૨ | ૭ | ૧ |
| ૭ | ૫ | ૨ | ૪ | ૧ | ૯ | ૮ | ૬ | ૩ |
| ૯ | ૪ | ૭ | ૩ | ૫ | ૮ | ૧ | ૨ | ૬ |
| ૮ | ૨ | ૫ | ૬ | ૭ | ૧ | ૯ | ૩ | ૪ |
| ૧ | ૬ | ૩ | ૯ | ૪ | ૨ | ૭ | ૮ | ૫ |
| ૫ | ૭ | ૪ | ૨ | ૯ | ૩ | ૬ | ૧ | ૮ |
| ૩ | ૧ | ૮ | ૭ | ૬ | ૪ | ૫ | ૯ | ૨ |
| ૨ | ૯ | ૬ | ૧ | ૮ | ૫ | ૩ | ૪ | ૭ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલા વાક્યમાં શરીરના રંગ માટેનો પર્યાયવાચી શબ્દ શોધી કાઢો ચાહે દેખાવ ઉજળો હોય કે શ્યામ, ચારિત્ર્ય સૌથી વધુ મૂલ્યવાન છે.

## નોંધી રાખો

જ્ઞાન બે પ્રકારના હોય છે. એક છે શબ્દો દ્વારા મેળવેલું અને ગોખીને યાદ રાખેલું જ્ઞાન અને બીજું છે સ્વાનુભવથી સમજાયેલું જ્ઞાન.

## માઈન્ડ ગેમ

કઈ ધાતુ ખુલ્લી હવામાં અત્યંત ક્રિયાશીલ હોવાને કારણે કાયમ કેરોસીનમાં ડુબાડી રાખવી પડે છે એ જણાવો.

અ) કેલ્શિયમ બ) મેન્ગેનીઝ ક) ઝિંક ડ) સોડિયમ

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| कोढून | ક્યાંથી |
| कोपरा | ખૂણો |
| कोरडा | સૂકું |
| कोलांटी | ગુલાંટ |
| कोवळा | કૂમળું |

ગુજરાત મોરી મોરી રે: ભાઈ

ઓળખાણ પડી?: સુરુચિ સિંહ

માઈન્ડ ગેમ: ઉદ્દીપક

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: તન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) નીતા દેસાઈ (૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૮) નુતન વિપીન શાહ (૯) શ્રદ્ધા આશર (૧૦) લજિતા ખોના (૧૧) મીનળ કાપડિયા (૧૨) નિખિલ બંગાળી (૧૩) અમીશી બંગાળી (૧૪) તાહેર ઔરંગાબાદવાલા (૧૫) શીરીન ઔરંગાબાદવાલા (૧૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) પુષ્પા પટેલ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) ભાવના કર્વે (૨૨) અલકા વાણી, સિડની (૨૩) વિણા સંપટ (૨૪) દેવેન્દ્ર સંપટ (૨૫) મહેશ દોશી (૨૬) ખુશરૂ કાપડિયા (૨૭) અંજુ ટોલિયા (૨૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૯) જગદીશ ઠક્કર (૩૦) નિતિન જયંતિલાલ બજરિયા (૩૧) ડાયના સંતોકે (૩૨) પ્રવીણ વોરા (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) પુષ્પા ખોના (૩૫) શિલ્પા શ્રોફ (૩૬) ભારતી બુચ (૩૭) કિશોર બી. સંઘરાજકા (૩૮) અરવિંદ કામદાર (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) ડો. પ્રકાશ કટકિયા (૪૧) ધીરેન્દ્ર દોશી (૪૨) ગીતા ઉદેશી (૪૩) પ્રતિમા પમાણી (૪૪) અંબરીષ ઓઝા (૪૫) મહેશ સંઘવી

# ગુજરાતમાં આજથી ત્રણ દિ' શાળા પ્રવેશોત્સવ યોજાશે, મુખ્ય પ્રધાન તેમ જ પ્રધાનો, અધિકારીઓ-પદાધિકારીઓ જોડાશે

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને બુધવારે ગાંધીનગર ખાતે કેબિનેટ બેઠક મળી હતી. કેબિનેટ બેઠકમાં, આ વર્ષ એટલે કે ૨૦૨૫-૨૬ અંતર્ગત શાળા પ્રવેશોત્સવ અંગે મંથન થયું હતું. આ પ્રવેશોત્સવ કાર્યક્રમ આગામી ૨૬ થી ૨૮ જૂન દરમિયાન યોજાશે. જેમાં રાજ્યની તમામ સરકારી પ્રાથમિક, સરકારી અને અનુદાનિત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ અને રક્ષા શક્તિ સ્કૂલ્સમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાવાનો છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ તા. ૨૬ જૂનના રોજ મહિસાગર જિલ્લામાં તેમજ ૨૭ જૂનના રોજ ગાંધીનગર અને ૨૮ જૂનના રોજ કચ્છ જિલ્લામાં વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવશે. આ ઉપરાંત સમગ્ર રાજ્ય કેબિનેટના સિનિયર પ્રધાનો સહિત આશરે ૪૦૦ જેટલા ઉચ્ચ અધિકારીઓ-પદાધિકારીઓ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

રાજ્યમાં શાળા પ્રવેશોત્સવના સફળ અમલીકરણના પરિણામે શાળામાં નામાંકિત થયેલા વિદ્યાર્થીઓમાં ડ્રોપઆઉટ દર જે વર્ષ ૨૦૦૧-૦૨માં ધોરણ-૧ થી ૫માં ૨૦.૫૦ ટકા અને ધોરણ-૧ થી ૮ માં ૩૭.૨૨ ટકા હતો તે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ક્રમશઃ ધોરણ-૧ થી ૫માં ૧.૦૭ ટકા અને ધોરણ-૧ થી ૮માં ૨.૪૨ ટકા જેટલો નીચો લાવી શકાયો છે.

# રાજ્યનાં જળાશયોમાં ૪૫.૮૦ ટકા પાણીનો સંગ્રહ થયોઃ સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૪૯.૩૮ ટકા જળાશયો ભરાયાં

અમદાવાદઃ ગુજરાતમાં ચાલુ ચોમાસા દરમિયાન પડેલા વરસાદના કારણે રાજ્યનાં જળાશયોમાં પાણીનો સંગ્રહ નોંધપાત્ર રીતે વધ્યો છે. રાજ્યનાં કુલ જળાશયોમાં ૪૫.૮૦ ટકા પાણીનો સંગ્રહ થયો છે. આ આંકડાઓ ગુજરાતના વિવિધ પ્રદેશોમાં વરસાદના પ્રમાણને દર્શાવે છે. ઉત્તર ગુજરાતના જળાશયોમાં ૩૩.૭૭ ટકા પાણીનો સંગ્રહ જોવા મળે છે, જે સરેરાશ કરતા ઓછો છે. જ્યારે મધ્ય ગુજરાતમાં ૪૮.૬૧ટકા જળાશયો ભરાયા છે, જે સારી સ્થિતિ દર્શાવે છે.

દક્ષિણ ગુજરાતમાં ૪૨.૯૮ ટકા અને કચ્છમાં ૨૮.૪૮ ટકા જળાશયોમાં પાણીનો સંગ્રહ થયો છે. સૌરાષ્ટ્ર પ્રદેશમાં સૌથી વધુ ૪૯.૩૮ટકા જળાશયો ભરાયાં છે,

# ભગવાન જગન્નાથનો નેત્રોત્સવ ભક્તિમય માહોલમાં સંપન્નઃ હર્ષ સંઘવીએ રથયાત્રા રૂટનું નિરીક્ષણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં ૨૫ જૂન, બુધવારે સવારે ભગવાનના નેત્રોત્સવની વિશેષ પૂજા વિધિ સંપન્ન થઈ હતી. ભગવાન જગન્નાથ સરસપુર મામાના ઘરેથી નિજ મંદિરે પરત ફર્યા હતા. ભગવાન મામાના ઘરે પરત ફરતાં તેમને આંખો આવી હોવાથી નેત્રોત્સવ વિધિ કરવામાં આવી હતી.

ભગવાનને રત્નવેદી પર બિરાજમાન કરાયા બાદ વૈદિક મંત્રોચ્ચાર સાથે તેમની આંખો પર પાટા બાંધવાની વિધિ કરવામાં આવી હતી. લોકવાયકા અનુસાર, મામાના ઘરેથી પરત ફરતી વખતે ભગવાનને આંખો આવી ગઈ હતી, જેના નિવારણ રૂપે આ નેત્રોત્સવ વિધિ કરવામાં આવે છે. આ વિધિ પૂર્ણ થયા બાદ સવારે ૯:૩૦ કલાકે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે રાજ્યના પ્રધાનો જેવા કે ઋષિકેશ પટેલ, બળવંતસિંહ રાજપૂત, હર્ષ સંઘવી અને અમદાવાદના



મેયર સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સવારે ૧૧ વાગ્યે ભારતભરમાંથી પધારેલા સાધુસંતોનું સન્માન કરવામાં આવ્યું, જેમાં પૂર્વ મુખ્ય પ્રધાન નીતિન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ભગવાન જગન્નાથનો નેત્રોત્સવ અત્યંત ભક્તિમય માહોલમાં સંપન્ન થયો હતો, જ્યાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ દર્શનનો લહાવો લીધો હતો. મોસાળથી પરત ફર્યા બાદ ભગવાન જગન્નાથને તેમના ગર્ભગૃહમાં આવેલી રત્નવેદી ઉપર ફરીથી પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા હતા. આ પવિત્ર વિધિ બાદ ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ શહેર પોલીસ કમિશનરના ઉચ્ચ અધિકારીઓ સાથે રથયાત્રાના રૂટનું નિરીક્ષણ કર્યું હતું. હર્ષ સંઘવીએ જમાલપુર જગન્નાથ મંદિરથી ખમાસા ચાર રસ્તા સુધી રૂટ ઉપર ચાલતાં સુરક્ષા બંદોબસ્તની સમીક્ષા કરી હતી. ખમાસા ચાર રસ્તાથી હર્ષ સંઘવી, શહેર ભાજપ પ્રમુખ પ્રેરક શાહ અને રાજ્ય પોલીસવડા વિકાસ સહાયે ખુલ્લી જીપમાં પાછળ ૫૦થી વધુ ગાડીઓના કાફલા સાથે રથયાત્રા રૂટનું નિરીક્ષણ કર્યું હતું.

ત્યાર બાદ ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રથયાત્રા સૌની આસ્થા સાથે જોડાયેલી હોવાથી તેની સુરક્ષામાં કોઈ કચાસ રાખવામાં આવશે નહીં. આઈજી કક્ષાના અધિકારીઓથી લઈ કોન્સ્ટેબલ સુધીના કુલ ૨૩,૮૮૪ જેટલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ બંદોબસ્તમાં જોડાશે. રથયાત્રા રૂટ પર આવેલા ૪૮૪ જર્જરિત મકાનને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરાઈ છે અને ત્યાં હોમગાર્ડ જવાનો તથા પતરાંની આડાશ મૂકવામાં આવી છે, જેથી કોઈ દુર્ઘટના ન બને.

# એનએમસીના કારણે મેડિકલ પ્રવેશ પ્રક્રિયા અટકીઃ વિદ્યાર્થીઓનું ભાવી અદ્ધરતાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદ અને હોમિયોપેથી કૉલેજોમાં પ્રવેશની પ્રક્રિયા હજુ સુધી શરૂ થઇ નથી. તેની પાછળનું મુખ્ય કારણ નેશનલ મેડિકલ કમિશન (એનએમસી)ની અનિર્ણાયકતા હોવાનું કૉંગ્રેસના પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું. નવી કોલેજને મંજૂરી આપી નથી જેના કારણે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ નથી. કૉંગ્રેસે પ્રવેશ પ્રક્રિયા અને મંજૂરીની પ્રક્રિયા ઝડપથી શરૂ કરવા પણ માગ કરી છે.

કૉંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું હતું કે, રાજ્યની મેડિકલ પ્રવેશ પ્રક્રિયા સતત અટકાવવામાં આવે છે, જે શિક્ષણ સાથે અન્યાય છે. ગુજરાતમાં હાલ ૪૧ મેડિકલ કૉલેજમાં ૭૨૫૦ બેઠક, ૧૩ ડેન્ટલ કૉલેજોમાં ૧૨૫૫ બેઠક, ૪૪ આયુર્વેદ કૉલેજમાં ૩૪૭૩ અને ૧૪૮ હોમિયોપેથી કૉલેજમાં ૧૬,૫૩૮ બેઠક ઉપલબ્ધ છે. જ્યાં સુધી મેડિકલ પ્રવેશ શરૂ નહિ થાય ત્યાં સુધી અન્ય કોઈપણ નીટ આધારિત કોર્સની પ્રવેશ પ્રક્રિયા શક્ય નથી.

દર વર્ષે આવી જ અણઘડ સ્થિતિ સર્જાય છે. પાછળનાં વર્ષોમાં પણ એનએમસીના કારણે બે મેડિકલ સંસ્થાઓ સ્પર્ધામાંથી બહાર થઇ ગઈ હતી. ચાલું વર્ષે પણ ત્રણથી ચાર નવી મેડિકલ કૉલેજની મંજૂરી લટકી રહી છે. કમિશન પાસે પૂરતા સ્ટાફનો અભાવ છે, સમયસર ઇન્સ્પેક્શન પણ થઇ શકતા નથી. પરિણામે, કૉલેજને મંજૂરી જ મળે નહિ તો પ્રવેશ પ્રક્રિયા કઈ રીતે થઈ શકે.

ગુજરાતમાં નીટ આપનારા ૮૧ હજાર વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓ મેડિકલ પ્રવેશ ક્યારે શરૂ થશે તેની રાહ જોઇ રહ્યાં છે. મેડિકલ પ્રવેશ શરૂ થાય પછી જ ડેન્ટલ, આયુર્વેદ અને હોમિયોપેથીમાં પ્રવેશ શક્ય બને છે. કૉંગ્રેસે એનએમસીની કામગીરી પર સીધા પ્રહાર કર્યા હતા. ભૂતકાળમાં મેડિકલ કૉલેજને ૧૦ વર્ષ પછી કાયમી મંજૂરી મળતી, પણ હવે દર વર્ષે નવી મંજૂરી લેવી પડે છે.

# આસારામની જામીનની મુદત વધારવા અરજીઃ હાઈ કોર્ટે સરકાર પાસે જવાબ માગ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે આસારામ દ્વારા દાખલ કરવામાં આવેલી કામચલાઉ જામીનની મુદત વધારવા માટે દાખલ કરાયેલી અરજી પર રાજ્ય સરકાર પાસેથી જવાબ માગ્યો છે. ૮૬ વર્ષીય આસારામને વર્ષ ૨૦૧૩ ના દુષ્કર્મના કેસમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. આસારામ હાલમાં તબીબી કારણોસર જામીન પર છે. જો કે, જામીનની મુદત વધારે માટે આસારામે કોર્ટમાં અરજી કરી હતી. તેની જામીનની મુદત વધારી કે કેમ તે એક પ્રશ્ન છે. આ મામલે ગુજરાત હાઈ કોર્ટે નોટિસ આપીને ૨૭ જૂન સુધીમાં સરકાર પાસે જવાબ માગ્યો છે. હાઇ કોર્ટે ૨૮ માર્ચે આસારામને ત્રણ મહિનાના વચગાળાના જામીન આપ્યા હતા કારણ કે સુપ્રીમ કોર્ટ દ્વારા અગાઉ આપવામાં આવેલા વચગાળાના જામીન ૩૧ માર્ચે સમાપ્ત થઈ રહ્યા હતા. હાઇ કોર્ટની ડિવિઝન બેન્ચે વિભાજિત ચુકાદો આપ્યો હતો અને ત્યારબાદ ત્રીજા ન્યાયાધીશને કેસ રિફર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કોર્ટે આસારામને ત્રણ મહિનાના વચગાળાના જામીન આપવાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. , ગાંધીનગરની એક અદાલતે જાન્યુઆરી ૨૦૨૩માં દુષ્કર્મ મામલે આસારામને દોષી માની સજા સંભળાવી હતી. એટલું જ નહીં પરંતુ એક બીજા કેસમાં પણ આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે જેમાં તેને ૨૦૧૩માં રાજસ્થાનમાં તેના આશ્રમમાં એક છોકરી પર દુષ્કર્મ કરવાના દોષી ઠેરવવામાં આવ્યા હતા અને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. હાલના કેસમાં આસારામે ૨૦૦૧ થી ૨૦૦૬ ની વચ્ચે સુરતની એક મહિલા અનુયાયી પર ઘણી વખત દુષ્કર્મ આચર્યું હતું. મહિલા અમદાવાદ મોટેરા ખાતેના તેમના આશ્રમમાં રહેતી હતી ત્યારે આસારામ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.

# મહીસાગર જિલ્લામાં નલ સે જલ યોજનામાં ૧૨૩ કરોડનું કૌભાંડ, ૧૨ સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્વચ્છ વહીવટના દાવા વચ્ચે મોટા પ્રમાણમાં કૌભાંડો બહાર આવી રહ્યા છે. દાહોદમાં કરોડો રૂપિયાના મનરેગા કૌભાંડમાં બાદ મહીસાગર જિલ્લામાં નલ સે જલ યોજનામાં ૧૨૩ કરોડના કૌભાંડનો પર્દાફાશ થયો છે. ૨૦૧૯થી ૨૦૨૩ દરમિયાન મહીસાગર જિલ્લાના તમામ તાલુકાના ગામોમાં વસતા લોકો માટે સરકાર દ્વારા નલ સે જલ યોજના અંતર્ગત આશરે ૬૨૦ ગામોમાં પીવાનાં પાણીની પાઈપલાઈન, કૂવા અને ટ્યુબવેલ સુવિધા માટે સરકાર તરફથી ફાળવવામાં આવેલા ૧૨૩ કરોડની નાણાની ઉચાપત કરાઈ છે. આ કેસમાં ૧૨ સામે ફરિયાદ નોંધાઇ છે.

ઉપરોક્ત યોજનામાં સમાવિષ્ટ થતા ગામોમાં પાઇપલાઇન, ઘર જોડાણ તથા આનુષંગિક કામગીરી વિગેરે પર્યાપ્ત પ્રમાણમાં નહી નાખી પાઈપલાઈન, ઘર જોડાણ તથા આનુષંગિક કામગીરી પર્યાપ્ત પ્રમાણમાં કરી છે, તેવા ખોટા બોગસ દસ્તાવેજો અને હિસાબો પોતાના મળતીયા વ્યક્તિઓ પાસે બનાવ્યા હતા.

આ તમામ આરોપીઓને લાભ થાય તેવા આશયથી ખોટા દસ્તાવેજો, ઈન્વોઈસ બિલો બનાવી તે દસ્તાવેજોનો ખરા તરીકે ઉપયોગ કરીને કાયદેસરની એજન્સીને કામ નહીં આપી તેઓના મળતીયા વ્યક્તિ, એજન્ટ, ભાગીદાર અને કંપનીને આર્થિક લાભ થાય અને પોતાને પણ પોતાની ફરજ સીવાયનો આર્થિક લાભ મળે તે આશયથી તેઓને ગેરકાયદેસર રીતે કામ આપ્યું હતું

પોતાની રાજ્યસેવકની સોપવામાં આવેલી ફરજો નહી નિભાવી કરોડો રૂપિયાનો લાભ પોતે તથા તેઓના મળતીયા વ્યક્તિઓને અને તપાસમાં નિકળે તેઓને આપી અને અપાવી ઉચાપત કરી સરકારને અંદાજિત કુલ રૂ. ૧૨૩.૨૨ કરોડનું નુકશાન કરી ગુનાહિત કાવતરું કરીને છેતરપિંડી આચરી હતી. આ કૌભાંડના આરોપીઓ (૧) એ.જી.રાજપરા તત્કાલીન યુનિટ મેનેજર,(૨) સન્ની રસિકભાઈ પટેલ, જિલ્લા કો ઓડીનેટર, (૩) અમિત એમ. પટેલ, ઈન્ચાર્જ જીલ્લા કો ઓડીનેટર, (૪) વૈભવ બી સંગાણી આસીસ્ટન્ટ ના. હિ. (૫) મૌલેશકુમાર વિનોદભાઈ હિંગુ, આસીસ્ટન્ટ મેનેજર ટેક્નિકલ, (૬) દશરથભાઇ રામસિંહ પરમાર, આસીસ્ટન્ટ ટેકનીકલ, (૭) ભાવિકકુમાર નવિનભાઈ પ્રજાપતિ, આસીસ્ટન્ટ ટેકનીકલ, (૮) કર્મવીરસિંહ મહેન્દ્રસિંહ સિસોદીયા, આસીસ્ટન્ટ મેનેજર ટેક્નિકલ, (૯) અલ્પેશકુમાર જયંતિસિંહ પરમાર, આસીસ્ટન્ટ મિકેનિકલ, (૧૦) સુરપાલસિંહ બહાદુરસિંહ બારિયા, (આસિસ્ટન્ટ મેનેજર ટેક્નિકલ ), (૧૧) વનરાજસિંહ લક્ષ્મણસિંહ સોઢા પરમાર (આસીસ્ટન્ટ મેનેજર ટેકનીકલ, (૧૨ પાર્થકુમાર જગદીશભાઈ પટેલ આસિસ્ટન્ટ ટેક્નિકલ) સહિતના સામે ફરિયાદ નોંધાઈ છે.

# વક્ફ મિલકતોના જીપીએસ મેપિંગ, સર્વે તથા ડિજિટલાઇઝેશન માટે છ કરોડ ફાળવાયા

અમદાવાદઃ કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં લાગુ કરાયેલા વકફ કાયદાની વિવિધ જોગવાઈઓ અનુરૂપ ગુજરાત સરકારે પણ પ્રક્રિયા હાથ ધરી હોય તેમ વક્ફ બોર્ડ હેઠળની મિલ્કતોના જીપીએસ મેપિંગ, સર્વે તથા ડિજિટલાઈઝેશન માટે છ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. કાયદાપ્રધાન ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, તેનાથી વકફ મિલ્કતોના સર્વે, રેકોર્ડ મેનેજમેન્ટ તથા વ્યવસ્થાપનની કામગીરીને વેગ મળશે. ગાંધીનગર ખાતે ઋષિકેશ પટેલ દ્વારા રાજ્યમાં આવેલા વકફ બોર્ડ હેઠળની મિલકતોના જીપીએસ મેપિંગ, સર્વે અને ડિઝલાઈઝેશનની કામગીરી માટે રૂ. છ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. જેમાં રાજ્યમાં આવેલ વક્ફ બોર્ડની મિલકતોના જીપીએસ મેપિંગ માટે રૂ.બે કરોડ, સર્વેની કામગીરી માટે રૂ.બે કરોડ અને વકફ બોર્ડની વેબસાઈટ તેમજ ઓનલાઈન ડિજિટલાઇઝેશનની કાર્યવાહી માટે રૂ.બે કરોડ મળીને કુલ રૂ. છ કરોડ રૂપિયાની રકમ ફાળવવામાં આવી હતી. આ કામગીરીને પગલે વકફ હેઠળની મિલકતોની ચોક્કસ ઓળખ પ્રસ્થાપિત થશે. તેમજ ખરી મિલકતની જ નોંધણી થશે અને બિનજરૂરી તકરારોનું નિરાકરણ આવશે. ગેરકાયદેસર દબાણોનો પ્રશ્ન ઉદ્ભવશે નહીં. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા લાવવામા આવેલા એક્ટ-૨૦૨૫ હેઠળની વિવિધ કાયદાકીય જોગવાઈઓનાં ભાગરૂપે આ કામગીરીને સઘન બનાવવાના પ્રયાસો ગુજરાત સરકાર દ્વારા હાથ ધરાયા છે.

# યુનિવર્સિટી-કોલેજોમાં ૧૭ ઓક્ટોબરથી છ નવેમ્બર સુધી દિવાળી વેકેશન રહેશે

અમદાવાદઃ ગુજરાતની મેડિકલ, ઇજનેરી, ફાર્મસી સિવાયના તમામ કોર્સ અને કોલેજો માટે શિક્ષણ વિભાગ દ્વારા વાર્ષિક એકેડેમિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું હતું. ચાલુ વર્ષે દિવાળી વેકેશન ૧૭ ઓક્ટોબરથી છ નવેમ્બર સુધી કુલ ૨૧ દિવસનું રહેશે. અંડર ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સ માટે પ્રથમ શૈક્ષણિક સત્ર આગામી એક જુલાઇથી શરૂ થશે. રાજ્યના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષે નવુ શૈક્ષણિક સત્ર શરૂ થાય ત્યારે વાર્ષિક એકેડેમિક કેલેન્ડર જાહેર કરવામાં આવતું હોય છે. છેલ્લા કેટલાય દિવસથી કોલેજોનું વાર્ષિક કેલેન્ડર જાહેર ન થયું હોવાની ચર્ચા શરૂ થઇ હતી. અંતે ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા આખરે એકેડેમિક કેલેન્ડરની જાહેરાત કરી દેવામાં આવી હતી. અંડર ગ્રેજ્યુએશન સેમેસ્ટર ૨ અને પોસ્ટ ગ્રેજ્યુએશન ૩માં પ્રથમ શૈક્ષણિક સત્ર ૧૭ જૂનથી શરૂ કરવામાં આવ્યું છે. ૧૭ જૂનથી લઇને ત્રણ ડિસેમ્બર ૨૦૨૫ એટલે કે પહેલા શૈક્ષણિક સત્રમાં કુલ ૧૨૪ દિવસનું શિક્ષણકાર્ય રહેશે. હાલમાં પ્રવેશ કાર્યવાહી ચાલી રહી છે તે યુજી અને પીજી સેમેસ્ટર એકનું શિક્ષણકાર્ય પહેલી જુલાઇથી શરૂ કરવામાં આવશે.

આગામી ૧૭ ઓક્ટોબરથી લઇને છ નવેમ્બર સુધી ૨૧ દિવસનું દિવાળી વેકેશન રહેશે. આ દિવળી વેકેશન જીટીયુ સહિતની ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણની યુનિવર્સિટીઓ અને કોલેજો માટે સમાન રહેશે. કોલેજોએ આંતરિક મુલ્યાંકન, પ્રોજેક્ટ વર્ક, પ્રેઝન્ટેશન, લેબવર્ક સહિતની કામગીરી સાત નવેમ્બરથી ત્રણ ડિસેમ્બર સુધીમાં પૂરી કરી દેવાની રહેશે. પહેલું શૈક્ષણિક સત્ર ત્રણ ડિસેમ્બરના રોજ પૂર્ણ ગણવામાં આવશે. બીજુ શૈક્ષણિક સત્ર યુજી સેમેસ્ટર ૨, ૪ અને ૬ ઉપરાંત પીજી સેમેસ્ટર ૨ અને ૪ માટે તા. ૪ ડિસેમ્બરથી ૨૪મી એપ્રિલ ૨૦૨૬ સુધી એટલે કે ૧૧૪ દિવસનું રહેશે. કોલેજોએ પરીક્ષા વગેરેની કામગીરી ૩૦મી માર્ચથી ૨૫મી એપ્રિલ ૨૦૨૬ સુધીમાં પુરી કરવાની રહેશે. બીજુ શૈક્ષણિક સત્ર ૨૪મી એપ્રિલ ૨૦૨૬ના રોજ પૂર્ણ ગણવામાં આવશે.

# પૂર્વ મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણીના અસ્થિનું સોમનાથ ત્રિવેણી સંગમમાં વિસર્જન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન અને ભાજપના અગ્રણી નેતા સ્વ. વિજયભાઈ રૂપાણીના અસ્થિનું બુધવારે સોમનાથ ત્રિવેણી સંગમ ખાતે સંપૂર્ણ વિધિ-વિધાન સાથે વિસર્જન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમના ધર્મપત્ની અંજલીબેન રૂપાણી, પુત્ર રૂષભભાઈ રૂપાણી, પુત્રીઓ રાધિકાબેન રૂપાણી અને અદિતિબેન રૂપાણી, તેમ જ ભાઈ અમીનેશભાઈ રૂપાણી, મેહુલભાઈ રૂપાણી અને ભત્રીજી રેવાબેન રૂપાણી સહિત સમગ્ર પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

હિરણ, કપિલા અને સરસ્વતી નદીઓના ત્રિવેણી સંગમ સામે આવેલી શારદા મઠ યજ્ઞશાળા ખાતે શાસ્ત્રોક્ત વિધિ મુજબ પરિવાર દ્વારા રૂપાણીના અસ્થિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાતાવરણ ભારે ગમગીન બન્યું હતું, અને પરિવારજનો તેમજ ઉપસ્થિત સૌની આંખો ભીની થઈ હતી. ત્યારબાદ સોમનાથ ત્રિવેણી ઘાટે સોમપુરા બ્રાહ્મણ સમાજ તથા સોમનાથ ટ્રસ્ટ તરફથી શોક મંત્રોચ્ચાર કર્યા હતા અને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. તેવી જ રીતે સમગ્ર પરિવારે વિજયભાઈ રૂપાણીના આત્માના શાંતિ અર્થે સોમનાથ મંદિરમાં પૂજન અર્ચન કર્યા હતા. આ સમગ્ર શોકમય શ્રદ્ધાંજલિમાં સોમનાથ ટ્રસ્ટના આગેવાનો અને વહીવટકર્તાઓ ઉપસ્થિત રહી રૂપાણીના આત્માને શાંતિ મળે તેવી સૌએ પ્રાર્થના કરી હતી.

# ગુજરાતમાં વરસાદનું જોર ધીમું પડ્યુંઃ ૯૮ તાલુકામાં વરસાદ, ૬૨ તાલુકામાં એક ઇંચથી ઓછો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વરસાદનું જોર બુધવારે ધીમું પડ્યું હતું. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા ગુજરાતમાં સવારે ૬ થી સાંજે ૬ વાગ્યા સુધીના વરસાદના આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. રાજ્યમાં ૯૮ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. ૬૨ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ પડ્યો હતો. નર્મદાના સાગબારામાં સૌથી વધુ ૫.૮૭ ઇંચ વરસાદ નોંધાયો હતો.

ઉમરપાડામાં ૫.૮૩ ઇંચ, કુકરમુંડામાં ૪.૩૭ ઇંચ, ડેડિયાપાડામાં ૪.૨૧ ઇંચ, લુણાવાડામાં ૩.૮૨ ઇંચ, વ્યારામાં ૩.૫૮ ઇંચ, વઘઈમાં ૨.૯૧ ઇંચ, કાલોલમાં ૨.૮૭ ઇંચ, બોડેલીમાં ૨.૭૬ ઇંચ, જાંબુઘોડામાં ૨.૭૨ ઇંચ, ફતેપુરામાં ૨.૩૬ ઇંચ, પાદરામાં ૨.૩૬ ઇંચ, સંખેડામાં ૨.૨૪ ઇંચ, જેતપુર પાવીમાં ૨.૨ ઇંચ, વાંસદામાં ૨.૦૯ ઇંચ, સંતરામપુરમાં ૨.૦૯ ઇંચ, નસવાડીમાં ૨.૦૫ ઇંચ વરસાદ નોંધાયો હતો. વાલોડમાં ૧.૯૭ ઇંચ, ઉચ્છલમાં ૧.૮૫ ઇંચ, સોનગઢમાં ૧.૮૫ ઇંચ, કડાણામાં ૧.૭૭ ઇંચ, નિર્ઝરમાં ૧.૭૩ ઇંચ, ડાંગ-આહવામાં ૧.૭૩ ઇંચ, ખંભાતમાં ૧.૬૯ ઇંચ, મોરવા હડફમાં ૧.૬૫ ઇંચ, ગોધરામાં ૧.૫૭ ઇંચ વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગે આગામી ૭ દિવસ માટે રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરી હતી, જેમાં ખાસ દક્ષિણ ગુજરાતમાં આગામી ૭ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી.

આગમી ૫ દિવસ પવનની ગતિ ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની રહેશે, જ્યારે આગામી ૩ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે રાજ્યમાં સરેરાશ ૨૦ ટકા વરસાદ વધુ વરસી ચૂક્યો છે. ગત વર્ષે રાજ્યમાં ચોમાસાનું વહેલું આગમન થયા બાદ પણ ૨૫ જૂન ૨૦૨૪ સુધીમાં રાજ્યમાં સરેરાશ ૪.૮૨ ટકા વરસાદ (૧.૬૭ ઇંચ) નોંધાયો હતો. તેની સામે આ વર્ષે ૨૫ જૂન ૨૦૨૫ સુધીમાં રાજ્યમાં સરેરાશ ૨૪.૨૫ ટકા વરસાદ ( ૮.૪૨ ઇંચ) નોંધાઈ ચૂક્યો છે. ગત વર્ષની સરખામણીએ આજદિન સુધીમાં રાજ્યમાં સરેરાશ ૨૦ ટકા વધુ વરસાદ વરસી ચૂક્યો છે.

# વર્ષ ૨૦૨૪-૨૫માં મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ લેનારા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને પણ શિષ્યવૃત્તિ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ટેક્નિકલ શિક્ષણમાં સરકારી ક્વોટા અને મેનેજમેન્ટ ક્વોટા એટલે કે બન્ને ક્વોટામાં પ્રવેશ લેનારા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી. ગત વર્ષે માત્ર સરકારી ક્વોટામાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને જ શિષ્યવૃત્તિ મળશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. જોકે, આ જાહેરાત કરવામાં આવી ત્યારે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઇ ચૂકી હોવાથી ભારે વિરોધ થયો હતો. હવે સરકાર દ્વારા સત્તાવાર ઠરાવ કરીને વર્ષ ૨૦૨૪-૨૫માં બન્ને વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવાની જાહેરાત કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ અંતર્ગત ફી અને પેઇડ બન્ને પ્રકારની બેઠકો પર પ્રવેશ મેળવતાં વિદ્યાર્થીઓને આ લાભ આપવામાં આવતો હતો. જેના અનુસધાનમાં રાજ્ય સરકાર દ્વારા મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો પર પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ નહીં આપવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણય કરાયો ત્યાં સુધીમાં ડિપ્લોમા-ડિગ્રી ઇજનેરીની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઇ ચૂકી હતી. જે તે સમયે સ્વનિર્ભર ડિપ્લોમા કૉલેજ એસો. દ્વારા આ નિર્ણયનો ઉગ્ર વિરોધ કરાયો હતો, કારણ કે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઇ ગયા પછી આ નિર્ણય કરાયો હતો. અનેક વિદ્યાર્થીઓને નિર્ણયની જાણ ન હોવાથી તેઓએ શિષ્યવૃત્તિની અપેક્ષાએ મેનેજમેન્ટ ક્વૉટાની બેઠક પર પ્રવેશ લીધો હતો. સરકાર તાકીદે જાહેરાત ન કરે તો અનેક વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કરાવવો પડે તેવી સ્થિતિ ઊભી થઇ હતી. જોકે, હવે સરકારે સત્તાવાર પરિપત્ર જાહેર કરી વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષ પૂરતાં બન્ને ક્વૉટામાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવાની જાહેરાત કરી છે.

# પતિ -પત્નીના સમાધાનથી સસરાનો ગુનો માફ ન થાયઃ ગુજરાત હાઈ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે એક મોટો ચુકાદો આપ્યો હતો. કોર્ટે કહ્યું કે, પતિ પત્નીના સમાધાનથી ગુનો માફ ન થાય. વર્ષ ૨૦૧૯માં વડોદરાના મકરપુરા પોલીસ મથકે ચાર વર્ષની બાળકીના પિતાએ પોતાની પત્ની, સાસુ તેમ જ સસરા સામે પોક્સો અંતર્ગત ફરિયાદ નોંધાવી હતી જેને રદ કરવા અગાઉ આરોપી પત્ની અને સાસુએ ગુજરાત હાઇ કોર્ટમાં અરજી કરી હતી, જેને હાઇ કોર્ટે મંજૂર રાખી હતી. જો કે સસરાએ કરેલી અરજી પરત ખેંચી હતી. હાઇ કોર્ટે સસરાને ફરી અરજી કરવાની સ્વતંત્રતા નહોતી આપી. ફરિયાદના પાંચ વર્ષ પછી જાતે ફરિયાદી પિતાએ તેના સસરા વિરુદ્ધ કરાયેલી ફરિયાદ અને ત્યારબાદ ઉદભેવલી ન્યાયિક પ્રક્રિયા રદ કરવા અરજી કરી હતી. જો કે હાઇ કોર્ટે આ અરજી ફગાવી હતી.

કોર્ટને શરૂઆતમાં જ આશ્ચર્ય થયું હતું કે કાનૂની પ્રક્રિયા રદ કરવાની અરજી આરોપી દ્વારા નહીં, પરંતુ ફરિયાદી દ્વારા થઈ છે. પોલીસે આ કેસમાં તપાસ કરીને ચાર્જશીટ પણ ફાઇલ કરી દીધી હતી. અરજદાર પિતા વતી એવી રજૂઆત કરવામાં આવી હતી કે, બાળકીના માતા-પિતાએ છૂટાછેડા લઈ લીધા છે અને તેમની વચ્ચેની તકરારનો સહમતિપૂર્વક અંત આવ્યો હતો. આરોપીના વકીલે પણ જણાવ્યું હતું કે, દીકરી અને જમાઈ વચ્ચે છૂટાછેડાની કાર્યવાહી ચાલતી હોવાથી અગાઉ આરોપી દ્વારા કરાયેલી અરજી પરત ખેંચાઈ હતી.

જોકે, સરકારી વકીલે આ અરજીનો વિરોધ કરતા જણાવ્યું હતું કે, પહેલા એક પિતા પોતાની ચાર વર્ષીય પુત્રી માટે લડે છે. હવે તેની પત્ની સાથે છૂટાછેડા થતા બાળકીના દુઃખ અને આઘાતને ભૂલી ગયો છે. ફક્ત બાળકીના માતા-પિતા વચ્ચે સમાધાનથી આરોપી સામેની કાનૂની પ્રક્રિયા રદ કરી શકાય નહીં.

કોર્ટે પોતાની નોંધમાં જણાવ્યું હતું કે, બાળકી ફરિયાદ સમયે ચાર વર્ષની હતી અને હવે તે નવ વર્ષની થઈ હશે.

# વિમાનોને બર્ડ હિટનો ખતરો: બીએમસી એક્શનમાં

## પક્ષીઓને આકર્ષતા વર્સોવાના કચરાના વર્ગીકરણ કરતા આરટીએસ પર શેડ નાખવા ૧૫ દિવસમાં ટેન્ડર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમદાવાદમાં તાજેતરમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ ક્રેશ થયા બાદ મુંબઈ એરપોર્ટ પર ટેક-ઓફફ અને લેન્ડ કરનારી ફ્લાઈટને પક્ષીઓની ટક્કરથી બચાવવા માટે હવે મુંબઈ મહાનગરપાલિકાએ કમર કસી છે. એરપોર્ટથી આઠ કિલોમીટર દૂર આવેલા વર્સોવા રિફ્યૂઝ ટ્રાન્સફર સ્ટેશન (આરટીએસ) પર સંરક્ષણાત્મક શેડ બેસાડવા માટે આગામી ૧૫ દિવસની અંદર ટેન્ડર પ્રક્રિયાને પાલિકા અમલમાં મૂકવાની છે.

વિમાન માટે પક્ષીઓ સાથેની ટક્કર જોખમી સાબિત થઈ શકે છે. મુંબઈ એરપોર્ટ નજીક રહેલા પક્ષીઓના ઝુંડને કારણે ફ્લાઈટને જોખમ ઊભું થવાની શક્યતાને જોતા મુંબઈ મહાનગરપાલિકો તાત્કાલિક ધોરણે સાવચેતીનાં પગલાં અમલમાં મૂકવાનો નિર્ણય લીધો છે. એરપોર્ટથી આઠ કિલોમીટર દૂર વર્સોવામાં પાલિકાનું રિફ્યૂઝ ટ્રાન્સફર સ્ટેશન (આરટીએસ) ( સ્થાનિક સ્તરે કચરા જમા થયા બાદ વર્સોવાના આરટીએસમાં તેનું વર્ગીકરણ કરવું) આવેલું છે.

બુધવારે મંત્રાલયમાં એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી, જેમાં પક્ષીઓના જોખમના મુદ્દે ચર્ચા થઈ હતી. આ બેઠકમાં પાલિકાના ઉચ્ચ અધિકારી, ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન, એરપોર્ટ ઓપરેટર કંપની, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને રાજ્યના પર્યાવરણ વિભાગ હાજર રહ્યા હતા. બેઠક દરમ્યાન વર્સોવા આરટીએસ નજીક પક્ષીઓની વધતી જતી ગતિવિધિઓ અને પક્ષીઓના પ્લેન સાથે ટકરાવવાની શક્યતા અને પર્યાવરણીય અને સ્વચ્છતાને મુદ્દે ચર્ચા થઈ હતી.

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડની ગાઈડલાઈન મુજબ એરપોર્ટ અને એરબેઝથી ઓછામાં ઓછા ૨૦ કિલોમીટર દૂર ખુલ્લામાં ડમ્પિંગ હોવું ફરજિયાત છે. જ્યારે એરપોર્ટથી માત્ર આઠ કિલોમીટર દૂર વર્સોવામાં ૮,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા આરટીએસમાં દરરોજ ૪૦૦થી ૫૦૦ મેટ્રિક ટન કચરાને લાવવામાં આવે છે, તે મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી.

અહીં સામાન્ય રીતે ટ્રક અને ડમ્પર દ્વારા કચરો ખુલ્લામાં ઢગલો કરવામાં આવે છે અને પછી તેને લઈ જવામાં આવે છે. આનાથી ઊંચાઈએ ઉડતા પક્ષીઓ આકર્ષાય છે અને નીચે ઉતરે છે તેથી નજીકમાં ઉડતાં વિમાનો માટે તે જોખમી સાબિત થઈ શકે છે. આ જોખમને ધ્યાનમાં રાખીને આરટીએસને આવરી લેતા સંરક્ષણાત્મક શેડ બેસાડવાનો નિર્દેશ બેઠક દરમ્યાન પાલિકા પ્રશાસનને આપવામાં આવ્યો હતો.■

# ૭૫ કિ.મી.ની સ્પીડ, ૦.૭૫ મીટરનું અંતર, મુસાફરનો હાથ બહાર કાઢવો...

## મુમ્બ્રા ટ્રેન અકસ્માતનાં આ રહ્યાં થોડાં કારણો

મુંબઈ: મુમ્બ્રા સ્ટેશન નજીક નવમી જૂને થયેલા લોકલ ટ્રેનના કમનસીબ અકસ્માત અંગે પ્રાથમિક અહેવાલ બહાર આવ્યો છે. આ અહેવાલ મુજબ, બે લોકલ ટ્રેનો વચ્ચે ફક્ત ૦.૭૫ મીટરનું અંતર હતું. પરંતુ, એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે બે લોકલ ટ્રેનો એકબીજા સાથે ઘસાઈ નહોતી.

રિપોર્ટ અનુસાર, બંને લોકલ ટ્રેનો ૭૫ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડી રહી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે કસારાથી આવી રહેલી લોકલ ટ્રેનમાં એક મુસાફરે દરવાજા પાસે ઉભા રહીને હાથ લંબાવ્યો હતો અને તેના ખભા પર બેગ હતી. તે જ મુસાફરે પોતાનું સંતુલન ગુમાવ્યું અને નીચે પડી ગયો. એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે કે તેનો હાથ અને બેગ અન્ય મુસાફરોને અથડાયા હશે અન્ય મુસાફરો પણ એક પછી એક પડી ગયા હશે.

અવલોકન અહેવાલમાં જણાવાયું છે કે આ જ ઘટનામાં, બાજુમાં દોડતી બીજી લોકલ ટ્રેનના દરવાજા પર ઉભેલા મુસાફરો પણ ધક્કાને કારણે પડી ગયા હોઈ શકે છે. મુમ્બ્રા સ્ટેશન પરના સીસીટીવી ફૂટેજમાં બંને લોકલ ટ્રેનો સ્પષ્ટ દેખાય છે, પરંતુ બંને લોકલ ટ્રેનો વચ્ચેના દૃશ્યો દેખાતા ન હોવાથી, ખરેખર શું બન્યું તે ચોક્કસપણે કહી શકાય નહીં. આખો અકસ્માત માત્ર થોડીક સેકન્ડમાં થયો તે હકીકત તેને વધુ આઘાતજનક બનાવે છે. ■

# કટોકટી સામેના સંઘર્ષને લીધે લોકશાહી બચી: ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે કહ્યું હતું કે કટોકટીના વિરોધકોનાં સંઘર્ષને લીધે ભારતની લોકશાહી બચી ગઈ. કટોકટીમાં નાગરિકોના મૂળભૂત અધિકારોનો છેદ ઊડી ગયો હતો.

બંધારણ, લોકશાહી અને અનેક સંસ્થાઓને કચડી નાખવામાં આવી એવી કટોકટીને એક કાળું પ્રકરણ ગણાવતાં તેમણે કહ્યું હતું કે તેને ક્યારેય ભૂલવું ન જોઈએ.

'જે રાજકીય કાર્યકરોને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા તેમનું મનોબળ હંમેશા ઊંચું હતું અને તેઓ દેશમાં લોકશાહીના રક્ષણ માટે ખંતથી લડ્યા હતા. તેઓએ કટોકટી લાદવાનો અને નાગરિકોના મૂળભૂત અધિકારોને સસ્પેન્ડ કરવાનો વિરોધ કર્યો હતો,' એમ ફડણવીસે કહ્યું હતું. ૨૧ મહિનાના સમયગાળામાં નાગરિક સ્વતંત્રતાઓ છીનવી લેવામાં આવી હતી, વિપક્ષી નેતાઓની ધરપકડ અને અખબારી સ્વતંત્રતાનું દમન જોવા મળ્યું હતું. 'આજનો દિવસ એ લોકો માટે શ્રદ્ધાંજલિ આપવાનો છે જેમણે કટોકટીનો પ્રતિકાર કર્યો અને લોકશાહીની રક્ષા માટે લડ્યા હતા,' એમ ફડણવીસે ઉમેર્યું હતું. ■

### કાળો દિવસ: એકનાથ શિંદે

મુંબઈ: ૨૫ જૂનની તારીખે ફરી એકવાર કટોકટીનો કાળો ઈતિહાસ તાજો થયો છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ તેને 'કાળો દિવસ' ગણાવ્યો અને કહ્યું, "૨૫ જૂન ૧૯૭૫ના રોજ કટોકટી લાદવામાં આવી હતી, આજે તેને ૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે અને સંવિધાન હત્યા દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. અમે તેને કાળો દિવસ માનીએ છીએ. સત્તા બચાવવા માટે લોકશાહીનો નાશ કરવામાં આવ્યો હતો. જ્યારે લોકો કટોકટીનો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતર્યા, ત્યારે તેમને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા.બાળાસાહેબ ઠાકરે જે કંઈ કહેતા, તે બેધડક કહેતા હતા. તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે જો આ કટોકટી રાષ્ટ્રીય હિત માટે છે તો હું તેનું સમર્થન કરું છું અને જો તે કોઈની ખુરશી, સત્તા બચાવવા માટે છે તો હું તેનો વિરોધ કરું છું." ■



**રીબન કાપવાની વાર:** નવો કર્ણાક બ્રિજ તૈયાર થઈ ગયો છે અને હવે તેને ટૂંકમાં ખૂલ્લો મુકાશે. (અમય ખરાડે)

### ઔરંગઝેબ કબર વિવાદ

# નાગપુર રમખાણોના નવ આરોપીને જામીન

નાગપુર: છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં ચાલુ વર્ષે માર્ચ મહિનામાં મોગલ શાસક ઔરંગઝેબની કબર દૂર કરવાની માગણી મુદ્દે નાગપુરમાં થયેલા રમખાણોને પ્રકરણે ધરપકડ કરાયેલા નવ જણને બોમ્બે હાઈ કોર્ટે બુધવારે જામીન આપ્યા હતા. આરોપીઓની કસ્ટડીની હવે કંઈ જરૂર નથી એમ નોંધીને કોર્ટે તેમના જામીન મંજૂર કર્યા હતા.

આરોપીના વકીલે દલીલ કરી હતી કે આ કેસની તપાસ પૂર્ણ થઈ ગઈ છે તેથી આરોપીને જામીન મળવા જોઈએ. આરોપીઓ ઇકબાલ અન્સારી, ઇજાઝ અન્સારી, અબ્સાર અન્સારી, ઇઝહાર અન્સારી, અશ્ફાકુલ્લાહ અમિનુલ્લાહ, મુઝમ્મિલ અન્સારી, મોહમ્મદ રાહિલ, મોહમ્મદ યાસિક અને ઇફતેકાર અન્સારીને જામીન આપવામાં આવ્યા હતા.

ઔરંગઝેબની કબર દૂર કરવા માટેના પ્રદર્શનમાં કબર પરની 'ચાદર' બાળી નાખવામાં આવી હોવાની અફવાને કારણે ૧૭મી માર્ચના નાગપુરના અનેક વિસ્તારોમાં રમખાણો ફાટી નીકળ્યા હતા જેમાં મોટા પ્રમાણમાં પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને આગ ચાંપવામાં આવી હતી.

આ રમખાણો દરમિયાન ત્રણ ડેપ્યુટી કમિશનર પોલીસ (ડીસીપી) રેન્કના અધિકારીઓ સહિત ૩૩ પોલીસ ઘાયલ થયા હતા. નાગપુર પોલીસ દ્વારા ૧૯ ટીનેજર સહિત ૧૨૩ જણની ધરપકડ કરી હતી. (પીટીઆઈ)■

# સરકારી જાહેરાતોમાંથી રાષ્ટ્રીય પ્રતીક કેમ ગાયબ?: કૉંગ્રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર કૉંગ્રેસના વડા હર્ષવર્ધન સપકાળે બુધવારે એવો દાવો કર્યો હતો કે છેલ્લા ૧૧ વર્ષથી 'અઘોષિત કટોકટી' લાગુ છે.

તેમણે એવો દાવો કર્યો હતો કે રાજ્ય સરકાર દ્વારા કટોકટી પર જારી કરાયેલી જાહેરાતોમાં રાજ્ય પ્રતીકની જગ્યાએ 'સેંગોલ' લગાવવામાં આવ્યું છે અને તેને બંધારણમાં ફેરફાર કરવાનું કાવતરું ગણાવ્યું હતું.

'સરકારે પ્રચાર પર કરોડોનો ખર્ચ કર્યો છે. જોકે, સરકાર દ્વારા અખબારોમાં જારી કરાયેલી જાહેરાતમાં રાષ્ટ્ર-પ્રતીક ગાયબ છે અને તેના બદલે સેંગોલ પ્રદર્શિત કરવામાં આવ્યું છે. આ ફક્ત પ્રતીકાત્મક નથી – તે બંધારણમાં ફેરફાર કરવાના મોટા કાવતરાનો ભાગ છે,' એવો આરોપ તેમણે લગાવ્યો હતો. તમિલનાડુનો ઐતિહાસિક રાજદંડ 'સેંગોલ', જે બ્રિટિશરો દ્વારા પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુને સત્તાના હસ્તાંતરણના પ્રતિક તરીકે આપવામાં આવ્યો હતો, તેને નવા સંસદ ભવનમાં સ્થાપિત કરવામાં આવ્યો હતો. ■

# છત્રપતિ સંભાજીનગરમાં કાર ઊંધી વળતાં ત્રણનાં મોત, બે ઘાયલ

છત્રપતિ સંભાજીનગર: છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં ડિવાઇડર સાથે ટકરાયા બાદ કાર ઊંધી વળતાં ત્રણ જણનાં મોત થયાં હતાં, જ્યારે અન્ય બે જણ ઘવાયા હતા. છત્રપતિ સંભાજીનગર-જળગાંવ હાઇવે પર ફુલંબ્રી તહેસીલના બિલદા ગામ નજીક મંગળવારે રાતે ૧૧ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. પાંચ મિત્રો મંગળવારે રાતે કારમાં જઇ રહ્યા હતા ત્યારે તે માર્ગમાં ડિવાઇડર સાથે ટકરાઇ હતી અને બાદમાં ઊંધી વળી ગઇ હતી.■

# મુલુંડની વિદ્યાર્થિનીએ ભાંડુપની ઈમારતના ૩૦મા માળેથી ઝંપલાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાંડુપની પોશ સોસાયટીમાં રહેતા મિત્રને મળવા આવ્યા પછી મુલુંડની વિદ્યાર્થિનીએ ઈમારતના ૩૦ માળેથી કૂદકો મારી કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. જોકે રહસ્યમય સંજોગોમાં વિદ્યાર્થિનીએ આવું પગલું ભર્યું હોવાથી પોલીસ તેના મિત્રોની પૂછપરછ કરી રહી છે. ભાંડુપ પોલીસ દ્વારા મળતી માહિતી અનુસાર વિદ્યાર્થિનીની ઓળખ અસ્મી ચવાણ (૧૯) તરીકે થઈ હતી. અસ્મી તેના મિત્ર આદિત્યને મળવા બુધવારની સાંજે ભાંડુપ પશ્ચિમમાં એલબીએસ રોડ પરની મહિન્દ્રા સ્પ્લેન્ડર સોસાયટીમાં આવી હતી. મહિન્દ્રા સ્પ્લેન્ડરની એ વિંગમાં રહેતો આદિત્ય અને અસ્મી સ્કૂલના સમયના મિત્ર હતાં. અત્યારે બન્ને અલગ અલગ શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરે છે. અસ્મી ભણતરને લઈ હતાશ હતી, એવું આદિત્યએ પોલીસને કહ્યું હતું. વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ અસ્મી અને આદિત્ય બાજુની ડી વિંગમાં ગયાં હતાં. ૩૨ માળની ઈમારતની અગાશી પર બન્ને લિફ્ટથી ગયાં હતાં. કહેવાય છે કે અગાશી બંધ હોવાથી બન્ને ૩૦ અને ૩૧ માળ વચ્ચેની બારી પાસે ઊભાં રહીને વાતચીત કરતાં હતાં. તે સમયે અસ્મીએ હતાશાની વાત કરી હતી. ■



**દરિયો તોફાની:** મુંબઈમાં મોસમની સૌથી મોટી ભરતી આ અઠવાડિયામાં છે. બાન્દ્રામાં દરિયા કિનારા પાસેની ઝૂંપડપટ્ટીમાં ભરતીનાં પાણી ઘૂસી ગયાં હતાં. (પીટીઆઈ)

# એચપીસીએલના પ્રયાસો હેઠળ જમ્મુ-કાશ્મીર, લદાખમાં નીટ-યુજી ૨૦૨૫નાં ઉત્તમ પરિણામ




હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ) દ્વારા ભારતીય લશ્કરી દળના સહયોગ પોતાની મહત્ત્વની સીએસઆર ઝુંબેશ 'પ્રોજેક્ટ સુપર ૫૦-મેડિકલ એન્ડ એન્જિનિયરિંગ' હેઠળ એનઇઇટી-યુજી અને જેઇઇ-૨૦૨૫ પરીક્ષાઓમાં જમ્મુ-કાશ્મીર અને લદાખના વિદ્યાર્થીઓએ ઉલ્લેખનીય દેખાવ કર્યો હતો. ગરીબ-વંચિત વિદ્યાર્થીઓને આગળ વધારવા માટેની આ ઝુંબેશ હેઠળ પાંચ કેન્દ્રમાં રેસિડેન્શિયલ કોચિંગ આપવામાં આવે છે. આ વર્ષે તેનું પરિણામ બહુ સારું આવ્યું હતું. એનઇઇટી-યુજી-૨૦૦૫માં ૨૧૧ વિદ્યાર્થીને તાલીમ આપવામાં આવી હતી, જેમાંથી ૧૮૧ વિદ્યાર્થી પાસ થયા હતા. જેઇઇ-૨૦૨૫માં ૩૮ વિદ્યાર્થીમાંથી ૩૪ વિદ્યાર્થી ક્વોલિફાય થયા હતા અને ટોચની એન્જિનિયરિંગ સંસ્થાઓમાં સ્થાન મેળવ્યું હતું. નીટના ક્વોલિફાય ૧૮૧ વિદ્યાર્થીમાં ૧૦૧ વિદ્યાર્થિનીનો સમાવેશ થાય છે જે એચપીસીએલની મહિલા શિક્ષણ અને જાતીય સમાનતાની કટિબદ્ધતા દર્શાવે છે.

# મહારાષ્ટ્રમાં આઠ સ્થળેથી ઉડાન ભરશે સી-પ્લેન

મુંબઈ: દેશમાં પ્રવાસનને વેગ આપવા અને દૂરના વિસ્તારો સાથે હવાઇ જોડાણ જોડવાના ઉદ્દેશ્ય સાથે, દેશભરમાં ૧૫૦ રૂટ પર સી પ્લેન સેવાઓ શરૂ કરવાની યોજના છે, જેમાં મહારાષ્ટ્રના આઠ સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારની 'ઉડાન ૫.૫' યોજનામાં હેલિકોપ્ટર અને સી પ્લેન સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે શરૂઆતના તબક્કામાં સી પ્લેન સેવા માટે કેરળ, આંધ્ર પ્રદેશ, આંદામાન અને નિકોબાર, મહારાષ્ટ્ર અને લક્ષદ્વીપ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની પસંદગી કરી છે. આ સ્થળોમાં જળાશયો, નદીઓ અને બેકવોટરમાંથી હવાઈ પરિવહન પૂરું પાડવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે કેનેડાની 'ડી હેવિલેન્ડ એરક્રાફ્ટ' કંપનીના વિમાનનો ઉપયોગ કરવામાં આવશે. ઇન્ડિગો અને પવન હંસ જેવી કંપનીઓ દેશમાં સી પ્લેન સેવાઓ શરૂ કરવામાં રસ ધરાવે છે. આ 'સી પ્લેન' માટેની ટિકિટ દોઢથી બે હજાર રૂપિયા સુધીની હોઈ શકે છે. ડિસેમ્બરના અંત સુધીમાં આ સેવાનો વિસ્તાર સમગ્ર દેશમાં કરવામાં આવશે, એમ નાગરિક ઉડ્ડયન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું.

૨૦૧૪માં, જ્યારે છગન ભુજબળ પાલક પ્રધાન હતા, ત્યારે નાશિકના ગંગાપુર ડેમમાં સી પ્લેનનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગંગાપુર ડેમ નાસિક શહેરને પીવાનું પાણી પૂરું પાડે છે અને મોટી સંખ્યામાં સ્થળાંતર કરનારા પક્ષીઓનું ઘર પણ છે. તેથી, પર્યાવરણવાદીઓએ ગંગાપુર ડેમ પર આ સેવાનો વિરોધ કર્યો હતો. તે સમયે, ગંગાપુરને બદલે નાસિક નજીક વાળંદી અથવા વાલદેવી ડેમથી આ સેવા શરૂ કરવાનો વિકલ્પ સૂચવવામાં આવ્યો હતો. હવે જ્યારે ગંગાપુર ડેમને કેન્દ્રીય યોજનામાં સમાવવામાં આવ્યો છે, ત્યારે ફરીથી વિવાદ થવાના સંકેતો છે. ■

# સ્કૂટર પર ટ્રિપલ-સીટ જનારી યુવતીઓની કોન્સ્ટેબલે મારઝૂડ કરી: બાદમાં માફી માગી

છત્રપતિ સંભાજીનગર: લાતુરમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરી સ્કૂટર પર ટ્રિપલ-સીટ જઇ રહેલી યુવતીઓની મહિલા કોન્સ્ટેબલે મારપીટ કરી હતી. બાદમાં કોન્સ્ટેબલે તેના કૃત્ય બદલ માફી માગી હતી, પણ તેનો ઇરાદો ખોટો ન હોવાનું જણાવ્યું હતું.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સોમવારે એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં મહિલા કોન્સ્ટેબલ પ્રણિતા મુસને સ્કૂટર પર ટ્રિપલ-સીટ જતી વખતે પકડાયેલી યુવતીઓને ગાળો ભાંડતી અને તેમને માર મારતી નજરે પડે છે, જે કાયદાની વિરુદ્ધ છે.

લાતુરના રેનાપુર નાકા ખાતે ઉતારાયેલી વીડિયો ક્લિપમાં ત્રણ યુવતી સ્કૂટર પર પુરપાટ વેગે જતી હોવાનો કોન્સ્ટેબલ આરોપ કરતી નજરે પડે છે. કોન્સ્ટેબલને બાદમાં એક યુવતીને માફી મારી દીધો હતો.

વીડિયો સામે આવ્યા બાદ પ્રણિતા મુસનેએ મંગળવારે કહ્યું હતું કે તે છેલ્લાં અઢી વર્ષથી ટ્રાફિક વિભાગમાં ફરજ બજાવે છે.

'હું મારી દીકરીઓને ટ્યૂશન ક્લાસીસમાં મૂકીને ડ્યૂટી પર જઇ રહી હતી ત્યારે ત્રણ યુવતીને સ્કૂટર પર પુરપાટ વેગે જતી મેં જોઇ હતી,' એમ મુસનેએ કહ્યું હતું.

કોન્સ્ટેબલે દાવો કર્યો હતો કે મેં યુવતીઓને સુરક્ષિત મુસાફરી કરવાનું કહ્યું હતું, ત્યારે તેમણે મને મારા કામ પર ધ્યાન આપવાનું કહ્યું હતું. એક યુવતી તો સ્કૂટર યોગ્ય રીતે બેઠી પણ નહોતી. મેં તેનો પીછો કર્યો હતો અને સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ તેમના માર્ગ વચ્ચે આવતાં તેમણે સ્કૂટર રોક્યું હતું અને મેં તેમને પકડી પાડી હતી.

મેં યુવતીને માફો માર્યો હતો, એમ જણાવી મુસનેએ ઉમેર્યું હતું કે મેં તે સમયે પોલીસ કોન્સ્ટેબલ નહીં, પણ માતાની જેમ વર્તન કર્યું હતું. મેં જે ભાષાનો ઉપયોગ કર્યો હતો તે ખોટું હતું અને ત્રણેય યુવતી અને તેમના વાલીઓની માફી માગું છું, પણ મારો ઇરાદો ખોટો નહોતો. (પીટીઆઇ)■

# બૅન્ગકોકથી લવાયેલો ત્રણ કરોડનો ગાંજો જપ્ત: મહિલા સહિત બેની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બે અલગ અલગ કેસમાં બૅન્ગકોકથી આવેલી મહિલા સહિત બે જણની ધરપકડ કરી કસ્ટમ્સના અધિકારીઓએ અંદાજે ત્રણ કરોડ રૂપિયાથી વધુનો ગાંજો જપ્ત કર્યો હતો.

કસ્ટમ્સનાં સૂત્રોના જણાવ્યા અનુસાર બૅન્ગકોકથી આવેલા પ્રવાસી સલમાન અનવર શેખ પાસે ડ્રગ્સ હોવાની માહિતી અધિકારીને મળી હતી. થાણેમાં રહેતો સલમાન ફ્લાઈટમાં મંગળવારની રાતે મુંબઈ પહોંચ્યો હતો. શંકાને આધારે તેના સામાનની તપાસ કરવામાં આવી હતી. સામાનમાં કપડાં અને ચૉકલેટ્સ વચ્ચે સંતાડેલાં ચાર પૅકેટ મળી આવ્યાં હતાં.

પૅકેટમાંની વસ્તુની ચકાસણી કરતાં તે હાઈડ્રોપોનિક ગાંજો હોવાનું જણાયું હતું. અંદાજે ૨.૭૯ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કરી સલમાનની ધરપકડ કરવામાં આવી હતી.

બીજા કેસમાં બૅન્ગકોકથી આવેલી ચેન્નઈની વતની આફરીન જવાહરને ઍરપોર્ટ પર આંતરવામાં આવી હતી. તેના સામાનની તપાસ કરતાં અંદાજે ૬૭.૬૦ લાખ રૂપિયાનો ગાંજો મળી આવ્યો હતો. બન્ને આરોપી ગાંજો કોને પહોંચાડવાના હતા તેની તપાસ અધિકારીઓ કરી રહ્યા છે. ■

# થાણેના ૭.૧૪ કરોડના ફ્રોડનો સૂત્રધાર ત્રણ વર્ષે છેક ઉત્તરાખંડથી પકડાયો

થાણે: થાણેમાં ૭.૧૪ કરોડ રૂપિયાનો ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડ પ્રકાશમાં આવ્યાના ત્રણ વર્ષ બાદ મુખ્ય આરોપીને ઉત્તરાખંડથી ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી હતી. આરોપીની ઓળખ અજય ઉસરે (૩૮) તરીકે થઇ હોઇ તેની ધરપકડ સાથે આ કેસમાં પકડાયેલા આરોપીઓની સંખ્યા છ પર પહોંચી છે. ઉસરેને થાણે લવાયા બાદ સ્થાનિક અદાલતમાં હાજર કરાયો હતો, જ્યાં તેને ૨૬ જૂન સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

ડેપ્યુટી પોલીસ કમિશનર (આર્થિક ગુના શાખા) પરાગ મણેરેએ જણાવ્યું હતું કે અજય ઉસરેએ પોતાના સાથીદારો સાથે થાણેના કલવા વિસ્તારમાં ફોરેક્સ ટ્રેડિંગ કંપની શરૂ કર્યા બાદ ૯૧ જેટલા રોકાણકારો સાથે ૭.૧૪ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હતી.

આ છેતરપિંડી ૨૦૨૨ની છે, જ્યારે આરોપી ઉસરે અને તેના સાથીદારોએ 'ડિવાઇન પાવર ફોરેક્સ ટ્રેડિંગ' નામની કંપની સ્થાપી હતી. આરોપીઓએ વિવિધ ઇન્વેસ્ટમેન્ટ સ્કીમ્સ શરૂ કરી હતી અને રોકાણકારોને પંદર મહિના માટે દર મહિને પંદર ટકા વળતર આપવાનું વચન આપ્યું હતું. ઊંચા વળતરની લાલચમાં અનેક રોકાણકારોએ કંપનીની વિવિધ સ્કીમ્સમાં નાણાં રોક્યાં હતાં, પણ તેમને વળતર મળવાનું બંધ થતાં અને કંપનીએ તેનું કામકાજ બંધ કરી દેતાં રોકાણકારોએ વાગળે એસ્ટેટ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

દરમિયાન આ પ્રકરણે અનેક ફરિયાદો મળ્યા બાદ વાગળે એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની કલમ ૪૨૦ (છેતરપિંડી), ૪૦૬ અને ૪૦૯, ૩૪ (સમાન હેતુ) તથા ૧૨૦-બી (ગુનાહિત કાવતરું) તેમ જ એમપીઆઇડી (મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ) ઍક્ટ ગુનો દાખલ કરાયો હતો. ડીસીપી મણેરેએ જણાવ્યું હતું કે આ કેસ ૭ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ થાણે પોલીસની સાયબર સેલને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો અને પોલીસ અધિકારીઓની ટીમે મુખ્ય આરોપી ઉસરેની શોધ શરૂ કરી હતી, જે ભારત છોડીને દુબઈ અને નેપાળ જેવા વિદેશી સ્થળોએ પોતાની ઓળખ બદલીને રહેતો હતો. પોલીસ ટીમે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યો હતો અને આખરે ૧૩ જૂને ઉત્તરાખંડના દેહરાદૂન ખાતેથી ઉસરેને ઝડપી પાડવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■

# પ્રેમસંબંધને લઇ શસ્ત્રના ઘા ઝીંકી યુવકની હત્યા: ત્રણ સામે ગુનો

છત્રપતિ સંભાજીનગર: હિંગોલીમાં આવેલા બિયર બારમાં ત્રણ શખસોએ શસ્ત્રના ઘા ઝીંકીને ૨૩ વર્ષના યુવકની હત્યા કરી હતી. એક આરોપીની બહેન અને યુવક વચ્ચે પ્રેમસંબંધ હતો, જેને લઇ તેની હત્યા કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર મંગળવારે રાતે આ ઘટના બની હતી, જેમાં યુવકનો મિત્ર પણ ગંભીર રીતે ઘવાયો હતો.

વિશાલ દેવરે અને તેના મિત્ર ઓમકાર નરવડે પર આરોપીઓએ મંગળવારે રાતે હુમલો કર્યો હતો, જેમાં વિશાલનું મૃત્યુ થયું હતું. આરોપીઓની ઓળખ હૃષીકેશ કદમ, ગોપાલ દેવરે અને શિવાજી દેવરે તરીકે થઇ હતી. એક આરોપીની બહેન અને વિશાલ વચ્ચે પ્રેમસંબંધ હતો, જેને કારણે તેના મનમાં વિશાલ માટે રોષ હતો. (પીટીઆઇ)■

# સીઝફાયર બાદ ઈઝરાયલ-ઈરાનના પરસ્પર ધડાકા-ભડાકા પછીની શાંતિ વચ્ચે સેન્સેક્સમાં સાતસો પોઈન્ટનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સીઝફાયર પછીના ધડાકા ભડાકા બાદ પણ અંતે યુદ્ધને બ્રેક લાગવાના સંકેત રહ્યા હોવાથી શેરબજારમાં બીજા દિવસે પણ તેજી જોવા મળી હતી અને તે સત્રના અંત સુધી ટકી હતી. ઈરાન અને ઇઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ બાદ મધ્ય પૂર્વમાં તણાવ ઓછો થવાના સંકેતો વચ્ચે વૈશ્વિક બજારોમાં તેજી જોવા મળી, જેના કારણે બુધવારે બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીમાં લગભગ એકાદ ટકા જેવો વધારો જોવા મળ્યો હતો.

પાછલા દિવસની તેજીને લંબાવતા, ૩૦ શેરનો સેન્સેક્સ ૭૦૦.૪૦ પોઈન્ટ અથવા ૦.૮૫ ટકા વધીને ૮૨,૭૫૫.૫૧ પોઈન્ટ પર સ્થિર થયો હતો, દિવસ દરમિયાન, તે ૭૬૦.૮ પોઈન્ટ અથવા ૦.૯૨ ટકા વધીને ૮૨,૮૧૫.૯૧ પોઈન્ટ સુધી ઊંચે ગયો હતો. એ જ રીતે, એનએસઇનો નિફ્ટી ૨૦૦.૪૦ પોઈન્ટ અથવા ૦.૮૦ ટકા વધીને ૨૫,૨૪૪.૭૫ પોઈન્ટ પર બંધ થયો હતો.

નોંધવું રહ્યું કે, મંગળવારે ઇઝરાયલ અને ઇરાન વચ્ચે સીઝફાયરની ટ્રમ્પે કરેલી જાહેરાતને પગલે સેન્સેક્સ સવારના સત્રમાં ૧,૧૨૧ પોઇન્ટ જેવો ઊછળ્યો હતો જોકે, ઇરાને યુદ્ધવિરામનો ભંગ કર્યો હોવાના ઇઝરાયલના આરોપ બાદ સેન્સેક્સ તેના ઇન્ટ્રાડે ઉચ્ચતમ સ્તરથી ૧,૧૧૮.૦૪ પોઈન્ટ નીચે પટકાયો હતો. અલબત્ત ઇરાને કોઇ સીઝફાયરનો ભંગ કર્યો ના હોવાની જાહેરાત કર્યા બાદ સેન્સેક્સ ૧૫૮ પોઇન્ટ વધીને બંધ રહ્યો હતો.

મધ્ય પૂર્વમાં ભૂ-રાજકીય તણાવ ઓછો થવાથી અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થવાથી ભારતીય શેરબજારોમાં રિકવરી જોવા મળી છે. જ્યારે એફઆઇઆઇ મૂડી પાછી ખેંચી રહ્યા છે, ત્યારે સકારાત્મક વૈશ્વિક સંકેતો સ્થાનિક બજારની ગતિ જાળવી રાખવામાં મદદ કરી રહ્યા છે. સ્થાનિક સ્તરે, અનુકૂળ ચોમાસાની આગાહી અને ફુગાવામાં ઘટાડો આશાવાદને વધુ મજબૂત બનાવી રહ્યા છે, એમ જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

સેન્સેક્સ પેકમાંથી, ટાઇટન, મહિન્દ્રા અને મહિન્દ્રા, ઇન્ફોસિસ, પાવર ગ્રીડ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ અને ભારતી એરટેલ મુખ્ય વધનારા શેર હતા. બીજી તરફ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, કોટક મહિન્દ્રા બેંક અને એક્સિસ બેંક ટોપ લૂઝર રહ્યા હતા.

પ્રાઇમરી માર્કેટમાં આ સપ્તાહે ૧૨ નવા જાહેર ભરણાં સાથે આઠ કંપનીઓના લિસ્ટિંગ થઇ રહ્યાં છે. એચડીએફસી બેન્કની સબિસ્ડિઅરી એચડીબી ફિન સર્વિસિસે એન્કર ઇન્વેસ્ટર પાસેથી રૂ. ૩૩૬૯ કરોડ એકત્ર કર્યા છે. કલ્પતરુ લિમિટેડે અગ્રણી એન્કર ઈન્વેસ્ટર્સ પાસેથી રૂપિયા ૭૦૮ કરોડનું ભંડોળ એકત્રિત કર્યું છે. જીએનજી ઇલેક્ટ્રોનિક્સ, ગ્લોટીસ, અમાન્તા હેલ્થકેરને આઇપીઓ લાવવા માટે માર્કેટ રેગ્યુલેટરની પરવાનગી મળી ગઇ છે. વૈશ્વિક સ્તરે હાઇ ટેક એલ્યુમિના સેગમેન્ટમાં વિસ્તરણ કરવા માટે હિન્દાલ્કોએ અમેરિકા સ્થિત એલુકેમ કંપનીઝ ઇન્ક.ને ૧૨૫ મિલિયન ડોલરમાં હસ્તગત કરવાની યોજના જાહેર કરી છે.

મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ ઉદ્યોગ માટે કેમેરા, લેન્સ અને પેરિફેરલ ઇક્વિપમેન્ટની ભાડેથી સેવા પૂરી પાડતી મૂવિંગ મીડિયા એન્ટરટેઈનમેન્ટ લિમિટેડ ૨૬ જૂનના રોજ રૂ. ૪૩.૪૦ કરોડની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇઝ બેન્ડ રૂ. ૬૬થી રૂ. ૭૦ પ્રતિ શેર છે. લોટ સાઇઝ ૨,૦૦૦ ઇક્વિટી શેર છે. ભંડોળનો ઉપયોગ એડવાન્સ્ડ કેમેરા સોલ્યુશન્સમાં રોકાણ, ડેટ રિપેમેન્ટ અને સામાન્ય કોર્પોરેટ હેતુ માટે કરવામાં આવશે.

આ વર્ષે ભારતીય શેરબજારમાં કુલ ૨૬૮ આઇપીઓ લિસ્ટેડ થયા છે. જેમાં ૯૦ મેઈનબોર્ડ અને ૧૭૮ એસએમઇનો સમાવેશ થાય છે. મોટાભાગના આઈપીઓએ રોકાણકારોને નફો કરાવ્યા છે. આ આઈપીઓ દ્વારા કંપનીઓએ રોકાણકારો પાસેથી રૂપિયા ૧.૬૭ લાખ કરોડ એકત્ર કર્યા છે. આ આંકડો વૈશ્વિક બજારમાં સૌથી વધુ છે.

મેઇનબોર્ડ સાથે એસએમઇ સેગમેન્ટમાં પણ હલચલ વધી છે. રામા ટેલિકોમ લિમિટેડ રૂ. ૨૫.૧૩ કરોડના બુકબિલ્ડિંગ ઇશ્યૂ સાથે આજે ૨૫ જૂને બજારમાં પ્રવેશી છે. ભરણું ૨૭ જૂનના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૩૦ જૂને અને લિસ્ટિંગ બીજી જુલાઈએ થવાની શક્યતા છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૬૫થી રૂ. ૬૮ પ્રતિ શેર છે. અરજી માટે લઘુતમ લોટ સાઇઝ ૨૦૦૦ છે.

એરિસિનફ્રા સોલ્યુશન્સ લિમિટેડના શેર બુધવારે એનએસઇ પર આઠ ટકાના ડિસ્કાઉન્ટ પર લિસ્ટ થયા હતા. થોડા દિવસો પહેલા ઓસ્વાલ પમ્પ્સ લિમિટેડનો આઈપીઓ ત્રણ ટકાના વધારા સાથે લિસ્ટ થયો હતો. પરંતુ હવે તે આઈપીઓની કિંમતથી આઠ ટકા નીચે છે. આ અગાઉ સ્કોડા ટ્યુબ્સના શેર માત્ર પાંચ ટકાના વધારા સાથે લિસ્ટેડ થયા હતા.

સ્પેશિયાલિટી યાર્ન બનાવતી સીડાર ટેક્સટાઇલ રૂ. ૬૦.૯૦ કરોડનું બુકબિલ્ડિંગ જાહેર ભરણાં સાથે ૩૦ જૂનના રોજ મૂડીબજારમાં પ્રવેશ કરશે અને ભરણું બીજી જુલાઈના રોજ બંધ થશે. શેરની ફાળવણી ત્રીજી જુલાઈએ અને લિસ્ટિંગ સાતમી જુલાઈએ થવાની સંભાવના છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૩૦થી રૂ. ૧૪૦ પ્રતિ શેર છે. અરજી માટે લઘુતમ લોટ સાઇઝ ૧૦૦૦ છે. નાણાં ભંડોળનો ઉપયોગ આધુનિકીકરણ અને વિસ્તરણ યોજના માટે કરવામાં આવશે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઊંચે સ્થિર થયા હતા. મધ્ય સત્રના વેપારમાં યુરોપિયન બજારો મિશ્ર નોંધ પર ટ્રેડ કરી રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો નોંધપાત્ર રીતે ઊંચા બંધ થયા હતા.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૨૧ ટકા વધીને ૬૭.૯૫ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. એક્સચેન્જ ડેટા અનુસાર, મંગળવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૫,૨૬૬.૦૧ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ ૫,૨૦૯.૬૦ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. મંગળવારે, સેન્સેક્સ ૧૫૮.૩૨ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકા વધીને ૮૨,૦૫૫.૧૧ પર સ્થિર થયો. તેવી જ રીતે, નિફ્ટી ૭૨.૪૫ પોઈન્ટ અથવા ૦.૨૯ ટકા વધીને ૨૫,૦૪૪.૩૫ પર બંધ થયો હતો.

### ડૉલર નબળો પડતાં વૈશ્વિક સોનામાં ટકેલું વલણ

# સ્થાનિક સોનામાં ₹ ૧૦૬નો ઘસરકો, ચાંદીમાં ₹ ૭૬૭ તૂટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ વિરામ થવાની સાથે ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ ઘટીને બે સપ્તાહની નીચી સપાટી સુધી પહોંચ્યા હતા. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને અમેરિકી ટ્રેઝરની યિલ્ડમાં પીછેહઠ નોંધાઈ હોવાથી લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદામાં ધીમો સુધારો આવ્યા બાદ ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયા હતા, જ્યારે ચાંદીના ભાવ ૦.૬ ટકાના ઘટાડા સાથે ક્વૉટ થઈ રહ્યા હતા. આમ આજે વૈશ્વિક બજારને અનુસરતા સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૬નો ઘસરકો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૭૬૭ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરા રહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૭૬૭ના ઘટાડા સાથે રૂ. ૧,૦૫,૨૦૦ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકોની નિરસ માગ વચ્ચે વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૬ના ઘટાડા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૬,૭૬૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૭,૧૬૭ના મથાળે રહ્યા હતા.

ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવ બે સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા બાદ આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ એક સપ્તાહની નીચી સપાટી આસપાસ અને અમેરિકી ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ એક મહિનાની નીચી સપાટીએ પહોંચતા લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, પરંતુ ત્યાર બાદ હાજરમાં ભાવ સાંકડી વધઘટે અથડાઈને ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૩૩૨૫.૫૬ના મથાળે ટકેલા રહ્યા હતા અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ૩૩૩૯.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૩૫.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

વધુમાં આજે રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારા અમેરિકાના પહેલા ત્રિમાસિકગાળાના જીડીપીના ડેટા પર તેમ જ શુક્રવારે જાહેર થનારા પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર સ્થિર હોવાને કારણે પણ અમુક અંશે બજારમાં સાવચેતીનું વલણ જોવા મળ્યું હતું.

એકંદરે આજે સત્રના આરંભે સોનાને ડૉલરમાં જોવા મળેલા ટેક્નિકલ વેચાણ અને નબળી ટ્રેઝરી યિલ્ડનો લાભ મળ્યો હોવાથી સુધારો જોવા મળ્યો હોવાનું ઓએએનડીએનાં એનાલિસ્ટ કેલ્વિન વૉન્ગે જણાવતા ઉમેર્યું હતું કે હાલમાં ઈરાન-ઈઝરાયલ વચ્ચે યુદ્ધ વિરામ થતાં સોનામાં સલામતી માટેની માગ ઓસરી છે, પરંતુ જો ડૉલરમાં નરમાઈ આગળ ધપે તો સોનામાં પુનઃ બ્રેક આઉટ જોવા મળી શકે છે.

વધુમાં ગઈકાલે જાહેર થયેલા અમેરિકાના જૂન મહિનાના કન્ઝ્યુમર કોન્ફિડેન્સ ઈન્ડેક્સમાં અનપેક્ષિતપણે ઘટાડો જોવા મળ્યો હતો. વાસ્તવમાં અમેરિકનોમાં રોજગારીની ચિંતા અને ટ્રમ્પની ટૅરિફની અનિશ્ચિતતા સપાટી પર હોવાથી કોન્ફિડેન્સ આંક કથળ્યો છે. તેમ જ ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવેલે પણ કોંગ્રેસ સમક્ષની ટેસ્ટીમનીમાં ઊંચા ટૅરિફને કારણે ફુગાવામાં વધારાની ચિંતા વ્યક્ત કરતાં વ્યાજદરમાં ઘટાડા માટે રાહ જોવી પડશે, એમ જણાવ્યું હતું.

જોકે, હાલના તબક્કે ફેડ ફંડ ફ્યુચરમાં ટ્રેડરો સપ્ટેમ્બર, ૨૦૨૫થી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ઘટાડો કરવાની શરૂઆત કરશે અને વર્ષ ૨૦૨૫ દરમિયાન કુલ ૬૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ધારણા મૂકી રહ્યા છે. વધુમાં મોનેટરી એન્ડ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યુશન ફોરમના એક અધિકૃત અહેવાલ અનુસાર કેન્દ્રવર્તી બૅન્કની ત્રણ મેનેજિંગ પૈકી એક તેની સોનાની અનામતમાં આગામી એકથી બે વર્ષમાં પાંચ ટ્રિલિયન ડૉલરનો વધારો કરવાની યોજના ધરાવે છે.

# ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસા નરમ

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટક્રૂડતેલના વાયદામાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હોવાના નિર્દેશ સાથે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો બેતરફી વધઘટે અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે સાધારણ ત્રણ પૈસાના ઘટાડા સાથે ૮૬.૦૮ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલો સુધારો જોવા મળ્યો હોવાથી રૂપિયામાં મોટો ઘટાડો અટક્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૦૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૧૪ અને ઉપરમાં ૮૫.૭૯ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે સાધારણ ત્રણ પૈસાના ઘટાડા સાથે ૮૬.૦૮ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે ઈઝરાયલ-ઈરાન વચ્ચે યુદ્ધ વિરામના અહેવાલોને ધ્યાનમાં લેતાં જોખમી પરિબળો ઓછા થતાં આજે ડૉલર સામે રૂપિયો એક તબક્કે ૨૬ પૈસા મજબૂત થઈને ૮૫.૭૯ સુધી પહોંચ્યો હતો. તેમ છતાં બજારમાં હજુ યુદ્ધ વિરામ અંગે શંકા સેવાઈ રહી હોવાથી નીચા મથાળેથી ડૉલરમાં તેલ આયાતકારોની લેવાલી નીકળતાં પુનઃ રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડ્વાઈઝર્સનાં ટ્રેઝરી હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનીલ કુમાર ભણસાળીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૫.૭૫થી ૮૬.૫૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

# એકથી ૨૫ જૂન દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસમાં ૬.૮૪ ટકાનો વધારો

મુંબઈઃ શિકાગો ખાતે સોયા તેલના વાયદામાં ગઈકાલે ૧૧૦ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ અને આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૦ રિંગિટનો ઘટાડો આવ્યાના નિર્દેશો હતા. આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા કામકાજ રહેતાં માગ અનુસાર દેશી-આયાતી તેલના ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડ અને સિંગતેલમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા, જ્યારે સન રિફાઈન્ડ અને સરસવમાં રૂ. ૧૦નો સુધારો જોવા મળ્યો હતો. આ સિવાય આરબીડી પામોલિન અને કપાસિયા રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૨૫ જૂન દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા મે મહિનાના સમાનગાળાના ૧૦,૬૧,૫૮૯ ટન સામે ૬.૮૪ ટકા વધીને ૧૧,૩૪,૨૩૦ ટનની સપાટીએ રહી હતી. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૫૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૫ અને સરસવના રૂ. ૧૩૮૦, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૧૫૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૧૫૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૫ અને પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના પાતાળગંગાથી ડિલિવરી શરતે રૂ. ૧૧૯૦ ક્વૉટ થઈ રહ્યા હતા.

# મર્યાદિત કામકાજો વચ્ચે ખાંડમાં ₹ ૧૦નો ઘટાડો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૫૦થી ૩૮૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હોવા છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં મર્યાદિત કામકાજો વચ્ચે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

# કોપર અને નિકલની આગેવાનીમાં ચોક્કસ ધાતુઓમાં નરમાઈ

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સની નરમાઈ સાથે કોપર સહિતની અમુક ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને કોપર અને નિકલ ઉપરાંત ટીન, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૪ સુધીનો ઘટાડો આવ્યો હતો, જ્યારે માત્ર બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. ત્રણનો સુધારો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સ નરમ રહેતાં કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ટનદીઠ ૯૭૨૩.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વિશ્વ બજારથી વિપરીત ખાસ કરીને સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૪ ઘટીને રૂ. ૯૧૬, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૩૧૫, કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૮૫૫ અને રૂ. ૮૪૨ તથા બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૫૫૨ના મથાળે રહ્યા હતા. આજે નિરસ માગે ટીનના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૮૫૦ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૨૫૩ અને રૂ. ૧૮૨ના મથાળે રહ્યા હતા.


**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**પશ્ચિમ રેલવે**

**વિવિધ કામ**

Dy.CME/MX ટેન્ડર નોટીસ નં.: EL ૯૦-MX-૨૦૨૪-૨૫-૧૫-M. તા. ૨૩.૦૬.૨૦૨૫ મંગાવે છે. કામનું નામ સાથે તેનું સ્થળઃ EMU વર્કશોપ મહાલક્ષ્મી ખાતે કોઈલ સ્પ્રીંગ્સની ડિગ્રેસિંગ, ક્લીનિંગ, શોટ બ્લાસ્ટીંગ, લોડ ડિફ્લેક્શન ટેસ્ટિંગ, MPT અને પેઈન્ટિંગ. અંદાજિત કિંમતઃ ₹ ૬,૧૬,૦૪,૯૨૮/-. બારડીઃ ₹ ૪,૫૮,૦૦૦/- સુપ્રતિની તારીખ & સમયઃ ૨૧.૦૭.૨૦૨૫ના ૧૪.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમયઃ ૨૧.૦૭.૨૦૨૫ના ૧૪.૦૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0319

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**મધ્ય રેલવે**

**ઓપન ટેન્ડર નોટિસ**

નં. S. ૧૨૦. T/addl. ઈ-ઓક્શન પ્રોગ્રામ ૨૫-૨૬ તારીખઃ ૨૦.૦૬.૨૦૨૫

પ્રિન્સીપલ ચીફ મટેરિઅલ મેનેજર ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચે મુજબ સ્ક્રેપના વેચાણ માટે જૂન-૨૦૨૫ના મહિના દરમિયાન વધારાના ઈ-ઓક્શન કરશે.

| ઓક્શન સંચાલન કરતા અધિકારીઓ | વધારાના ઓક્શન તારીખ & સમય | સંપર્ક નં. |
|---|---|---|
| Sr. DMM/BB | ૩૦.૦૬.૨૦૨૫ સોમવાર | ૮૮૨૮૧૧૯૭૫૦ |

નોંધઃ જો જરૂરી હોય તો, લાયક લોટ માટે ઓક્શનની મૂળ તારીખ & સમય પછીના કાર્યકારી દિવસે પૂરક ઓક્શન હાથ ધરવામાં આવશે. રેલવે વહીવટીતંત્ર પોતાની વિવેકબુદ્ધિથી કોઈપણ પૂરક ઓક્શન રદ કરવાનો અધિકાર અનામત રાખે છે. નોંધઃ એ) રેલવે ઈ-ઓક્શનમાંથી કોઈપણ લોટ પાછો ખેંચવાનો અધિકાર અનામત રાખે છે. રેલવે કોઈપણ ડેપો/ડિવિઝનના કોઈપણ લોટને કોઈપણ યોગ્ય રીતે પછીની ઓક્શનમાં ઓક્શન કરવાનો અધિકાર પણ અનામત રાખે છે. તેમજ કોઈપણ ડેપો/ ડિવિઝનના ન વેચાયેલા લોટને મધ્ય રેલવેના અન્ય ડેપો/ડિવિઝનને પછી ઓક્શનમાં વેચી શકાય છે. બી) સરકારની નીતિ મુજબ, જ્યાં સ્ક્રેપ મટેરિયલના રિસાયક્લિંગમાં પર્યાવરણ અને પ્રદૂષણના મુદ્દાઓ શામેલ હોય છે, ત્યાં આવા લોટ ફક્ત સેન્ટ્રલ પોલ્યૂશન કન્ટ્રોલ બોર્ડ (CPCB)/સ્ટેટ પોલ્યૂશન કન્ટ્રોલ બોર્ડ (SPCB) દ્વારા ઈશ્યૂ કરાયેલ માન્ય લાયસન્સ ધરાવતા અધિકૃત બિડર્સને જ વેચવામાં આવશે. સી) ઈ-ઓક્શન કેટલોગ વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ડી) ઈ-ઓક્શન, ડિઝિટલ હસ્તાક્ષરો, નોંધણી પ્રક્રિયા અને ભાગીદારી વગેરે અંગે કોઈ સહાયની જરૂર હોય તો, કૃપા કરીને ઉપરોક્ત સંબંધિત ઓક્શન સંચાલક અધિકારીઓને અથવા Dy. CMM/ Sales/HQ, મોબા. નં. ૮૮૨૮૧૧૦૭૬૧, ઈમેલ સરનામુંઃ- dycmm.s.cstm@gmail.com or dycmms@cr.railnet.gov.inનો સંપર્ક કરો.

APEX-193 પ્રિન્સિપલ ચિફ મટેરિઅલ્સ મેનેજર માટે

रेल्वे फाटक को बंध स्थिति में पार करना मना है

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

(ચીફ એન્જિનિયર, બિલ્ડીંગ જાળવણી)

**ટૂંકી ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | ચી. એ. (બિલ્ડીંગ જાળવણી) |
| પેટા-વિભાગ | ડે. ચી. એ. (બિલ્ડીંગ જાળવણી) શહેર |
| ટેન્ડર નં. | ૨૦૨૫_MCGM_૧૧૯૩૦૯૯ |
| વિષય | G/N વોર્ડમાં મ્યુનિસિપલ કોલોની J. K. સાવંત માર્ગ દાદર (પ) ખાતે G+૫ કાસરવાડી બિલ્ડીંગનું મેજર સ્ટ્રકચરલ રિપેર્સ |
| કુલ અંદાજિત કિંમત | રૂ. ૨,૦૧,૦૪,૯૪૨.૦૦/- |
| બારડી | રૂ. ૨,૦૧,૧૦૦.૦૦ URL https://mahatenders.gov.in પર GOMના પેમેન્ટ ગેટવે દ્વારા બારડી |
| ટેન્ડર-વેચાણ | ૨૬-૦૬-૨૦૨૫ સ. ૧૧.૦૦ ક. થી ૧૦.૦૭.૨૦૨૫ સાં. ૦૪.૦૦ ક. સુધી. |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | સબ-એન્જિનિયર (B.M.) શહેર-II |
| નામ | શ્રી. મોહન ભોસલે |
| ટેલિફોન નં. | ૯૮૩૪૧૨૨૩૨૫ |
| ઈમેલ-id | se03civil.bm@mcgm.gov.in |

સહી/-
E.E. (B.M.) શહેર-II

PRO/784/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

એન્જી. હબ બિલ્ડિંગ, ભોંયતળીયે, ડૉ. ઈ. મોસેસ રોડ, વરલીનાકા નજીક વરલી, મુંબઈ-૪૦૦૦૧૮

નં. Dy.Ch.E./૨૫૩૯/ટ્રાફિક ૨૫/૦૬/૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર નીચે જણાવેલ કાર્ય માટે સીલબંધ ટેન્ડર મંગાવે છે.

| અ. ક્ર. | કામનું નામ | અંદા. ખર્ચ રૂા.માં | બિડ ક્ર. | કોન્ટ્રાક્ટ મુદત | બારડી રૂા. માં | સ્ક્રુટીની ફી રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧. | 'A' વોર્ડ, મુંબઈમાં ગ્રાન્ડ હોટેલથી સિંધિયા, બેલાર્ડ એસ્ટેટ સુધીના વાલચંદ હીરાચંદ રોડ (ભાગ-II) ખાતે પે એન્ડ પાર્ક સ્કીમ ચલાવવા માટે | રૂા. ૪૯, ૯૪,૮૮૦/- | ૨૦૨૫_MCGM_૧૧૯૩૩૭૭_૧ | ૨ વર્ષ | રૂા. ૧,૯૯,૮૯૮/- | રૂા. ૭૨૬૦ + ૧૮% GST |
| ૨. | 'N' વોર્ડમાં LBS માર્ગ, વિક્રોલી (પ) ખાતે ગામ વિક્રોલીનો CTS નં. ૫૦, ૫૦/૧ થી ૭ & ૫૦/૩૫થી ૪૦ ધરાવતા પ્લોટ પર પબ્લિક પાર્કિંગ લોટ (PPL)નું ઓપરેશન, જાળવણી અને મેનેજમેન્ટ માટે ઈ-ટેન્ડર મંગાવે છે. | રૂા. ૫, ૯૬,૦૩,૨૮૦/- | ૨૦૨૫_MCGM_૧૧૯૩૪૦૫_૧ | ૫ વર્ષ | રૂા. ૧૧,૯૨,૦૬૬/- | રૂા. ૧૮,૧૫૦+ ૧૮% GST |

ઉપરોક્ત બીડ માટે, બીડ શરૂઆત તારીખઃ ૨૬-૦૬-૨૦૨૫
વધુ વિગતો માટે મહાટેન્ડર પોર્ટલ (http://mahatenders.gov.in.) પર લોગ ઓન કરો.

સહી/-
ડે. ચી. એ. (ટ્રાફિક)

PRO/785/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

**પબ્લિક નોટિસ**

આથી ખબર આપવામાં આવે છે કે A-૧/૨૦૨, શાંતિ નં. ૧, અતુલ ટાવરની સામે, મથુરાદાસ એક્સટેન્શન રોડ, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ-૬૭ ખાતે રહેતા કેતન મનહરલાલ શાહ, તમામ બોજા, ગીરો, લીટિગેશનથી મુક્તપણે (ભાડૂતો અને/અથવા અનધિકૃત ભોગવટેદારો સાથે પેન્ડિંગ લિટિગેશન સિવાય) અને માર્કેટેબલ ટાઈટલ સાથે અમારા અસિલોને તારીખ ૧૬મી જૂન, ૨૦૨૫ના વેચાણ માટેના કરાર દ્વારા અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વર્ણવેલ નીચે દર્શાવેલ મિલકત વેચવા અને/અથવા ટ્રાન્સફર કરવા સંમત થયા છે.

કોઈપણ શખ્સ કે શખ્સો જે સદર મિલકત કે તેના કોઈપણ ભાગની બાબતમાં ટેનાન્સી, સબ-ટેનાન્સી, ઓક્યુપેન્સી, લાયસન્સ, લીઝ, સબ-લીઝ, વેચાણ, અદલાબદલી, ગીરો, ઈક્વિટેબલ ગીરો, ભેટ, ટ્રસ્ટ, વારસો, બિકવેસ્ટ, કબજો, લીઅન, ચાર્જ, જાળવણી, ઈઝમેન્ટ, એસાઈનમેન્ટ કે બોજા, કુટુંબ વ્યવસ્થા/ પતાવટ, હિન્દુ અવિભાજિત કુટુંબ, કાયદાની કોઈપણ કોર્ટના ડીક્રી કે ઓર્ડર, કોન્ટ્રાક્ટસ/કરારો, વેચાણ માટે કરાર, ટર્મ શીટ, સમજૂતીના કરાર, વચગાળાનો એવોર્ડ, એવોર્ડ, વિકાસ હક્કો, સંયુક્ત સાહસ, પાર્ટનરશીપ, મર્યાદિત જવાબદારી ભાગીદારી પેઢી, કંપની, બેન્કો, નાણાકીય સંસ્થાઓ, નોન-બેંકિંગ નાણાકીય સંસ્થાઓ, વ્યક્તિઓનું સંગઠન અથવા વ્યક્તિઓની એક સંસ્થા ભલે તે સ્થપાયેલ હોય કે ન હોય તેના દ્વારા કોઈપણ હિસ્સો, હક્ક, ટાઈટલ, હિત, દાવો કે માંગણીઓનો દાવો કરતા હોય, લેન્ડર્સ અને/કે લેણદારો જે સદર મિલકતો કે તેના કોઈપણ ભાગની બાબતમાં કોઈપણ બેનીફિટસ, ટાઈટલ્સ, દાવા, વાંધા, માગણી કે હક્કો ધરાવતા હોય તેમ જ કોઈપણ શખ્સ કે શખ્સો જે અસલ ટાઈટલ ડીડસનો કબજો ધરાવતા હોય તો આથી સદરની જાણ લેખિતમાં તેના દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને તેણીની ઓફિસ નં. ૨૦૫ (૨૨A), ૨જો માળ, સર યુસુફ બિલ્ડિંગ, કોન્ડોમિનિયમ, વીર નરીમન રોડ, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે આ તારીખથી ૧૪ **દિવસમાં** કરે, નહીંતર, અમારા અસિલો નીચે દર્શાવેલ મિલકતની બાબતમાં વેચાણ ડીડ અને/અથવા કન્વેયન્સ પર સહી કરશે અને નોંધણી કરાવશે અને વેચાણ અને/અથવા ટ્રાન્સફર આવા દાવા અથવા હિતના કોઈપણ સંદર્ભ વિના પાકા કરવામાં આવશે અને જો કોઈ હોય તો, તમામ ઉદ્દેશ્યો અને હેતુઓ માટે ત્યજી દીધેલ તરીકે ગણાશે.

**સદર મિલકતનું પરિશિષ્ટ**

તમામ બોજા, લિટિગેશનથી મુક્તપણે (ભાડૂતો અને/અથવા અનધિકૃત ભોગવટેદારો સાથે પેન્ડિંગ લિટિગેશન્સ સિવાય) શોપ નં. ૩ ભોંયતળીયે ભરતમાં ૧૮૦ ચો. ફૂટ કાર્પેટ એરિયા અને ઓનરશીપ ફ્લેટ નં. ૨, ૧લો માળે ભરતમાં ૫૧૩ ચો.ફૂટ કાર્પેટ એરિયાના ઓનરશીપ હક્કો સાથે ઈશકૃપા તરીકે જાણીતી અને તેના પર ઊભેલ બિલ્ડિંગ અને સ્ટ્રકચર્સ સાથે મુંબઈ પરાં જિલ્લાના સંબંધિત સીટી સર્વે નં. ૯૭૬થી ૯૭૬/૧થી ૭નો વિલેપાર્લે ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૧નો ફાઈનલ પ્લોટ નં. ૪૦ જે ટાઉન પ્લાનિંગ સ્કીમ વિલેપાર્લે ઈસ્ટ નં. ૧ (૩જો વેરીએશન)નો ફાઈનલ પ્લોટ નં. ૭૦ તરીકે પુનઃ નંબર અપાયેલ હતો તેની મુજબ.

ભરતમાં ૬૨૭.૧૦ ચો.મી. ધરાવતા M.G. રોડ અને ચિતરંજન રોડ, વિલેપાર્લે (પૂ), મુંબઈ પરાં જિલ્લા ખાતે આવેલ પડેલ અને રહેલ ખાલી જમીન અથવા મેદાનનો તે તમામ ટુકડો અને ક્કડો, જે ઓનગોઈંગ સૂટ અને હુકમનામામાં ઈન્સીડેન્ટલ હક્ક, ટાઈટલ અને હિત સાથે છે. તેમ જ એસાઈન કરાયેલ સૂટની તારીખથી મેસ્ને પ્રોફિટ રીકવર કરવા અને દાવા કરવાના અધિકાર સાથે છે તેમ જ ભાડૂતોના ભાડૂઆતી અધિકારોને આધીન છે અને તેમની સંબંધિત પ્રીમાઈસિસ અનધિકૃત ભોગવટેદારોને આધિન છે અને જે નીચે પ્રમાણે ઘેરાયેલ છેઃ

પશ્ચિમે કે તે તરફઃ- M.G. રોડથી
પૂર્વે કે તે તરફઃ- પ્લોટ નં. ૩૨થી
ઉત્તરે કે તે તરફઃ- ચીતરંજન રોડથી
દક્ષિણે કે તે તરફઃ- મ્યુનિસિપલ સ્કૂલથી

આજ તારીખ ૨૬મી જૂન, ૨૦૨૫

વિમલા એન્ડ કંપની,
સહી/-
પ્રોપરાઈટર
એડવોકેટ્સ એન્ડ સોલિસિટર્સ


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# જળાશયોની ક્ષમતા ઘટી એટલે વહેલાં છલકાય છે?

## બીએમસીને એવું જ લાગે છેઃ પવઈ, તુલસી અને વિહારમાં ગાળ કાઢવાનો ઍક્શન પ્લાન ત્રણ મહિનામાં બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં આવેલા પવઈ, તુલસી અને વિહાર તળાવમાંથી ગાળ કાઢવા સંદર્ભમાં મુંબઈ મહાનગરપાલિકાને આવતા ત્રણ મહિનામાં એક્શન પ્લાન તૈયાર કરવાનો નિર્દેશ રાજ્ય સરકારે આપ્યો છે. આ ત્રણેય તળાવમાથી પવઈને છોડીને તુલસી અને વિહાર બંનેનાં પાણીનો ઉપયોગ પીવા માટે કરવામાં આવે છે.

સામાન્ય રીતે જુલાઈની આસપાસ છલકાઈ જતું પવઈ તળાવ આ વર્ષે જૂન મહિનામાં જ છલકાઈ ગયું હતું. હાલ પવઈ તળાવમાં મોટા પ્રમાણમાં દરિયાઈ વનસ્પતિને ઊગી નીકળી છે, જેને હટાવવાનું કામ પાલિકાએ હાથ ધર્યું છે. સૂત્રોના કહેવા મુજબ પવઈ સહિત તુલસી અને વિહાર તળાવમાં મોટા પ્રમાણમાં રહેલા કાદવને કારણે તેની પાણી સમાવવાની ક્ષમતા ઘટી ગઈ હોવાની શકયતા છે.

બુધવારે મંત્રાલયમાં પાલિકાના ઉચ્ચ અધિકારીઓ, બોરીવલીના સંજય ગાંધી નેશનલ પાર્કના વનસંરક્ષક અધિકારી સહિત પર્યાવરણ વિભાગના અધિકારીઓની એક બેઠક યોજાઈ હતી, જેમાં પવઈ, વિહાર અને તુલસી તળાવના ગાળ કાઢવા સંદર્ભમાં આગામી ત્રણ મહિનામાં એક્શન પ્લાન તૈયાર કરવાનો નિર્દેશ સરકારે આપ્યો હોવાનું કહેવાય છે. પવઈ અને તુલસી તળાવમાંથી ગાળ કાઢ્યા બાદ તેમાં પાણી સમાવવાની ક્ષમતા સંદર્ભનો અભ્યાસ કરીને તેનો અહેવાલ પણ તૈયાર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

દર વર્ષે જુલાઈમાં પવઈ તળાવ ભરાઈને છલકાઈ જતું હોય છે પણ આ વર્ષે જૂન મહિનામાં જ પવઈ તળાવ છલકાઈ ગયું હતું. એનો મતલબ તળાવમાં રહેલા ગાળને

(જુઓ પાનું ૪) ▸▸

# પહેલા ધોરણથી નહીં, પાંચમાથી હિન્દી શીખવવી જોઈએઃ અજિત પવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે રાજ્યની શાળાઓમાં ધોરણ પહેલાથી હિન્દીને ત્રીજી ભાષા તરીકે શીખવવાના પગલાનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે તેને ધોરણ પાંચમાથી શીખવવી જોઈએ.

મંગળવારે મોડી રાતે મુંબઈમાં પત્રકારો સાથે વાત કરતા પવારે એમ પણ કહ્યું હતું કે વિદ્યાર્થીઓએ ધોરણ પહેલાથી મરાઠી શીખવી જ જોઈએ જેથી તેઓ તેને સારી રીતે વાંચી અને લખી શકે.

રાજ્ય સરકારે ગયા અઠવાડિયે એક સુધારેલો આદેશ જારી કર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે 'સામાન્ય રીતે' ધોરણ પહેલાથી પાંચમા સુધીની મરાઠી અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં વિદ્યાર્થીઓને હિન્દી ત્રીજી ભાષા તરીકે શીખવવામાં આવશે, જેના કારણે વિવાદ થયો હતો.

સરકારે કહ્યું હતું કે હિન્દી ફરજિયાત નહીં હોય, પરંતુ હિન્દી સિવાયની કોઈપણ

(જુઓ પાનું ૪) ▸▸

# ભાજપના નેતાએ મહિલા પોલીસનો વિનયભંગ કર્યો

પુણેઃ પુણેમાં ચાના સ્ટૉલ નજીક મહિલા પોલીસ અધિકારી સાથે બેહૂદું વર્તન કરવા બદલ ભાજપના નેતા વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. સીસીટીવી કૅમેરામાં કેદ થયેલી આ ઘટનાને કારણે હોબાળો મચતાં આરોપી નેતાએ પક્ષમાંથી રાજીનામું આપવું પડ્યું હતું.

મહિલા અધિકારીની ફરિયાદને આધારે ફરાસખાના પોલીસે આરોપી પ્રમોદ કોંઢરે વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પુણેના

(જુઓ પાનું ૪) ▸▸

# સગીરાએ નહાતી વખતે વાત કરી વીડિયો કૉલ પરઃ યુવકે એ વીડિયો કર્યો વાયરલ

થાણેઃ વીડિયો કૉલ ચાલુ રાખીને બાથરૂમમાં નાહવાનું નવી મુંબઈની સગીરાને ખાસ્સું ભારે પડ્યું હતું. રેકોર્ડિંગ કરી લીધા પછી યુવકે સગીરા પાસે શારીરિક સંબંધની માગણી કરી હતી. સગીરાએ ઇનકાર કરતાં યુવકે એ વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ કરી દીધો હતો.

સગીરાની ફરિયાદ બાદ રબાળે એમઆઈડીસી પોલીસે આરોપી મોહમ્મદ કૈફ અકરમ શાહ (૧૯) વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આરોપીએ ઈન્સ્ટાગ્રામ વીડિયો કૉલ દ્વારા સગીરાનો સંપર્ક સાધ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ વીડિયો કૉલ ચાલુ હતો ત્યારે જ સગીરા નાહવા ગઈ હતી. આ તકનો લાભ ઉઠાવી આરોપીએ સગીરાનો

(જુઓ પાનું ૪) ▸▸





PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"






સમગ્ર શિક્ષા Samagra Shiksha

કન્યા કેળવણી મહોત્સવ ૨૬-૨૭-૨૮ જૂન, ૨૦૨૫ શાળા પ્રવેશોત્સવ

ઉત્સવ...બાળકના સર્વાંગી વિકાસનો

- કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવમાં સક્રિય જનભાગીદારી
- શાળાના સર્વાંગી વિકાસમાં SMC/SMDCની સક્રિય સહભાગિતા
- શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા શાળા વિકાસ યોજના (SDP)નું નિર્માણ
- માધ્યમિક શિક્ષણને પ્રોત્સાહન આપવાનો અભિગમ
- બાળકોનો સાર્વત્રિક શાળા પ્રવેશ સુનિશ્ચિત કરવાનો અભિગમ
- મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત ૨૪,૬૦૦થી વધુ શાળાઓમાં ૧,૦૮,૫૦૦થી વધુ સ્માર્ટ ક્લાસનો વિકાસ
- મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત ૨૦,૬૦૦થી વધુ શાળાઓમાં ૨૧,૫૦૦થી વધુ કમ્પ્યુટર લેબ્સનો વિકાસ

આવો બનાવીએ...
શાળા પ્રવેશોત્સવને સમાજોત્સવ

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર